વર્ષઃ 03 અંકઃ 04
16-31 ઓગસ્ટ, 2022
નિઃશુલ્ક

# ન્યૂ ઇન્ડિયા સમાચાર

સબકા પ્રયાસ - સબકા કર્તવ્ય

## નવા ભારતનાં નેતૃત્વનું 'પ્રતીક'



રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુની પસંદગી માત્ર મહિલા સશક્તિકરણ જ નહીં, નારીના નેતૃત્વમાં ભારતની વિકાસ યાત્રા અને 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'નું પ્રતીક અને નવા ભારતના સંકલ્પનું ઉમદા દ્રષ્ટાંત પણ છે.



# "આપણા યુવાનો દેશને દરેક ક્ષેત્રમાં ગૌરવ અપાવી રહ્યા છે."

**ભારતની આઝાદીના 75 વર્ષ પૂરા થાય તે અગાઉ લોકપ્રિય 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતમાં મેળાના સાંસ્કૃતિક મહત્વનો ઉલ્લેખ કરીને દેશના જાણીતા મેળાની વાત કરી હતી. તો રમકડાં ક્ષેત્રમાં આત્મનિર્ભરતા, તાજેતરમાં રમતમગમત ક્ષેત્રે ભારતના ખેલાડીઓની સફળતા, આયુષમાં નવા સ્ટાર્ટઅપ્સ તથા અમૃત મહોત્સવના જન આંદોલન જેવા વિષયો પર વાતચીત કરી હતી. પ્રસ્તુત છે 'મન કી બાતના' અંશઃ**

- **આત્મનિર્ભર રમકડાં ક્ષેત્રઃ** આજે આપણા રમકડાં ઉદ્યોગે જે સફળતા હાંસલ કરી છે, તેની કોઇએ કલ્પના પણ નહીં કરી હોય. પહેલાં રૂ. 3,000 કરોડનાં રમકડાં વિદેશથી આવતા હતા, જયારે આજે ભારતે વિદેશોમાં 2600 કરોડ રૂપિયાનાં રમકડાંની નિકાસ કરી છે. આવો, આપણે સૌ મળીને ભારતીય રમકડાંને વિશ્વભરમાં વધુ લોકપ્રિય બનાવીએ.
- **શૂમી ટોય્ઝ નામનું સ્ટાર્ટઅપઃ** બેંગલુરુમાં શૂમી ટોય્ઝ નામનું સ્ટાર્ટઅપ પર્યાવરણ અનુકુળ રમકડાં પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે. ગુજરાતમાં આર્કિડ્ઝ કંપની એઆર આધારિત ફ્લેશ કાર્ડ અને એઆર આધારિત સ્ટોરી બુક બનાવી રહી છે. પૂણે સ્થિત કંપની ફનવેન્શન લર્નિંગ રમકડાં અને ઉખાણા દ્વારા બાળકોમાં વિજ્ઞાન, ટેકનોલોજી અને ગણિત પ્રત્યે રસ જગાવવાનું કામ કરે છે.
- **રમતગમતમાં ભારતીય ગૌરવઃ** આજે આપણા યુવાનો દેશનાં દરેક ક્ષેત્રમાં ગૌરવ અપાવી રહ્યા છે. પીવી સિંધુએ સિંગાપુર ઓપનનો પ્રથમ ખિતાબ જીત્યો. નીરજ ચોપડાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપ્સમાં દેશને સિલ્વર મેડલ અપાવ્યો. આયર્લેન્ડ પેરા બેડમિન્ટન ઈન્ટરનેશનલમાં આપણા ખેલાડીઓએ 11 ચંદ્રક મેળવ્યા. એથ્લીટ સુરજે 32 વર્ષના લાંબા સમયગાળા બાદ કુશ્તીનો સુવર્ણચંદ્રક જીતીને ગ્રીકો-રોમન સ્પર્ધામાં બધાંને ચોંકાવી દીધા.
- **ભારતીય મેળાનું મહત્વઃ** ભારતમાં મેળાનું સાંસ્કૃતિક મહત્વ છે. તમે હિમાચલ ફરવા જઇ રહ્યા હોવ તો ચંબાનો મિંજર મેળો ચોક્કસ જોજો. તેલંગાણામાં સરલમ્મા જાત્રા મેળો બે આદિવાસી મહિલાઓ-સમક્કા અને સરલમ્માની યાદમાં મનાવવામાં આવે છે. આ મેળાને તેલંગાણાનો મહાકુંભ કહેવામાં આવે છે. આંધ્રપ્રદેશમાં મરિદમ્મા મેળો, રાજસ્થાનમાં સિયાવાનો મેળો, છત્તીસગઢના નારાયણપુરનો માવલી મેળો, ગુજરાતમાં તરણેતર અને માધવપુર જેવા અનેક મેળા જાણીતા છે.
- **આયુષ પર આશાઃ** આયુષ ચીજોની નિકાસમાં વિક્રમ વધારો નોંધાયો છે અને આ ક્ષેત્રમાં અનેક નવા સ્ટાર્ટઅપ આવી રહ્યા છે. તાજેતરમાં જ વૈશ્વિક આયુષ રોકાણ અને ઇનોવેશન શિખર સંમેલન યોજવામાં આવ્યું હતું જ્યાં લગભગ 10,000 કરોડ રૂપિયાનાં રોકાણની દરખાસ્તો મળી હતી. મહામારી દરમિયાન ઔષધીય છોડ પર રિસર્ચમાં પણ વધારો થયો હતો.
- **અમૃત મહોત્સવ બન્યું જનઆંદોલનઃ** દેશ માટે સર્વસ્વ ત્યાગ કરનાર શહીદ ઉધમસિંહ અને અન્ય સ્વતંત્રતા સેનાનીઓને શ્રધ્ધાંજલિ. મેઘાલયમાં લોકોએ એક લોકપ્રિય કાર્નિવલ દ્વારા સ્વતંત્રતા સંગ્રામમાં યુ તિરોતસિંહના યોગદાનને યાદ કર્યું. કર્ણાટકમાં અમૃતા ભારતી કન્નડાર્થી નામના અનોખા અભિયાન દ્વારા આ વિસ્તારના સ્વતંત્રતા સેનાનીઓને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.
- **આઝાદીની રેલગાડીઃ** દેશનાં 24 રાજ્યોમાં એવા 75 રેલવે સ્ટેશનોને ઓળખી કાઢવામાં આવ્યા, જ્યાં સ્વતંત્રતા સંગ્રામમાં તેમની ભૂમિકા અંગે જાગૃતિ વધારવા માટે નવી પહેલ-'આઝાદીની રેલગાડી અને રેલવે સ્ટેશન' શરૂ કરવામાં આવી છે.
- **કર્તવ્ય કાળઃ** આઝાદીના અમૃત મહોત્સવમાં થઈ રહેલાં આ તમામ આયોજનોનો સૌથી મોટો સંદેશો એ છે કે આપણે બધાં દેશવાસી પોતાનાં કર્તવ્યનું સંપૂર્ણ નિષ્ઠાથી પાલન કરીએ. તેથી જ આગામી 25 વર્ષનો આ અમૃતકળ દરેક દેશવાસી માટે કર્તવ્ય કાળ જેવો જ છે.

મન કી બાત સંપૂર્ણ સાંભળવા માટે QR કોડ સ્કેન કરો

## ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

**વર્ષઃ 03 અંકઃ04 | 16-31 ઓગસ્ટ, 2022**

**મુખ્ય સંપાદક**
**સત્યેન્દ્ર પ્રકાશ,**
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો, નવી દિલ્હી

વરિષ્ઠ સલાહકાર સંપાદક
**સંતોષકુમાર**

વરિષ્ઠ સહાયક સલાહકાર સંપાદક
**વિભોર શર્મા**

સહાયક સલાહકાર સંપાદક
**અખિલેશ કુમાર**
**ચંદન કુમાર ચૌધરી**

ભાષા સંપાદન
**સુમીત કુમાર (અંગ્રેજી),**
**જયપ્રકાશ ગુપ્તા (અંગ્રેજી),**
**અનિલ પટેલ (ગુજરાતી),**
**નદીમ અહેમદ (ઉર્દૂ),**
**પોલમી રક્ષિત (બંગાળી),**
**હરિહર પંડા (ઉડિયા)**

સીનિયર ડિઝાઈનર
**શ્યામ શંકર તિવારી**
**રવિન્દ્રકુમાર શર્મા**
ડિઝાઈનર
**દિવ્યા તલવાર, અભય ગુપ્તા**




**13 ભાષામાં ઉપલબ્ધ ન્યૂ ઈન્ડિયા સમાચાર વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/news.aspx
**ન્યૂ ઈન્ડિયા સમાચારના જૂના અંક વાંચવા માટે ક્લિક કરો**
https://newindiasamachar.pib.gov.in/archive.aspx

**ન્યૂ ઈન્ડિયા સમાચાર અંગે સતત અપડેટ મેળવવા ફોલો કરોઃ-** @NISPIBIndia

## અંદરના પાને...
# જનતાનાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ




**કવર સ્ટોરી** | આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં આદિવાસી સમુદાયનાં પ્રથમ રાષ્ટ્રપતિપદે દ્રૌપદી મુર્મુનો વિજય સર્વ સમાજની પ્રગતિનાં લક્ષ્ય સાથે ચાલી રહેલા નવા ભારતનું દ્રષ્ટાંત છે. | 20-36

**વિશ્વ ફોટોગ્રાફી દિવસ**
**વિશ્વ માનવતા દિવસ**



**મહામારી અને લોકડાઉન દરમિયાન સરકારનાં માનવ કલ્યાણ કાર્યોની તસવીરી ઝલક**
16-19

**જેમણે રાષ્ટ્ર માટે સર્વસ્વ કુરબાન કર્યું**



**આઝાદીના અમૃત મહોત્સવમાં રાષ્ટ્ર માટે સર્વસ્વ ન્યોછાવર કરનાર નાયકોની કહાની**
48-51

**સમાચાર સાર** | 6-7

**સુશાસનના 'અટલ રત્ન'**
ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીની પૂણ્યતિથી પર વિશેષ | 8-9

**ભારતીય સેનાઓમાં આત્મનિર્ભરતાનું લક્ષ્ય**
ભારત હવે સંરક્ષણ ક્ષેત્રમાં ગ્રાહક નહીં પણ નિકાસકાર બન્યું | 10-11

**ઉજ્જવળ ભારત, ઉજ્જવળ ભવિષ્ય**
21મી સદી માટે તૈયાર થઈ રહેલી વીજ સિસ્ટમ | 12-13

**શિક્ષણ ક્ષેત્રે પુનઃ મહાશક્તિ બની રહેલું ભારત**
રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં બે વર્ષ | 14-15

**જેમણે 'ઝાંસીવાલી રાની' કવિતા લખી હતી**
કલમને તલવાર બનાવનાર કવયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણ | 37

**ફિટ થયું રમતગમતનું તંત્ર**
ફિટ ઈન્ડિયાના ત્રણ વર્ષ, આં.રા. સ્પર્ધામાં ચમકતું ભારત | 38-42

**ભારતના યુવાનો વિશ્વનું વિકાસ એન્જિન**
અન્ના યુનિવર્સિટીનો 42મો દીક્ષાંત સમારોહ | 43

**સહકારથી સમૃદ્ધિ**
વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ | 44-45

**બીએસએનએલને રૂ. 1.64 લાખ કરોડની ભેટ**
કેબિનેટની બેઠકમાં વિવિધ નિર્ણયો | 46-47

**સુગમતાથી ન્યાય તરફ વધતું ભારત**
ઈઝ ઓફ જસ્ટિસ હવે સરકારની પ્રાથમિકતા | 52



**પ્રકાશક અને મુદ્રકઃ** મનીષ દેસાઇ, મહાનિદેશક, સીબીસી (સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન વતી) | **મુદ્રણઃ** અરાવલિ પ્રિન્ટર્સ એન્ડ પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, W-30 ઓખલા ઇન્ડસ્ટ્રીયલ એરિયા, ફેઝ-ટુ, નવી દિલ્હી-110020 | **સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલઃ** રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003| **ઇમેલઃ** response-nis@pib.gov.in **RNI No.** : DELGUJ/2020/78810

# સંપાદકની કલમે...

સાદર નમસ્કાર!

આઝાદીના અમૃત મહોત્સવ વર્ષના આ પાવન પ્રસંગે 'ન્યૂ ઇન્ડિયા સમાચાર' પણ આપના સ્નેહ અને સૂચનો સાથે આગળ વધતા ત્રીજા વર્ષમાં પ્રવેશી ચૂક્યું છે. 16-31 ઓગસ્ટ, 2020નાં અંક સાથે અમે વાચકો સમક્ષ આવ્યા હતા. ત્યારે એ કલ્પના પણ ન હતી કે આ નાનકડો પ્રયત્ન, નવા ભારતનો સંકલ્પ બની જશે અને આપ તેનાં સારથી. આ અંક માત્ર એક મેગેઝીન નહીં પણ રાષ્ટ્રના સામાજિક પરિવર્તનું પણ ઉદાહરણ બની રહ્યું છે. સામાજિક ક્રાંતિ અને નવા ભારતના સંકલ્પોનું એનાથી મોટું દ્રષ્ટાંત બીજું ન હોઈ શકે કે દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર આરૂઢ થવાની તક આદિવાસી સમુદાયનાં મહિલાને પ્રથમ વાર મળી.

રાષ્ટ્રપતિનાં પદ પર બિરાજેલાં દ્રૌપદી મુર્મુના જીવનનું દરેક પાસું એવી કહાની જેવું છે જે આવનારી પેઢીઓને હંમેશા પ્રેરિત અને પ્રભાવિત કરતું રહેશે. વોર્ડના કોર્પોરેટરથી માંડીને ભારતના રાષ્ટ્રપતિ બનવા સુધીનું તેમનું જીવન એ દર્શાવે છે કે દ્રૌપદી મુર્મુ બનવું સરળ નથી હોતું. પણ લોકશાહીની જનની ભારતની એ મહાનતા અને લોકશાહીની તાકાત છે કે જેમાં ગરીબ ઘરમાં જન્મેલી દીકરી, અંતરિયાળ આદિવાસી વિસ્તારમાં જન્મેલી દીકરી, ભારતનાં સર્વોચ્ચ બંધારણીય પદ સુધી પહોંચી શકે છે.

આદિવાસી સમુદાયની સાથે સાથે તમામ સમાજ માટે સર્વસમાવેશી અભિગમ સાથે વિકાસની યાત્રા નવા ભારતનો નવો વારસો કરી રહી છે. મહિલા સશક્તિકરણ જ નહીં, પણ મહિલાના નેતૃત્વમાં વિકાસનાં અભિગમને ચરિતાર્થ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં દેશનાં નવાં રાષ્ટ્રપતિને ચૂંટવાનો વારો આવ્યો ત્યારે દ્રૌપદી મુર્મુ તેનું પ્રતિક બન્યાં.

વાત મહિલા સશક્તિકરણની હોય કે સામાજિક ન્યાયની, વડાપ્રધાન મોદી માટે તેનો અર્થ છે- સમાજનાં તમામ વર્ગને સમાન તકો મળે, જીવનની મુખ્ય જરૂરિયાતોથી કોઇ વંચિત ન રહે. દલિત, પછાત, આદિવાસી, મહિલાઓ, દિવ્યાંગ જ્યારે આગળ આવશે, ત્યારે જ દેશ આગળ આવશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ કઈ રીતે વડાપ્રધાન મોદીનાં સંકલ્પોનું દ્રષ્ટાંત બન્યાં અને કઇ રીતે તમામ સમાજનાં વિકાસનાં અભિગમને અપનાવવામાં આવ્યો છે તે આ અંકની કવર સ્ટોરીમાં વર્ણવવામાં આવ્યું છે.

આ ઉપરાંત, વિશ્વ માનવતા કલ્યાણ દિવસના સંદર્ભમાં માનવતાને સમર્પિત ભારતની યાત્રા, ભારત રત્ન અટલબિહારી વાજપેયી અને પ્રણવ મુખર્જી પર વિશેષ, રમત જગતમાં ફિટ ઇન્ડિયા અને કોમનવેલ્થ ગેમ્સમાં ભારતની તૈયારી અંગેના અહેવાલો પણ આ અંકમાં સામેલ કરવામાં આવ્યા છે. અમૃત મહોત્સવની આ શ્રૃંખલામાં મહાનાયકોની પ્રેરક ગાથા, વ્યક્તિત્વ શ્રૃંખલામાં કવયિત્રી સુભદ્રાકુમારી ચૌહાણ અંગેનાં લેખ છે.

આપના સૂચનો અમને મોકલતાં રહેશો.

**હિંદી, અંગ્રેજી અને અન્ય 11 ભાષાઓમાં ઉપલબ્ધ મેગેઝીન વાંચો/ડાઉનલોડ કરો.**

**https://newindiasamachar.pib.gov.in/news.aspx**

सत्यप्रकाश

**સત્યેન્દ્ર પ્રકાશ**




# પ્રતિભાવ..

## ઉપયોગી માહિતીથી ભરપૂર મેગેઝીન

મારું નામ જયદેવકુમાર રાવત છે. હું મહેસાણામાં રહું છું. હું નિયમિત રીતે ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન વાંચું છું અને મને ખૂબ ખુશી છે કે તેમાં દેશના સ્વતંત્રતા સેનાનીની પ્રેરક કહાની અને સરકારી યોજનાઓ અંગે ઘણી ઉપયોગી માહિતી આપવામાં આવે છે. હું મારા વિસ્તારનાં લોકોને જાગૃત કરું છું. ન્યૂ ઇન્ડિયા સમાચારમાં પ્રકાશિત થતી સરકારી યોજનાઓથી મને બહુ મદદ મળે છે.

**-જયદેવકુમાર રાવત jaydevgravat@gmail.com**

## માહિતીથી ભરપૂર મેગેઝીન

ન્યૂ ઇન્ડિયા સમાચારનો નવો અંક મળ્યો. આ મેગેઝીન વાંચીને ખૂબ ખુશી થઈ. તેમાં ખરેખર બહુ ઉપયોગી માહિતી મળે છે. માહિતીથી ભરપૂર આ મેગેઝીન તૈયાર કરવા માટે સમગ્ર સંપાદકીય ટીમનો ખૂબ ખૂબ આભાર.

**રાજેશકુમાર ચૌરાગડે**
**hamidia.apexbank@gmail.com**

## માહિતીનું મજબૂત માધ્યમ

ન્યૂ ઇન્ડિયા સમાચાર અંગે પોતાના વિચાર રજૂ કરતા મને ખૂબ ખુશી થઈ રહી છે. આ મેગેઝીનમાં વિકાસ સાથે સંકળાયેલા લેખ વાંચવા મળે છે. સાથે સાથે, તે ભવિષ્યને સારું બનાવનાર દેશનાં કાર્યક્રમ અને યોજનાઓ અંગે જાણવાનું માધ્યમ પણ છે. ન્યૂ ઇન્ડિયા સમાચાર ભારતનાં વિકાસ પથને જાણવાનું ઉત્તમ માધ્યમ બની ગયું છે. આ મેગેઝીન દ્વારા શિક્ષક અને વિદ્યાર્થી બંનેને સરખો લાભ થાય છે.

**-ડો. જિજીકુમારી ટી**
**jijikumari@gmail.com**

## જ્ઞાન વધારવામાં મદદરૂપ મેગેઝીન

હું ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીન નિયમિત રીતે ડિજિટલ માધ્યમથી વાંચું છું. મને આ મેગેઝીન ખૂબ સારું લાગે છે. તેમાં પુષ્કળ માહિતી આપવામાં આવે છે, જે જ્ઞાન વધારવામાં સહાયક સાબિત થાય છે. મેગેઝીનમાં લેખોનું પ્રસ્તુતિકરણ બહુ સારી રીતે કરવામાં આવે છે, જે સારું લાગે છે.

**મોહિત સોની sonimohit895@gmail.com**


## ભારત વિશ્વમાં મોખરે હશે

ભારત સરકારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગતિશીલ નેતૃત્વમાં 130 કરોડ દેશવાસીઓને સાથે લઈને અને તેમને જોડીને આઝાદીના 75મા વર્ષને 'આઝાદીના અમૃત મહોત્સવ'નાં રૂપમાં મનાવવાનું શરૂ કર્યું. આગામી 25 વર્ષ માટે 'અમૃત કાળ' નામ આપીને 'અમૃત યાત્રા'ની શરૂઆત કરવામાં આવી છે. ન્યૂ ઇન્ડિયા સમાચાર મેગેઝીનના 1-15 ઓગસ્ટનાં અંકમાં આ બધું વાંચીને દેશવાસીઓને અત્યંત ખુશીની લાગણી થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દેશને પુનઃ વ્યાખ્યાયિત કરવા માટે નવી પહેલ, કાર્યક્રમ અને સ્પર્ધાઓ સાથે ભવિષ્યની યોજનાઓને આકાર આપી રહ્યા છે. આવા સમયે, 2047માં જ્યારે સ્વતંત્રતાનું શતાબ્દિ વર્ષ મનાવવામાં આવશે ત્યારે ચોક્કસપણે, ભારત વિશ્વમાં મોખરે હશે.

**-શક્તિસિંહ એડવોકેટ shaktisinghadv@gmail.com**

**ફોલો કરો @NISPIBIndia**

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઇમેલ: રૂમ નંબર-278, સેન્ટ્રલ બ્યૂરો ઓફ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003 | ઇમેલ: response-nis@pib.gov.in**




# નવા ભારતનો સંકલ્પ
# ન્યૂ ઈન્ડિયા સમાચાર
## ત્રીજા વર્ષમાં પ્રવેશ...

**નવા ભારતના સંકલ્પ સાથે શરૂ થયેલું મેગેઝીન ન્યૂ ઈન્ડિયા સમાચાર આઝાદીના અમૃત મહોત્સવ વર્ષનાં પાવન પ્રસંગે ત્રીજા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. બે વર્ષ પહેલાં 16-31 ઓગસ્ટનાં અંક સાથે અમે આપ વાચકો સમક્ષ આવ્યા હતા. ત્યારે એ કલ્પના પણ ન હતી કે દેશનાં સમસામયિક વિષયો અને કલ્યાણકારી યોજનાઓને તેનાં વાસ્તવિક રૂપમાં લાવવાનો અમારો નાનકડો પ્રયત્ન નવા ભારતનો સંકલ્પ બની જશે...**

માત્ર બે વર્ષમાં જ તમે આ મેગેઝીનને અપાર સ્નેહ આપીને પ્રશંસા કરી છે અને રાષ્ટ્ર પ્રત્યે કૃતસંકલ્પિત થઈને 'ન્યૂ ઈન્ડિયા સમાચાર'નાં પ્રયત્નોને નવી ઓળખ અપાવી છે. રાષ્ટ્રની સાથે સાથે અમારા સૌ માટે એ ગૌરવની વાત છે કે નવા ભારતને સમર્પિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં ભારતનો આ પ્રયત્ન તેનાં નામને અનુરુપ 'સ્વર્ણિમ ભારત'ને સમર્પિત છે. આ પાક્ષિક હિન્દી-અંગ્રેજી સહિત દેશની 13 ભાષામાં ઉપલબ્ધ છે. મેગેઝીનના દરેક અંકમાં કેન્દ્ર સરકારની યોજનાનું સચોટ વર્ણન, સામાજિક યોજનાઓનાં પરિણામ, કેબિનેટના મહત્વપૂર્ણ નિર્ણય, પખવાડિયા સાથે સંકળાયેલાં મહત્વનાં વિષય પર કવર સ્ટોરી અને કેન્દ્ર સરકારનાં વિવિધ કાર્યક્રમો પર અહેવાલો હોય છે. આ મેગેઝિન દેશની તમામ ગ્રામ પંચાયતો, પંચાયત સમિતિઓ, જિલ્લા પરિષદનાં કાર્યાલયો, ધારાસભ્યો, સાંસદો, પત્રકારો અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી રહેલા યુવાનોને નિઃશુલ્ક મોકલવામાં આવે છે.

આ મેગેઝીનની દરેક નકલ **https://newindiasamachar.pib.gov.in પર ઉપલબ્ધ છે.** ડિજિટલ અને પ્રિન્ટમાં ઉપલબ્ધ આ મેગેઝીન માત્ર દેશ જ નહીં, વિદેશમાં પણ તેની અલગ ઓળખ બનાવી ચૂકી છે. રજૂ કરીએ છીએ **'ન્યૂ ઈન્ડિયા સમાચાર'**ની આ યાત્રાની એક ઝલક...






# સ્ટાર્ટઅપે છ વર્ષમાં 7.46 લાખ નોકરીઓ સર્જી

ભારત વિશ્વમાં ત્રીજી સૌથી મોટી ઇકોસિસ્ટમ ધરાવતો દેશ છે. આત્મનિર્ભર ભારતનું પીઠબળ બનનાર સ્ટાર્ટઅપ અને યુનિકોર્નની સંખ્યા છેલ્લાં છ વર્ષમાં બહુ ઝડપથી વધી રહી છે. 2006માં સ્ટાર્ટઅપ ઇન્ડિયા પહેલ શરૂ થઈ ત્યારથી 3 ઓગસ્ટ, 2022 સુધી 75,000 સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી છે, જેમાં 49 ટકા સ્ટાર્ટઅપ ટિયર-ટુ અને ટિયર-થ્રી શહેરોમાંથી છે. આ સ્ટાર્ટઅપ દ્વારા 7.46 લાખ નોકરીઓનું સર્જન થયું છે, જે વર્ષે 10 ટકાનાં દરે વધી રહી છે.

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે આઝાદીના અમૃત મહોત્સવ દરમિયાન એટલે કે આઝાદીના 75 વર્ષ પૂરા થનારા પખવાડિયામાં મળેલી આ ઉપલબ્ધિને સીમાચિહ્ન ગણાવી છે. પ્રારંભનાં 10,000 સ્ટાર્ટઅપને 808 દિવસોમાં માન્યતા મળી હતી, જ્યારે હવે છેલ્લાં 10,000 સ્ટાર્ટઅપને માત્ર 156 દિવસોમાં જ માન્યતા આપવામાં આવી હતી. આ ગણતરીએ દરરોજ 80થી વધુ સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી રહી છે. આ દર વિશ્વમાં સૌથી વધુ છે. 2016માં માત્ર 471 સ્ટાર્ટઅપ શરૂ થયા હતા, જ્યારે તેની સંખ્યા દર વર્ષે વધી રહી છે. દેશભરમાં 2021માં 20,160 સ્ટાર્ટઅપ શરૂ થયા હતા, જે 2022ના પ્રારંભનાં આઠ મહિનામાં જ 14,300 સ્ટાર્ટઅપને માન્યતા આપવામાં આવી છે. દેશમાં યુનિકોર્નની સંખ્યા 103 થઈ ગઈ છે. દર 10મા દિવસે એક યુનિકોર્ન બની રહ્યું છે.

# સશસ્ત્ર દળો માટે ડ્રોન, બુલેટપ્રુફ જેકેટ, ફાસ્ટ પેટ્રોલ બેસલ ખરીદીને મંજૂરી

પાકિસ્તાન, ચીન સહિતનાં દેશો સાથે ભારતની સરહદો પર દેખરેખ અને સલામતી માટે ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે 28,732 કરોડ રૂપિયાનાં શસ્ત્રો અને અન્ય સંરક્ષણ ઉપકરણોની ખરીદીનાં પ્રસ્તાવને મંજૂરી આપી દીધી છે. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહનાં વડપણ હેઠળની બેઠકમાં ડ્રોન, બુલેટપ્રુફ જેકેટ, ઇન્ફેન્ટ્રી કમાન્ડ વ્હિકલ, દરિયાઇ સરહદ પર રક્ષણ માટે ફાસ્ટ પેટ્રોલ વેસલની ખરીદીનો સમાવેશ થાય છે. સૂચિત ખરીદીમાં સામેલ ગાઇડેડ એક્સ્ટેન્ડેડ રેન્જ રોકેટ એમ્યુનિશન પ્રતિ સેકન્ડ 75 કિલોમીટરની ઝડપથી 40 મીટરની ચોક્સાઇથી ત્રાટકવાની ક્ષમતા ધરાવે છે. તો, ઇન્ફેન્ટ્રી કોમ્બેટ વ્હિકલ-કમાન્ડરોને રિયલ ટાઇમની માહિતી એકત્ર કરીને  તેને પહોંચાડવાની ટેકનોલોજીથી સજ્જ છે. યુધ્ધ અભિયાનોમાં  સલામતી માટે બીઆઇએસ VI સ્તરની સલામતી સાથે બુલેટપ્રુફ જેકેટ, આશરે ચાર લાખ ક્લોઝ ક્વાર્ટર બેટલ કાર્બાઇન ખરીદીને પણ મંજૂરી આપવામાં આવી છે.



# નૌકા દળમાં અગ્નિવીર માટે આશરે 9.55 લાખ અરજીઓ

'હર કામ દેશ કે નામ' આદર્શ વાક્યને અપનાવીને દેશની સેવા માટે નૌકા દળમાં અગ્નિવીર બનવા માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂરી થતાં સુધીમાં 9.55 લાખ યુવાનોએ અરજી કરી છે, જેમાં 80,000થી વધુ યુવતીઓ અને 8,75,000 યુવકોનો સમાવેશ થાય છે. ભારતીય નૌકા દળે 1 જુલાઇનાં રોજ અગ્નિપથ યોજના અંતર્ગત ભર્તી પ્રક્રિયા શરૂ કરી હતી. નૌકા દળની યોજના અગ્નિપથ અંતર્ગત આશરે 3,000 કર્મચારીની ભરતી કરવાની છે. આ અગાઉ  ભારતીય વાયુ દળમાં અગ્નિવીર બનવા માટે આશરે 7.5 લાખ અરજીઓ મળી હતી. લશ્કરમાં અગ્નિવીર તરીકે ભર્તી પ્રક્રિયા અલગ અલગ રાજ્યોમાં શરૂ થઈ ચૂકી છે. અગ્નિપથ યોજના અંતર્ગત પસંદગીનાં ઉમેદવારોમાંથી 25 ટકા ઉમેદવારોને નિયમિત સેવા માટે સામેલ કરવામાં આવશે.

# રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ લોંચ, વ્યક્તિ-સંગઠનનને નોમિનેટ કરવાની સુવિધા

પારદર્શિતા અને જનભાગીદારીથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં સરકાર સુશાસન સુનિશ્ચિત કરી રહી છે. પુરસ્કારોની માહિતી બધાં સુધી પહોંચે અને અરજી દ્વારા પુરસ્કારની પ્રક્રિયામાં પારદર્શીતા જળવાય તે માટે રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ (https://awards.gov.in) લોંચ કરવામાં આવ્યું છે. ભારતનાં ઈતિહાસમાં પ્રથમ વાર તમામ રાષ્ટ્રીય પુરસ્કારો અંગેની માહિતી, તેની પાત્રતા, માપદંડ, પસંદગી પ્રક્રિયા અને છેલ્લાં પુરસ્કાર વિજેતાઓની જાણકારી સહિત તમામ માહિતી એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ રહેશે. હવે https://awards.gov.in પર વિવિધ પુરસ્કારો માટે નોમિનેશન કરાવવાની સાથે સાથે તમામ માહિતી પણ મળી રહેશે.

મંત્રાલયો, વિભાગો અને એજન્સીઓ દ્વારા પોતાનાં વિસ્તારમાં ઉત્કૃષ્ટ કામગીરી અને નિઃસ્વાર્થ સેવા કરવા માટે આપવામાં આવતા પુરસ્કારો એક મંચ પર લાવવામાં આવ્યા છે. આ પોર્ટલ પર વિવિધ પુરસ્કારો માટે વ્યક્તિ કે સંગઠનોને નોમિનેટ કરવાની સુવિધા છે.

# લુપ્ત થઈ ગયેલાં ચિત્તા ફરી દેખાશેઃ ભારતે નામીબિયા સાથે કરાર કર્યા




ભારતમાં આશરે સાત દાયકા પહેલાં લુપ્ત થઈ ગયેલા ચિત્તા ફરી એક વાર ભારતની ધરતી પર જોવા મળશે. આઝાદીના 75 વર્ષ પૂરા થવા પ્રસંગે તે ભારતમાં આવવાની સંભાવના છે. ભારત સરકારના પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રાલયે નામીબિયા સરકાર સાથે આ અંગે કરાર કર્યા છે. પર્યાવરણ અને જળવાયુ પરિવર્તન મંત્રી ભુપેન્દ્ર યાદવે સોશિયલ મીડિયા દ્વારા આ માહિતી આપી હતી. આ કરાર અંતર્ગત નામીબિયા ભારતને ચિત્તા આપશે. ચિત્તા આવ્યા પછી ભારત એક માત્ર એવો દેશ બની જશે, જ્યાં 'બીગ કેટ' પ્રજાતિના પાંચેય સભ્યો- વાઘ, સિંહ, દીપડા, ચિત્તા અને હિમ ચિત્તા (સ્નો લેપર્ડ) હશે. આ કરાર અંતર્ગત બંને દેશો જૈવ વૈવિધ્યના સંરક્ષણની સાથે સાથે ચિત્તા સંરક્ષણની દિશામાં પણ પરસ્પર મળીને કામ કરશે. વિદેશથી આવનારા આ મહેમાનોને મધ્યપ્રદેશનાં શ્યોપુર સ્થિત કુનો-પાલપુર નેશનલ પાર્કમાં તૈયાર કરવામાં આવેલા વિશેષ વાડામાં રાખવામાં આવશે. ચિત્તાને ભારતમાં લાવવા પાછળનો હેતુ માત્ર લુપ્ત પ્રજાતિને લાવવાનો નથી, પણ તેનાં દ્વારા જૈવ વૈવિધ્યતા દ્વારા પર્યાવરણ સંતુલન વિકસાવવાનો પણ છે.

# 'સ્વરાજઃ ભારત કે સ્વતંત્રતા સંગ્રામ કી સમગ્ર ગાથા': દૂરદર્શન પર શરૂ




આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત દૂરદર્શન પર 14 ઓગસ્ટથી 'સ્વરાજઃ ભારત કે સ્વતંત્રતા સંગ્રામ કી સમગ્ર ગાથા' સીરિયલનું પ્રસારણ શરૂ થશે, જે 75 સપ્તાહ સુધી ચાલશે. દૂરદર્શન પર તે રવિવારે રાત્રે 9થી 10 વાગ્યા સુધી પ્રસારિત થશે, જ્યારે અંગ્રેજી અને નવ પ્રાદેશિક ભાષામાં 20 ઓગસ્ટથી પ્રસારિત કરવામાં આવશે. આ સીરિયલનું પ્રસારણ ઓલ ઈન્ડિયા રેડિયો પર 20 ઓગસ્ટથી દર શનિવારે સવારે 11 વાગ્યે કરવામાં આવશે. 5 ઓગસ્ટે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહ અને સૂચના તથા પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે સીરિયલ લોંચ કરી. કેન્દ્રીય ગૃહમંત્રીએ કાર્યક્રમાં જણાવ્યું, "જેમણે વર્ષો સુધી આપણા પર શાસન કર્યું, તેમણે લોકમાનસમાં હીન ભાવ પેદા કરવાનું કામ કર્યું. સ્વરાજ સીરિયલનો હેતુ આ હીન ભાવનાને જડમાંથી ઉખાડી કાઢવાનો હોવો જોઈએ. આ આઝાદીના અમૃત મહોત્સવની સૌથી મોટી ઉપલબ્ધિ હશે."માહિતી અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, "આ સીરિયલ દ્વારા યુવાનો સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન સ્વતંત્રતા સેનાનીઓએ આપેલા બલિદાન અંગે જાણી શકશે."



**જન્મઃ 25 ડિસેમ્બર, 1924 | મૃત્યુઃ 16 ઓગસ્ટ, 2018**

# સુશાસનના અટલ રત્ન

**1998માં અટલબિહારી વાજપેયીએ મિશ્ર સરકારનું વડાપ્રધાનપદ સંભાળ્યું ત્યારે તેમણે અગાઉની સરકારોનાં શાસનમાંથી લુપ્ત થયેલા સુશાસનની સ્થાપના કરવાનો સંકલ્પ લીધો. 'રાષ્ટ્ર-પ્રથમ'ની ભાવનાથી રાષ્ટ્રહિત અને જનહિતમાં નિર્ણય લઈને સંકલ્પો પૂરા કર્યા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'સુશાસન'ના પર્યાય અટલજીના જન્મદિવસ 25 ડિસેમ્બરને 'સુશાસન દિવસ' તરીકે મનાવવાની જાહેરાત કરી એટલું જ નહીં, પણ 'મિનિમમ ગવર્મેન્ટ, મેક્સિમ ગવર્નન્સ'નો મંત્ર અપનાવ્યો. આ ઉપરાંત, તેઓ ટેકનોલોજીની મદદથી પારદર્શક શાસન, વેપાર અને ઇઝ ઓફ લિવિંગમાં નડતરરૂપ કાયદાને નાબૂદ કરીને સુશાસનને મજબૂતી આપી રહ્યા છે.**

'ઇન્ડિયા ફર્સ્ટ' તેમનાં જીવનનો ધ્યેય હતો. દેશ માટે પોખરણ પરમાણુ વિસ્ફોટ જરૂરી હતો એટલે તેમણે પ્રતિબંધો અને ટીકાઓની ચિંતા ન કરી. કાળના કપાળ પર લખવાની અને ભૂંસવાની તાકાત તેમની છાતીમાં હતી, કારણ કે એ છાતી દેશ માટે ધડકતી હતી." વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ શબ્દો કરોડો હૃદયમાં વસતા અને 'સુશાસનના' પર્યાય ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી માટે લખ્યા હતા હતા, જેમની ચોથી પૂણ્યતિથી 16 ઓગસ્ટનાં રોજ છે. 'સદૈવ અટલ'ના સ્મૃતિ સ્થળ પર શ્રધ્ધાંજલિ આપવા માટે જતી દરેક વ્યક્તિ તેમનાં શાસન દરમિયાન મળેલી નવી ટેલિકોમ નીતિ, ત્રણ નવા રાજ્ય, ચલો સ્કુલ ચલે હમ અભિયાન, અંત્યોદય અન્ન યોજના અને પ્રધાનમંત્રી ગ્રામીણ સડક યોજના જેવી લોકકેન્દ્રી યોજનાઓની સાથે સાથે અસ્ખલિત વાણી માટે યાદ કરે છે.

નવી દિલ્હીની એઇમ્સે 16 ઓગસ્ટ, 2018નાં રોજ સવારે પાંચ વાગીને પાંચ મિનિટે અટલજીના અવસાનના સમાચાર જાહેર કર્યા. ભારતવાસીઓનાં મન મસ્તિષ્કમાં રહેતા અટલજીની અંતિમ યાત્રાની આગેવાની વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પગપાળા કરી હતી. અટલજીને જેટલું સન્માન અને ઊંચાઇ મળતી ગઈ તેમ તેમ તેઓ જમીનથી જોડાતા ગયા. અટલજીએ કહેલું, 'હે પ્રભુ, મને ક્યારેય એટલી ઊંચાઇ ન આપતો કે અજાણ્યાઓને ગળે ન લગાવી શકું."

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી કહે છે, સુશાસન કોઇ પણ દેશની પ્રગતિની ચાવી છે. સુશાસન એટલે કે ગુડ ગવર્નન્સને મુખ્ય**

# અટલજીએ શરૂ કરી પ્રજાલક્ષી યોજનાઓ

**ગુડ ગવર્નન્સ એટલે કે સુશાસનનો કન્સેપ્ટ બહુ પહેલાંથી હતો પણ ભારતમાં તેનાં પર ગંભીરતાથી કામ અટલબિહારી વાજપેયીએ પોતાના શાસનકાળમાં કર્યું. આવો આવી કેટલીક યોજનાઓ અંગે જાણીએઃ**

- **સ્વર્ણિમ ચતુર્ભુજ યોજનાઃ** 2001માં તેની શરૂઆત થઈ જે ભારતનો સૌથી મોટો અને વિશ્વનો પાંચમો સૌથી મોટો હાઈવે પ્રોજેક્ટ છે. આ યોજના 2021માં પૂરી થઈ, જેનાં પર આશરે રૂ. 60,000 કરોડ રૂપિયા ખર્ચ થયો.
- **કિસાન ક્રેડિટ કાર્ડઃ** તેની શરૂઆત 1998માં થઈ હતી જેમાં સસ્તા વ્યાજ દરે લોન મળે છે અને વ્યક્તિગત દુર્ઘટના વીમો પણ મળે છે.
- **પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાઃ** આ યોજનાની શરૂઆત વર્ષ 2000માં થઈ હતી, અંતરિયાળ વિસ્તારોને રોડ માર્ગે જોડવાનું કામ શરૂ કરવામાં આવ્યું.
- **નદીઓને જોડવાની યોજનાઃ** વડાપ્રધાન હતા ત્યારે અટલબિહારી વાજપેયીએ નદીઓને પરસ્પર જોડવાનું સપનું જોયું હતું.
- **સર્વ શિક્ષા અભિયાનઃ** ડ્રોપ આઉટ બાળકોને પુનઃ શાળાએ જતાં કરવા માટે 'ચલો સ્કુલ ચલે હમ' અભિયાન ચલાવ્યું.

## 'અટલ સુશાસન'ને સમર્પિત યોજનાઓ

- **અટલ ભૂજલ યોજનાઃ** આ યોજના મુખ્ય રીતે સાત રાજ્યો- ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને ઉત્તરપ્રદેશની 8562 ગ્રામ પંચાયતોમાં જનભાગીદારી સાથે સતત ભૂજળ સંચાલન સુધારવાનાં હેતુથી લાગુ કરવામાં આવી રહી છે.
- **અટલ વયો અભ્યુદય યોજનાઃ** તેનાં એક ઘટક વરિષ્ઠ નાગરિક એકીકૃત કાર્યક્રમ અંતર્ગત અન્ય બાબતોની સાથે વરિષ્ઠ નાગરિક ગૃહો માટે એજન્સીઓને અનુદાન આપવામાં આવે છે.
- **અટલ બીમિત વ્યક્તિ કલ્યાણ યોજનાઃ** આ યોજના 1 જુલાઈ, 2018થી લાગુ કરવામાં આવી હતી. તે અંતર્ગત નોકરી જતી રહે તો જીવનમાં એક વાર ત્રણ મહિના સુધી સરેરાશ પગારનાં 50 ટકા રકમ ક્લેમ કરી શકાય છે.
- **અટલ ઈનોવેશન મિશન અને અટલ ટિન્કરિંગ લેબઃ** મિશન અંતર્ગત 10 લાખ બાળકોને નિયોટિક ઈનોવેટર્સ તરીકે વિક્સિત કરવા માટે દેશભરમાં અટલ ટિન્કરીંગ લેબ સ્થાપવામાં આવી રહી છે. અત્યાર સુધી 9606 લેબ સ્થાપિત.
- **અટલ પેન્શન યોજનાઃ** 9 મે, 2015નાં રોજ શરૂ થયેલી આ યોજનામાં લઘુતમ 18 વર્ષ અને મહત્તમ 40 વર્ષની વ્યક્તિ જોડાઈ શકે છે. તેઓ 60 વર્ષનાં થાય પછી પેન્શનનો લાભ મળે છે. માર્ચ, 2022 સુધી 3.89 કરોડ લોકો આ યોજનામાં જોડાયા હતા.
- **અટલ જ્યોતિ યોજનાઃ** આ યોજનામાં એવા ગ્રામીણ, અર્ધશહેરી અને શહેરી વિસ્તારમાં એલઈડી લાઈટ્સ લગાવવામાં આવે છે, જ્યાં વીજળીનો અપૂરતો પુરવઠો છે.

**પ્રવાહમાં લાવવા માટે આ દેશ હંમેશા અટલબિહારી વાજપેયીનો આભારી રહેશે. વડાપ્રધાન મોદીના શાસનકાળમાં સુશાસનને આ રીતે આગળ વધારવામાં આવી રહ્યું છે...**

- એક રાષ્ટ્ર-એક બંધારણ માટે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 અને 35એ નાબૂદ કરી. પૂર્વોત્તર રાજ્યોને રેલ અને રોડ કનેક્ટિવિટી આપી.
- નદીઓને જોડવા માટે અટલબિહારી વાજપેયીનાં વિઝન ધરાવતા કેન બેતવા લિન્ક પ્રોજેક્ટને બજેટ સાથે કેબિનેટે મંજૂરી આપી.
- સ્વચ્છ ભારત અભિયાન, ખુલ્લામાં શૌચ મુક્ત ભારત, યોગ દિવસ, ફિટ ઈન્ડિયા, હર ઘર નલ સે જલ યોજનામાં જન ભાગીદારી અને તમામ નાગરિકોનું ડિજિટલ મોનિટરિંગ.
- પ્રજાલક્ષી યોજનાઓ દ્વારા જનધન ખાતા, ઉજ્જવલા, પીએમ મુદ્રા, ફસલ બીમા યોજના, જીવન જ્યોતિ બીમા યોજના, પીએમ આવાસ યોજનાને 100 ટકા લાભાર્થી એટલે કે પૂર્ણતા તરફ લઈ જવાનું લક્ષ્ય.
- ટેકનોલોજી દ્વારા સ્પેક્ટ્રમ, ખાનગી એફએમ ચેનલની ઓનલાઈન નીલામી, યુપીઆઈ દ્વારા લેવડદેવડમાં વિશ્વ વિક્રમ, ડીબીટીના દાયરામાં તમામ મંત્રાલય, ઈપીએફઓ માટે ઓનલાઈન પોર્ટલથી પારદર્શી વ્યવસ્થા.
- યોજનાને ગતિ આપીને દેશની પ્રગતિને ઝડપી કરવા માટે 'પ્રગતિ' અંતર્ગત વડાપ્રધાન ખુદ નિશ્ચિત સમયાંતરે મોટાં પ્રોજેક્ટ્સની સમીક્ષા કરે છે.
- સુશાસન સૂચકાંકમાં ટોચ પર રહેવાની સ્પર્ધા થઈ રહી છે. 25 ડિસેમ્બર, 2021નો સુશાસન સૂચકાંક જારી. ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવા આ રેન્કમાં ટોચનાં સ્થાને છે. સુશાસન સૂચકાંક-2021 રિપોર્ટ www.darpg.gov.in પર ઉપલબ્ધ છે.

# ભારતીય સેનાઓમાં આત્મનિર્ભરતાનું લક્ષ્ય

**ભારત સ્વતંત્ર થયો ત્યારે 18 શસ્ત્ર ફેક્ટરીઓ હતી, જ્યાં આર્ટલરી ગન સહિતનાં શસ્ત્ર સરંજામનું ઉત્પાદન થતું હતું. બીજા વિશ્વ યુધ્ધ દરમિયાન ભારત સંરક્ષણ સામગ્રીનું મહત્વનું સપ્લાયર હતું. આપણી હોવિત્ઝર તોપો, ઈશાપુર રાઈફલ ફેક્ટરીમાં બનતી મશીનગનોને એ સમયે શ્રેષ્ઠ માનવામાં આવતી હતી. બદલાતા સમયની સાથે આપણે આ નિપુણતાને જાળવી રાખવામાં નિષ્ફળ ગયા અને એક સમય એવો આવ્યો જ્યારે ભારતની ઓળખ સંરક્ષણ ક્ષેત્રમાં સૌથી મોટાં ગ્રાહકની બની ગઈ. પણ હવે આ છબીને તોડીને ભારત ગ્રાહકને બદલે નિકાસકારની ભૂમિકા તરફ આગળ વધી રહ્યું છે. સંરક્ષણ ઉપકરણોનાં ઉત્પાદનમાં આત્મનિર્ભર બનવા માટે સરકારે લીધેલાં પગલાંને કારણે આ શક્ય બન્યું છે. 18 જુલાઈનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ NIIO સેમિનાર 'સ્વાવલંબન' સેમિનારમાં તેનો ઉલ્લેખ કર્યો હતો..**

સંરક્ષણ ઉત્પાદનનાં ક્ષેત્રમાં ભારતની આત્મનિર્ભરતાની કહાની બે ઘટનાઓ દ્વારા સમજીએઃ એક ઘટના 1990નાં દાયકાની છે, જ્યારે ભારતને શસ્ત્રોની શોધ કરતા રડારની જરૂર હતી અને તે મેળવવા માટે અમેરિકાથી માંડીને ઈઝરાયેલ સુધી પ્રયત્ન કરવામાં આવ્યા. બીજી ઘટના વર્ષ 2020ની છે, જ્યારે ભારતે આર્મેનિયાને આવા રડાર ચાર કરોડ ડોલરમાં વેચ્યા. એક અહેવાલ પ્રમાણે, આવું પ્રથમ વાર બન્યું કે જ્યારે ભારત 2020માં વિશ્વનાં ટોચનાં 25 શસ્ત્ર નિકાસકારોમાં સામેલ થયું. ઈઝરાયેલ, સ્વીડન, સંયુક્ત આરબ અમિરાત (યુએઈ), બ્રાઝિલ, બાંગલાદેશ, બલ્ગેરિયા જેવા દેશોને આપણી શસ્ત્ર ફેક્ટરીઓમાંથી નિકાસ કરવામાં આવી રહી છે. શસ્ત્ર ફેક્ટરીઓ પહેલાં શસ્ત્રોની નિકાસ ન હતી કરતી પણ દેશનાં જ સૈન્ય અને સલામતી દળોને સપ્લાય કરવા પૂરતી સીમિત હતી. પણ, 2015-16થી તેમને નિકાસની મંજૂરી આપવામાં આવી. ત્યારે રૂ. 6 કરોડનાં શસ્ત્રોની નિકાસ કરવામાં આવી હતી. 2019-20માં રૂ. 140 કરોડની નિકાસ કરવામાં આવી. 2020-21માં રૂ. 225 કરોડની નિકાસનું અનુમાન છે. ભારત હવે ફિલિપાઈન્સ બાદ ઈન્ડોનેશિયાને બ્રહ્મોસ મિસાઈલનું એન્ટી શિપ વેરિએન્ટ વેચવા જઈ રહ્યું છે. આ સોદાની વાતચીત અંતિમ તબક્કામાં છે પણ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા માત્ર શસ્ત્ર નિકાસકાર તરીકે ઓળખ બનાવવા પૂરતી મર્યાદિત નથી, પણ આપણી સેના માટે સ્વદેશી અને બીજા દેશો કરતાં






## 2014માં સંરક્ષણ ક્ષેત્રમાં નવી ઇકો સિસ્ટમ બનાવવાની શરૂઆત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, 2014 બાદ અમે મિશન મોડમાં કામ શરૂ કરી દીધું છે. વીતેલા દાયકાઓનાં એપ્રોચમાંથી શીખીને અમે સહિયારા પ્રયાસની તાકાતથી નવી ડિફેન્સ ઇકોસિસ્ટમનો વિકાસ કરી રહ્યા છીએ. આજે ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટને પ્રાઇવેટ સેક્ટર અને સ્ટાર્ટઅપ માટે ખોલી દીધું છે. પબ્લિક સેક્ટરની ડિફેન્સ કંપનીઓને અમે અલગ અલગ સેક્ટરમાં સંગઠિત કરીને તેમને નવી તાકાત આપી છે. આજે અમે એ સુનિશ્ચિત કરી રહ્યા છીએ કે આઇઆઇટી જેવી આપણી પ્રીમિયર ઇન્સ્ટિટ્યુશન્સને પણ ડિફેન્સ રિસર્ચ અને ઇનોવેશન સાથે કેવી રીતે જોડીએ.

## રિસર્ચ પર ધ્યાન ન આપ્યું, ન નવી ફેક્ટરીઓ બનાવી

પીએમ મોદીએ જણાવ્યું કે, આઝાદી બાદનાં પ્રથમ દોઢ દાયકામાં આપણે નવી ફેક્ટરીઓ જ ન બનાવી. જૂની ફેક્ટરીઓ તેમની ક્ષમતા ગુમાવતી ગઈ. 1962નાં યુધ્ધ બાદ મજબૂરીમાં નીતિઓમાં થોડું પરિવર્તન થયું, પણ તેમાંય રિસર્ચ, ઇનોવેશન, ડેવલપમેન્ટ પર ભાર ન મૂકવામાં આવ્યો. વિશ્વ એ સમયે નવી ટેકનોલોજી અને નવા ઇનોવેશન માટે પ્રાઇવેટ સેક્ટર પર ભરોસો કરી રહ્યું હતું, પણ કમનસીબે સંરક્ષણ ક્ષેત્રને મર્યાદિત સરકારી સંસાધનોના દાયરામાં રાખવામાં આવ્યું. ભારતીય સેનાને રાઇફલ જેવા સામાન્ય શસ્ત્ર માટે વિદેશો પર નિર્ભર રહેવું પડ્યું.

સારી ગુણવત્તાના શસ્ત્ર સરંજામ બનાવવામાં પણ છે. સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતાનું આ વિઝન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 18 જુલાઈનાં રોજ 'નેવલ ઇનોવેશન એન્ડ ઇન્ડિજિનાઇઝેશન ઓર્ગેનાઇઝેશન' દ્વારા આયોજિત સ્વાવલંબન સેમિનારમાં સૌની સમક્ષ રજૂ કર્યું

### ભૂતકાળમાંથી પાઠ શીખો અને આગળ વધો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આજે જ્યારે આપણે સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભવિષ્યની ચર્ચા કરી રહ્યા છીએ ત્યારે એ જરૂરી છે કે વીતેલા દાયકાઓમાં જે થયું તેમાંથી બોધપાઠ લઈએ. તેનાથી આપણને ભવિષ્યનો માર્ગ બનાવવામાં મદદ મળશે. આજે જ્યારે આપણે પાછળ જોઇએ છીએ ત્યારે આપણને આપણા સમૃધ્ધ દરિયાઈ વારસાનાં દર્શન થાય છે. ભારતનો સમૃધ્ધ વેપાર માર્ગ આ વારસાનો હિસ્સો રહ્યો છે. આપણા પૂર્વજ સમુદ્ર પર એટલાં માટે વર્ચસ્વ જાળવી રાખ્યા કે તેમને હવાની દિશા અને અંતરિક્ષ વિજ્ઞાન અંગેની ઘણી બધી માહિતી હતી.

### સ્વદેશી શસ્ત્ર આજની જરૂરિયાત

વીતેલાં આઠ વર્ષમાં અમે સંરક્ષણ ક્ષેત્રનું બજેટ વધાર્યું છે એટલુ જ નહીં પણ આ બજેટ દેશમાં જ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઇકોસિસ્ટમનાં વિકાસમાં પણ કામ આવે એ સુનિશ્ચિત કર્યું છે. સંરક્ષણ ઉપકરણોની ખરીદી માટે નિશ્ચિત બજેટનો બહુ મોટો હિસ્સો આજે ભારતીય કંપનીઓ પાસેથી ખરીદી માટે ફાળવવામાં આવ્યો છે. 300થી વધુ શસ્ત્રો, ઉપકરણોની યાદી બનાવવામાં આવી છે, જે મેડ ઇન ઇન્ડિયા જ હશે અને તેનો ઉપયોગ આપણી સેનાઓ કરશે.

### અને પરિણામ બધાંની સામે છે....

આવા પ્રયત્નોનાં પરિણામ હવે જોવા મળી રહ્યા છે. વીતેલાં 4-5 વર્ષમાં આપણી સંરક્ષણ આયાત લગભગ 21 ટકા ઘટી છે. આટલા ઓછા સમયમાં આ સફળતા હાંસલ થઈ છે. આજે આપણે સંરક્ષણ સામગ્રીનાં સૌથી મોટા આયાતકારને બદલે મોટા નિકાસકાર બનવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ●

# ઉજ્જવળ ભારત ઉજ્જવળ ભવિષ્ય



**વિકાસનાં માર્ગે ઝડપથી આગળ વધી રહેલાં ભારતની ભવિષ્યની જરૂરિયાતો માટે દેશનું વીજ તંત્ર 21મી સદી માટે તૈયાર હોય એ જરૂરી છે. વિકાસને ગતિ આપવા માટે વીજ પુરવઠાનું માળખું આધુનિક બને એ જરૂરી છે. બધાં સુધી વીજ પુરવઠો સુનિશ્ચિત થાય તે માટે દેશની વીજ કંપનીઓ આત્મનિર્ભર બને તે જરૂરી છે. આ વિચાર સાથે વીજ વિતરણના આધુનિકીકરણની દિશામાં 'પુનરોત્થાન વિતરણ ક્ષેત્ર સ્કીમ' મહત્વનું પગલું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 30 જુલાઈનાં રોજ તેનો શુભારંભ કર્યો....**

આગામી 25 વર્ષમાં ભારતની પ્રગતિને તીવ્ર ગતિથી આગળ લઈ જવામાં ઊર્જા ક્ષેત્રની મોટી ભૂમિકા છે. ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ દ્વારા ઊર્જા ક્ષેત્રની મજબૂતી જરૂરી છે અને ઈઝ ઓફ લિવિંગ માટે પણ તે એટલું જ જરૂરી છે. 2047 સુધી ઊર્જા ક્ષેત્રમાં દેશની વિશ્વાસપાત્ર સ્થતિ સુનિશ્ચિત કરવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. આ અંગે લોકોની ભાગીદારી મોટી તાકાત રહી છે. વીજળી ક્ષેત્રમાં ભારતે છેલ્લાં આઠ વર્ષમાં અભૂતપુર્વ પ્રગતિ કરી છે અને 'પાવર ઓફ ઓલ'નાં વિઝન સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં દૂરંદેશી અને નિર્ણાયક નેતૃત્વમાં આઝાદી બાદ પ્રથમ વાર દરેક ગામ અને ઘર સુધી વીજળી પહોંચી છે. વીજળીની સહજ ઉપલબ્ધતાથી લોકોનાં જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. વિકાસનાં પ્રકાશથી વંચિત રહી ગયેલા અંતરિયાળ વિસ્તારો સુધી પણ પ્રગતિ અને વિશ્વાસનો પ્રકાશ રેલાયો છે. 'ઉજ્જવળ ભારત ઉજ્જવળ ભવિષ્ય-પાવર @2047' નાં સમાપન પ્રસંગે ગ્રાન્ડ ફિનાલેમાં ભાગ લેતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "સરકારનું ફોકસ વીજળીનું ઉત્પાદન વધારવાની સાથે સાથે વીજળીની બચત કરવા પર પણ છે. વીજળી બચાવવી એટલે ભવિષ્યને સલામત કરવું. પીએમ કુસુમ યોજના તેનું ઉત્તમ ઉદાહરણ છે. અમે ખેડૂતોને સોલર પંપની સુવિધા આપી રહ્યા છીએ. ખેતરનાં કિનારે સોલર પેનલ લગાવવામાં મદદ કરી રહ્યા છીએ." ઉજાલા અને કુસુમ જેવી યોજનાઓ દ્વારા ગામ, ગરીબનાં જીવનમાં ખુશી આવી છે. આપણા મહેનતુ ખેડૂતો

# આધુનિકીકરણની દિશામાં મહત્વપૂર્ણ પગલું- પુનરોત્થાન વિતરણ ક્ષેત્ર યોજના

- ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધુનાં ખર્ચની 'પુનરુત્થાન વિતરણ ક્ષેત્ર યોજના' સર્વગ્રાહી યોજના છે, જે દેશને વીજળી વિતરણ ક્ષેત્રમાં મજબૂત બનાવશે. આ યોજના અવિરત અને ગુણવત્તાપૂર્ણ વીજ પુરવઠો અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરશે.
- વીજ કંપનીઓનાં ઓપરેશનલ લોસમાં ઘટાડો થશે. ગ્રાહકોને પ્રીપેડ સ્માર્ટ મીટરની સુવિધા અને ખોટાં વીજ બિલમાંથી મુક્તિ મળશે.
- સમયસર વીજ વપરાશની ચોક્કસ માહિતી સમય પર મળશે. આ ઉપરાંત, રિચાર્જનાં સરળ વિકલ્પની સુવિધા પણ મળશે.
- 25 કરોડ પ્રી પેઇડ સ્માર્ટ મીટર લગાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ખેડૂતોને ખેતી માટે ડેડિકેટેડ ફીડર મળશે. આ ફીડર સૌર ઊર્જાથી સંચાલિત થશે, જેનાંથી કૃષિ ક્ષેત્રમાં વીજ પુરવઠો સરળ અને સુવિધાજનક બનશે.
- દેશનું વીજ વિતરણ તંત્ર ભવિષ્યલક્ષી બનશે અને ગ્રાહકોને વિશ્વ સ્તરની વીજ પ્રણાલિ મળશે. ગ્રાહકો સ્માર્ટ બનશે અને દેશ આત્મનિર્ભરતા તરફ આગળ વધશે.

## વીજ ઉત્પાદન ક્ષમતામાં 1.70 લાખ મેગાવોટનો વધારો

- છેલ્લાં 10 વર્ષમાં દેશમાં લગભગ 1.70 લાખ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ઉમેરવામાં આવી છે. વન નેશન વન પાવર ગ્રિડ આજે દેશની તાકાત બની ગઈ છે.
- સમગ્ર દેશને જોડવા માટે લગભગ 1.70 લાખ સર્કિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઇન પાથરવામાં આવી છે. આ ઉપરાંત, સૌભાગ્ય યોજના અંતર્ગત ત્રણ કરોડ કનેક્શન આપીને પૂર્ણતાના લક્ષ્યાંકની નજીક છીએ.
- આઝાદીના 75 વર્ષ પૂરા થાય ત્યાં સુધી 175 ગિગાવોટ અક્ષય ઊર્જા ક્ષમતાનું ઉત્પાદન કરવાનો સંકલ્પ લીધો હતો. આજે આપણે આ લક્ષ્યાંકની નજીક છીએ. અત્યાર સુધી 170 ગિગાવોટ ક્ષમતા બિન-અશ્મિભૂત સ્ત્રોતથી સ્થાપિત થઈ ચૂકી છે.
- આજે ભારત સ્થાપિત સૌર ક્ષમતાની બાબતમાં વિશ્વનાં ટોચનાં 4-5 દેશોમાં છે. વિશ્વનાં અનેક મોટાં સોલર પ્લાન્ટ ભારતમાં છે. આ ઉપરાંત, ઘર વપરાશ માટે સોલર પેનલને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.
- ઉજાલા યોજનાએ દેશમાં વીજ વપરાશ અને બિલ ઘટાડવામાં મોટી ભૂમિકા નિભાવી છે. ગરીબ અને મધ્યમ વર્ગનાં પરિવારોને વીજળી બિલમાં દર મહિને રૂ. 50,000 કરોડની બચત થાય છે.
- વીજળીથી વંચિત લગભગ 18,000 ગામોનું વીજળીકરણ. 2015ની સરખામણીમાં હાલમાં ગ્રામીણ વિસ્તારોમાં વીજ પુરવઠો 12 કલાકથી વધીને 22.5 કલાક થઈ ગયો છે.

# 5200 કરોડ રૂપિયાથી વધુનાં પ્રોજેક્ટ્સનો શુભારંભ

- વડાપ્રધાને એનટીપીસીની 5200 કરોડ રૂપિયાથી વધુ ગ્રીન પ્રોજેક્ટ્સનાં લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો.
- પીએમ મોદીએ તેલંગાણામાં 100 મેગાવોટ રામાગુંડમ ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટ અને કેરળમાં 92 મેગાવોટ કાયમકુલમ ફ્લોટિંગ સોલર પ્રોજેક્ટનું ઉદઘાટન કર્યું
- તેમણે રાજસ્થાનમાં 735 મેગાવોટના નોખ સૌર પ્રોજેક્ટ, લેહમાં ગ્રીન હાઇડ્રોજન મોબિલિટી પ્રોજેક્ટ અને ગુજરાતમાં નેચરલ ગેસ સાથે કાવાસ ગ્રીન હાઇડ્રોજન મિક્સ્ચર પ્રોજેક્ટનું શિલારોપણ કર્યું
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નેશનલ સોલર રૂફટોપ પોર્ટલનો પણ શુભારંભ કર્યો. આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 25થી 30 જુલાઈ સુધી 'ઉજ્જવલ ભારત ઉજ્જવલ ભવિષ્ય-પાવર@ 2047'નું આયોજન કરવામાં આવ્યું.

હવે અન્નદાતા ખેડૂતની સાથે સાથે ઊર્જાદાતા ખેડૂત બની રહ્યા છે." આ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને ઊર્જા ક્ષેત્રની પુનરોત્થાન વિતરણ ક્ષેત્ર યોજનાનો શુભારંભ કર્યો અને એનટીપીસીની વિવિધ હરિત ઊર્જા યોજનાઓનું લોકાર્પણ અને શિલાન્યાસ કર્યો. સાથે સાથે તેમણે નેશનલ સોલર રૂફટોપ પોર્ટલનો પણ શુભારંભ કર્યો. આ પ્રસંગે, વડાપ્રધાને વિવિધ યોજનાઓનાં લાભાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો. ●

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020

# શિક્ષણના ક્ષેત્રમાં વિશ્વમાં પુનઃ મહાશક્તિ બની રહેલું ભારત

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, 2020 માત્ર નીતિ વિષયક દસ્તાવેજ નથી, પણ ભારતના શિક્ષણ ક્ષેત્રમાં કામ કરનાર તમામ શિક્ષાવિદ અને નાગરિકોની આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. ભારતની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં બે વર્ષ પૂરા થવા પ્રસંગે 29 જુલાઈનાં રોજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે શિક્ષણ અને કૌશલ્ય વિકાસ સંબંધિત અનેક નવી પહેલનો શુભારંભ કર્યો. આ પહેલમાં ડિજિટલ શિક્ષણ, ઈનોવેશન, શિક્ષણ અને કૌશલ્યમાં તાલમેલ, શિક્ષક તાલીમ અને મૂલ્યાંકન સહિત અનેક મુદ્દાનો સમાવેશ થાય છે, જે દેશમાં વિશ્વસ્તરીય શિક્ષણ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવીને યુવાનોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં સંકલ્પને સાકાર કરશે...**




સ્વામી વિવેકાનંદે કહ્યું હતું, "વ્યક્તિને સંઘર્ષ માટે સમર્થ બનાવે, તેને ચારિત્ર્યવાન અને પરોપકારી બનાવે અને તેનામાં સિંહ જેવું સાહસ પેદા કરે તે શિક્ષણ છે." વ્યાપક વિચારણા કરીને શિક્ષણનાં આ તમામ હેતુઓને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં સમાવવામાં આવ્યા હતા. વાસ્તવમાં, ગોખણપટ્ટી દ્વારા સારો હોદ્દો તો મળી શકે છે પણ માણસ મોટો નથી બની શકતો. માણસે મોટાં બનવું હોય તો તેનામાં યાદશક્તિ, ચિંતન, તર્ક, વિશ્લેષણ અને નિર્ણય ક્ષમતા વધારીને નીતિનાં આધારે અમલીકરણ કરવાની ક્ષમતા વિક્સિત કરવી પડશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020નો આ જ હેતુ છે. નવી દિલ્હીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020નાં બે વર્ષ પૂરા થવા પ્રસંગે નવી પહેલનું ઉદઘાટન કરતા કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું, "વડાપ્રધાન નરેન્દ્ર મોદીની રાષ્ટ્રીય શિક્ષણ નીતિને લોકો અલગ અલગ રીતે જૂએ છે. પણ હું માનું છું કે રાષ્ટ્રનું નિર્માણ તેનાં નાગરિકોથી થાય છે અને પ્રતિભાશાળી નાગરિક બનાવવાની મુળ કલ્પના સાથે એનઈપી

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 સાથે આગેકૂચ

- કેન્દ્રીય મંત્રીમંડળે 29 જૂલાઇ, 2020નાં રોજ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિને મંજૂરી આપી હતી, જેણે 1986માં બનાવવામાં આવેલી 34 વર્ષ જૂની નીતિનું સ્થાન લીધું છે.
- તેનો હેતુ ભારતને વૈશ્વિક જ્ઞાનની મહાશક્તિ બનાવવા માટે સ્કુલ અને ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થામાં પરિવર્તનકારી સુધારાનો માર્ગ મોકળો કરવાનો છે. આ નીતિમાં શિક્ષણની પહોંચ, સમતા, ગુણવત્તા અને જવાબદેહિતા જેવા મુદ્દાઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.
- આ શિક્ષણ નીતિમાં સ્કુલ અને ઉચ્ચ શિક્ષણ પ્રથામાં 2025 સુધીમાં ઓછામાં ઓછા 50 ટકા વિદ્યાર્થીઓને વ્યાવસાયિક શિક્ષણ પ્રદાન કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે, જે અત્યંત મહત્વનું પગલું છે.
- લગભગ અઢી લાખ પંચાયતો, 12,500થી વધુ લોકલ બોડી, 675 જિલ્લા અને બે લાખથી વધુ નક્કર સૂચનોમાંથી વિચાર મંથન કરીને આ અમૃતને કાઢવામાં આવ્યું છે.
- 2030 સુધી દરેક જિલ્લો કે બે જિલ્લા વચ્ચે એક મલ્ટી-ડિસિપ્લિનરી હાયર એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂટ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- કેન્દ્ર સરકારે 2022-23માં શિક્ષણ મંત્રાલયનું બજેટ આઝાદી બાદના ઇતિહાસમાં પ્રથમ વાર એક લાખ કરોડ રૂપિયાથી વધુ (રૂ. 1.04 લાખ કરોડ)નું રાખ્યું છે, જે 2021-22માં 93,224 કરોડ હતું.
- રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા શિક્ષણમાં જાહેર રોકાણમાં પૂરતો વધારો કરતાં તેને જીડીપીનાં 6 ટકા સુધી પહોંચાડવાનું સ્પષ્ટ સમર્થન અને પરિકલ્પના કરવામાં આવી છે.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણ હેઠળની સરકારે 6 સેન્ટ્રલ યુનવર્સિટી બનાવી છે. આ ઉપરાંત, સાત આઇઆઇટી, સાત આઇઆઇએમ, 16 આઇઆઇઆઇટી, 15 એઇમ્સ અને 209 મેડિકલ કોલેજ વધારવાનું કામ કર્યું છે. કોલેજોની સંખ્યામાં 5700નો વધારો થયો છે.




**આ શિક્ષણ નીતિ ગ્રંથ નથી, પણ ગ્રંથાલય છે અને એક પ્રકારની લાયબ્રેરી છે. તેનાં દરેક શબ્દ અને વાક્યની પાછળ ઊંડો વિચાર છે અને જેમણે તેને વાસ્તવિક બનાવ્યું છે તેમણે પણ તેને એ જ દ્રષ્ટિથી જોવું જોઇએ.**

-અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી

2020 ઘડવામાં આવી હતી.” નવી શિક્ષણ નીતિ આત્મનિર્ભર, મજબૂત, સમૃધ્ધ અને સલામત ભારતનો પાયો છે. આ શિક્ષણ નીતિ દરેક બાળક સુધી પહોંચીને તેનું ભવિષ્ય ઘડવાનું સાધન છે. એનઇપી-2020 ભારતની સાંસ્કૃતિક જડ સાથે જોડાયેલી છે અને તમામ સૂચનોને ધ્યાનમાં રાખીને શિક્ષણ નીતિ બનાવવામાં આવી છે. આ કારણસર રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંગે સમગ્ર દેશમાં ઉત્સાહ જોવા મળે છે. કેન્દ્રીય મંત્રી અમિત શાહ કહે છે, “ટેકનિકલ શિક્ષણ હોય કે મેડિકલ શિક્ષણ હોય કે કાયદાકીય શિક્ષણ, આપણે આ તમામ વિષયો ભારતીય ભાષાઓમાં ન ભણાવીએ તો આપણે દેશની ક્ષમતાઓને મર્યાદિત કરીને માત્ર 5 ટકાનો જ ઉપયોગ કરી શકીએ છીએ. પણ જ્યારે આ જ્ઞાનને ભારતીય ભાષાઓમાં ભણાવીએ છીએ ત્યારે આપણે દેશની 100 ટકા ક્ષમતાઓનો ઉપયોગ કરી શકીએ છીએ.” જાહેર શિક્ષણ પ્રણાલિ જ જીવંત લોકશાહી સમાજનો આધાર હોય છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભારતની સંસ્કૃતિ અને જ્ઞાન પરંપરાને સમાવવાની સાથે સાથે વિશ્વભરનાં ઇનોવશન, ચિંતન અને આધુનિકતાને સમાવવાનો રસ્તો પણ ખુલ્યો છે, જેમાં સંકુચિત વિચારને કોઇ અવકાશ નથી. ●

વિશેષ

## વિશ્વ ફોટોગ્રાફી દિવસ
## વિશ્વ માનવતા દિવસ

# હંમેશા માનવતાને સમર્પિત

માનવતાનો સંદેશો ફેલાવવા માટે 19 ઓગસ્ટનાં રોજ વિશ્વ માનવતા દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે વિશ્વ ફોટોગ્રાફી દિવસ પણ છે, જે શોખ માટે ફોટોગ્રાફી કરનારાઓને પ્રેરિત કરે છે. આ વર્ષે વિશ્વ ફોટોગ્રાફી દિવસનો વિષય છે- 'લેન્સના માધ્યમથી મહામારી લોકડાઉન.' દેશની પ્રગતિ વચ્ચે માનવતાની ભાવનાને ધ્યાનમાં રાખીને 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ સાથે સબકા પ્રયાસ'ની જન ભાગીદારીથી સદીની સૌથી મોટી વૈશ્વિક મહામારી કોરોનામાં સરકારે કઈ રીતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ પેકેજ, વિશ્વનાં સૌથી મોટી રસીકરણ અભિયાનમાં 200 કરોડ ડોઝ દ્વારા માનવતાની સેવા કરી તેની તસવીરી ઝલક અહીં રજૂ કરવામાં આવી છે.





## મેડ ઇન ઇન્ડિયા વેક્સિન...

રસીનાં વિકાસ અને ઉત્પાદનની પ્રક્રિયાની વ્યક્તિગત સમીક્ષા કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં ઝાયડસ બાયોટેક પાર્ક, હૈદરાબાદમાં ભારત બાયોટેક અને પૂણેમાં સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાની મુલાકાત લીધી.

નવા ભારતની આત્મનિર્ભરતા અને તાકાતનું ઉદાહરણ રજૂ કરતા રસીના વિકાસ માટે અત્યાર સુધીની સૌથી ઝડપી મંજૂરી આપવામાં આવી.

ઝાયકોવ-ડી દેશમાં વિક્સિત વિશ્વની સૌ પ્રથમ ડીએનએ અને GEMCOVAC-19, ભારતની પ્રથમ mRNA કોવિડ-19 રસી છે.

**11**

મહિનાની અંદર દેશને મળી પ્રથમ સ્વદેશી કોરોના રસી-કોરોનાનો પ્રથમ કેસ નોંધાયા બાદ.

## પીએમ ગરીબ કલ્યાણ અન્ન યોજના

### જેથી કોઇ ભૂખ્યું ન સૂવે



**2.78**

લાખ કરોડ ખર્ચ. એપ્રિલ 2020થી 80 કરોડ ગરીબોને પાંચ કિલો પ્રતિ માસ મફતમાં અનાજ આપવામાં આવી રહ્યું છે.










**39,000**

કરોડ રૂપિયાથી વધુની રકમ છૂટી કરી છે સરકારે 12 જુલાઇ, 2022 સુધી આ યોજના હેઠળ રાજ્યોને

# રસીકરણનો ઘટનાક્રમ



## 200 કરોડ ડોઝ

ભારતમાં વિશ્વનું સૌથી ઝડપી અને મફત રસીકરણ અભિયાન ચલાવવામાં આવ્યું, આ અંતર્ગત ભારતે 1.5 વર્ષમાં 200 કરોડ ડોઝનું લક્ષ્ય હાંસલ કર્યું



## પ્રથમ વાર....

દેશમાં પ્રથમ વાર ડ્રોન દ્વારા મણિપુરના બિશનપુરથી કરાંગ સુધી રસી મોકલવામાં આવી. રોડ માર્ગે બંને વચ્ચેનું અંતર 26 કિ.મી. છે, પણ ડ્રોનથી તે 15 કિ.મી.જ હતું. ICMR એ માત્ર 12થી 15 મિનિટમાં જ રસી પહોંચાડી દીધી.



પશ્ચિમ બંગાળ



બાડમેર, રાજસ્થાન



કાશ્મીર





વેક્સિન મૈત્રી..

ભારતે 'વસુધૈવ કુટુમ્બકમ'ની ફિલોસોફી પ્રમાણે વેક્સિન મૈત્રી અંતર્ગત વિશ્વને 24 કરોડ વેક્સિન ડોઝ સપ્લાય કર્યા છે.

વિશ્વના સૌથી મોટા અને સૌથી ઝડપી રસીકરણ અભિયાનમાં એક દિવસમાં સૌથી વધુ 2.5 કરોડ રસીનાં ડોઝ આપવાનો વિક્રમ.


કોવિન એપ પર 110 કરોડ રજીસ્ટ્રેશન કરાવીને વિશ્વનાં સૌથી મોટું ડિજિટલ રસીકરણ અભિયાનની સાથે હવે 200 કરોડ ડોઝનો નવો રેકોર્ડ બનાવ્યો છે.

# રસીકરણનો ઘટનાક્રમ

કાર્બી આંગલોંગ, આસામ



પહલગામ, કાશ્મીર





રાજનાંદ ગાંવ, છત્તીસગઢ





આ તસવીર હિમાચલ પ્રદેશના લાહૌલ સ્પિતીની છે. આરોગ્યકર્મી પહોંચ્યા ત્યારે સાંજ પડી ગઈ હતી. છેવટે, અંધારામાં મોબાઇલ ટોર્ચનાં પ્રકાશમાં રસી આપવામાં આવી.




## આવી રીતે વધ્યું શૂન્યથી 200 કરોડ સુધીનું રસીકરણ

| | |
|---|---|
| 16 જાન્યુઆરી, 2021 | વિશ્વનાં સૌથી મોટા રસીકરણનો શુભારંભ |
| 2 ઓગસ્ટ, 2021 | 50 કરોડ , 204 દિવસ |
| 21 ઓક્ટોબર, 2021 | 100 કરોડ , 75 દિવસ |
| 8 જાન્યુઆરી, 2022 | 150 કરોડ , 79 દિવસ |
| 15 જુલાઇ, 2022 | 200 કરોડ , 191 દિવસ |



મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લામાં 108 વર્ષીય વડીલને 'હર ઘર દસ્તક' અંતર્ગત રસી લગાવતા આરોગ્યકર્મી.





# જનતાનાં રાષ્ટ્રપતિ
# દ્રૌપદી મુર્મુ

**ભારતની આઝાદીના 75મા વર્ષમાં સામાજિક પરિવર્તનની આ યાદગાર તસવીર છે. માત્ર મહિલા સશક્તિકરણ નહીં, પણ મહિલા શક્તિનાં નેતૃત્વમાં વિકાસના અભિગમનું આ ઉત્તમ દ્રષ્ટાંત છે. પ્રથમ આદિવાસી રાષ્ટ્રપતિ, પ્રથમ મહિલા આદિવાસી રાષ્ટ્રપતિ અને ઓડિશાના અંતરિયાળ આદિવાસી વિસ્તારમાંથી આવતા દ્રૌપદી મુર્મુનુ જીવન સંઘર્ષ સામે ઝઝૂમવાની પ્રેરણા આપે છે અને નવા ભારતનું પ્રતિબિંબ છે. જંગલ વિસ્તારમાંથી રાઈસિના હિલ સુધી પહોંચનાર રાષ્ટ્રપતિ મુર્મુ એ નવા ભારતનું પ્રતીક છે જેને અમૃત કાળમાં સાકાર કરવામાં દેશનો પ્રત્યેક નાગરિક કાર્યરત છે. આવો જાણીએ, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની રાઈસિના હિલ સુધીની યાત્રાના પ્રેરક ઘટનાક્રમ અંગે જેને સાકાર કરવામાં ભારત સરકારે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ અને સબકા કર્તવ્ય"ને આધારસ્તંભ બનાવ્યો....**




પહાડપુર, ઓડિશાના મયૂરભંજના રાયરંગપુર નગરનું નાનકડું ગામ છે. અહીંથી લગભગ અઢી કિલોમીટર દૂર એક સ્કુલ છે. શ્યામ, લક્ષ્મણ, શિપુણ સેકન્ડરી રેસિડેન્શિયલ સ્કુલ. એક સમયે અહીં એક ઘર હતું. ત્યારે ન પાકી દિવાલો હતી, કે ન પાકી છત. નળિયા અને સુકા ઘાસમાંથી બનેલું ઘર અને વાંસનો નાનકડો દરવાજો. ઓક્ટોબર, 2009થી 2013 એમ માત્ર ચાર વર્ષમાં બે પુત્રો અને પતિનાં મૃત્યુએ એક મહિલાને ભારે આઘાત આપ્યો. સુમસામ બની ગયેલું આ ઘર જીવંત રહે તે માટે તેમણે તેને રેસિડેન્શિયલ સ્કુલ બનાવવા માટે દાનમાં આપી દીધું. પતિ અને બંને પુત્રોની યાદમાં અહીં શાળા બનાવવામાં આવી, જ્યાં હાલમાં 75 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં બંને દીકરાઓ અને પતિની પ્રતિમા છે, જેમની પૂણ્યતિથીએ આ મહિલા જરૂર જાય છે.

એક પછી એક બે પુત્રો અને પતિનાં મૃત્યુથી આઘાતમાં સરી પડેલી આ મહિલાએ આધ્યાત્મનો આશરો લીધો અને પોતાની જાતને સમાજના કામોમાં વ્યસ્ત રાખી. રાયરંગપુરમાં બ્રહ્મકુમારી સંસ્થામાં તેઓ હંમેશા સમયસર જતા હતા. આ ક્રમ ઝારખંડના રાજ્યપાલ બન્યાં ત્યાં સુધી ચાલુ રહ્યો. ભલે તેમણે કેન્દ્રમાં જવાનું બંધ કરી દીધું પણ ધ્યાન (મેડીટેશન) કરવાનું ચાલુ રાખ્યું. તેમની માનસિક શક્તિનું આ મોટું કારણ છે. સવારે વહેલું ઉઠી જવું, ચાલવા જવું અને યોગને નિયમિત જીવનશૈલી બનાવીને માનસિક રીતે મજબૂત રહેવું એ દેશનાં 15મા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના જીવનની કહાની છે.

દ્રૌપદી મુર્મુ બાળપણથી જ દ્રઢ નિશ્ચયી રહ્યાં છે. તેમને ભણાવનાર શિક્ષક બાસુદેવ બેહરા કહે છે કે તેઓ પોતાનાં વર્ગમાં પ્રથમ ક્રમે આવતા અને તેમને હંમેશા સૌથી વધુ માર્ક્સ મળતા હતા. એ વખતે એવો નિયમ હતો કે વર્ગમાં સૌથી વધુ માર્ક મેળવનાર વિદ્યાર્થી જ વર્ગ મોનિટર બને. પણ વર્ગમાં છોકરીઓની સંખ્યા ઓછી હતી એટલે શિક્ષકને ભય હતો કે તે આખા વર્ગને નહીં સંભાળી શકે. પણ દ્રૌપદી મુર્મુ ન માન્યા. અંતે શિક્ષકને તેમને જ મોનિટર બનાવવાની ફરજ પડી. બેહરા કહે છે કે દ્રૌપદી સાતમા ધોરણ બાદ અભ્યાસ માટે ભુવનેશ્વર જતાં રહ્યાં. એ વખતે તેઓ પોતાના ગામ ઉપરબેડાથી ભુવનેશ્વર જઇને ભણનાર એક માત્ર છોકરી હતી.

દ્રૌપદી બાળપણથી જ દ્રઢ સંકલ્પ અને એકાગ્રતા ધરાવતાં હતાં. શાળાના દિવસોમાં જ્યારે પણ ભારે વરસાદ થતો હોય, ચારે બાજુ પાણી હોય, નદી ભરાઈ ગઈ હોય અને

> મારી સામે ભારતના રાષ્ટ્રપતિપદનો મહાન વારસો છે. દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડોક્ટર રાજેન્દ્રપ્રસાદથી માંડીને રામનાથ કોવિંદ સુધી, અનેક વિભૂતિઓએ આ હોદ્દાને શોભાવ્યો છે. બંધારણને અનુરુપ હું સંપૂર્ણ નિષ્ઠાથી મારી ફરજોનું પાલન કરીશ. મારા માટે ભારતનાં લોકશાહી-સાંસ્કૃતિક આદર્શ અને તમામ દેશવાસી હંમેશા મારી ઊર્જાના સ્ત્રોત રહેશે.
>
> **-દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ**

> આઝાદી પછી પ્રથમ વાર આદિવાસી સમાજમાંથી એક મહિલા રાષ્ટ્રપતિ દેશનું નેતૃત્વ કરવા જઈ રહ્યાં છે. આ આપણી લોકશાહીની તાકાત છે, આપણાં સર્વસમાવેશી વિચારનું જીવતું જાગતું ઉદાહરણ છે.
>
> સામાજિક ન્યાયનો અર્થ છે- સમાજનાં દરેક વર્ગને સમાન તક મળે, જીવનની પાયાની જરૂરિયાતોથી કોઇ પણ વંચિત ન રહે. દલિત, પછાત, આદિવાસી, મહિલાઓ, દિવ્યાંગ આગળ આવશે ત્યારે જ દેશ આગળ આવશે.
>
> **-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

**શિક્ષકો પણ ન આવતા હોય ત્યારે વિદ્યાર્થીઓ તો સ્વાભિવક રીતે ન જ આવે. પણ દ્રૌપદી નદીમાં તરીને શાળામાં આવ્યા. એ સમયે શિક્ષકે કહ્યું હતું, એક દિવસ દ્રૌપદી પણ શિક્ષક બનશે.**

**દ્રૌપદીના બાળપણ કે શાળાના દિવસોની વાત છે. 1970ના દાયકાની વાત છે. એ સમયે મયૂરભંજમાં સાક્ષરતા દર માત્ર 12.22 ટકા હતો અને ત્યાં કોઇ મેટ્રિક પાસ ન હતું. પણ દ્રૌપદીને ભણવામાં ખૂબ રસ હતો. એ સમયે રાજેન્દ્ર નારાયણ સિંહદેવ રાજ્યના મુખ્યમંત્રી હતા, જેમના મંત્રીમંડળમાં શહેરી વિકાસ મંત્રી કાર્તિક ચંદ્ર માંઝી હતા, જેઓ ઉપરબેડાના રહેવાસી હતા. એક દિવસ તેમની જાહેર સુનાવણી હતી અને એ બેઠકમાં દ્રૌપદી તેમના ખેડૂત પિતા બિરંચી ટુડુ સાથે ગયા હતાં. તેમણે સાતમું ધોરણ પાસ કરી લીધું હતું પણ ગામમાં આઠમા ધોરણ માટેની સુવિધા ન હતી. દ્રૌપદી તેમની માર્કશીટ લઇને માંઝી પાસે ગયા અને અહીંથી તેમની ભુવનેશ્વરની યાત્રા શરૂ થઈ. 1970માં દ્રૌપદી તેમની માતા અને ગામ છોડીને 280 કિલોમીટર દૂર ભુવનેશ્વર જતાં રહ્યાં. દ્રૌપદી કુંતલકુમારી હોસ્ટેલમાં રહ્યાં અને કન્યા શાળામાં ભણ્યાં. રમાદેવી કોલેજમાંથી પોલિટિકલ સાયન્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી.**

**દ્રૌપદી મુર્મુ રાષ્ટ્રપતિ બનતાં ભાવવિભોર થતાં ઉપરબેડા ગામના નિવાસી કહે છે, મારું ગામ તો ડિજિટલ ગામ છે. બધાં ઘરોમાં લોકોના બેન્ક ખાતા છે. ખેતીવાડી માટે ઘેર બેઠાં ધિરાણ મળી જાય છે. તમામ ઘરોમાં પાણીની પાઇપલાઈન છે. તમામને ત્યાં શૌચાલય છે. ગરીબો માટે પીએમ આવાસ છે. તેનો શ્રેય દ્રૌપદીને જાય છે.**

આવું સંઘર્ષમય જીવન જીવનાર, પ્રતિભાશાળી, શિસ્તના આગ્રહી, અભ્યાસમાં તેજસ્વી અને સમાજસેવા કરનાર દ્રૌપદી મુર્મુ 25 જુલાઇનાં રોજ દેશનાં રાષ્ટ્રપતિ પદ પર આરૂઢ થયાં. અંતરિયાળ જંગલ વિસ્તારમાંથી રાયસિના હિલ પહોંચીને રાષ્ટ્ર પ્રમુખ બનવાની સફર સરળ નથી હોતી. રાષ્ટ્રપતિની ચૂંટણી દરમિયાન પ્રથમ વાર મીડિયામાં તેમનાં જીવનનાં સંઘર્ષની કહાની સામે આવી, જે હવે રાષ્ટ્ર માટે પ્રેરણા બની ગઈ છે. દ્રૌપદી મુર્મુ કહે છે, "જીવનમાં મને બધું જ મળ્યું છે. ક્યારેય કોઇ હોદ્દો માંગ્યો નથી. ખબર નહીં મારી અંદર શું છે. મારું કામ મને ખેંચી લાવ્યું છે." પોતાના જીવનની યાત્રા પૂર્વ ભારતના ઓડિશાના નાનકડા આદિવાસી ગામથી શરૂ કરનાર, સામાન્ય પૃષ્ઠભૂમિ ધરાવતાં દ્રૌપદી મુર્મુ માટે પ્રાથમિક શિક્ષણ મેળવવું એ પણ એક સપના જેવું હતું. પણ અનેક મુશ્કેલીઓ છતાં દ્રઢ સંકલ્પને કારણે કોલેજ અભ્યાસ કરનાર તેઓ પોતાના ગામની પ્રથમ મહિલા બન્યાં. આદિવાસી સમાજમાં જન્મેલાં દ્રૌપદી મુર્મુ

## નવા ચૂંટાયેલાં રાષ્ટ્રપતિનું પ્રથમ સંબોધન

# મો જીવન પછે નર્કે પડી થાઉ, જગત ઉધ્ધાર હેઉ

### એટલે કે પોતાના જીવનના હિત-અહિત કરતાં વિશ્વનાં કલ્યાણ માટે કામ કરવું ઘણું સારું

**શ્રી જગન્નાથ ક્ષેત્રના પ્રખ્યાત કવિ ભીમ ભોઈજીની કવિતાની આ પંક્તિને ટાંકીને દેશનાં પ્રથમ મહિલા આદિવાસી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મહાન ભારતની પરિકલ્પનાને સાકાર કરવાનો સંકલ્પ લીધો. પોતાના પ્રથમ સંબોધનમાં તેમણે જણાવ્યું, "જગત કલ્યાણની આ ભાવના સાથે હું આપ સૌનાં વિશ્વાસ પર ખરા ઉતરવા માટે સંપૂર્ણ નિષ્ઠા અને લગનથી કામ કરવા માટે હંમેશા તત્પર રહીશ." તેમણે દેશને આહવાન પણ કર્યું કે બધાં સાથે મળીને સમર્પિત ભાવથી કર્તવ્ય પથ પર આગળ વધે તથા વૈભવશાળી અને આત્મનિર્ભર ભારતનું નિર્માણ કરે. તેમના સંબોધનમાં નવા ભારતની દ્રષ્ટિ અને તે માટેનાં સંકલ્પો પર એક નજરઃ**



- પૂજ્ય બાપુએ આપણને સ્વરાજ, સ્વદેશી, સ્વચ્છતા અને સત્યાગ્રહ દ્વારા ભારતના સાંસ્કૃતિક આદર્શોની સ્થાપનાનો માર્ગ દર્શાવ્યો હતો. નેતાજી સુભાષચંદ્ર બોઝ, નહેરુજી, સરદાર પટેલ, બાબા સાહેબ આંબેડકર, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, ચંદ્રશેખર આઝાદ જેવા અનેક સ્વતંત્રતા સેનાનીઓએ આપણને રાષ્ટ્રના સ્વાભિમાનને સર્વોપરિ રાખવાની શીખ આપી હતી.
- રાણી લક્ષ્મીબાઇ, રાણી વેલુ નચિયાર, રાણી ગાઇદિનલ્યુ અને રાણી ચેન્નમ્મા જેવી અનેક વીરાંગનાઓએ રાષ્ટ્ર રક્ષા અને રાષ્ટ્ર નિર્માણમાં નારી શક્તિની ભૂમિકાને નવી ઊંચાઈ આપી હતી.
- સંથાલ ક્રાંતિ, પાઇક ક્રાંતિથી માંડીને કોલ ક્રાંતિ અને ભીલ ક્રાંતિએ સ્વતંત્રતા સંગ્રામમાં આદિવાસી યોગદાનને વધુ મજબૂત કર્યું હતું. સામાજિક ઉત્થાન અને દેશ પ્રેમ માટે 'ધરતી આબા' ભગવાન બિરસા મુંડાના બલિદાનમાંથી આપણને પ્રેરણા મળી હતી.
- મને ખુશી છે કે આઝાદીની લડાઇમાં આદિવાસી સમાજના

વોર્ડના નગરસેવકથી માંડીને ભારતનાં રાષ્ટ્રપતિ પદ સુધી પહોંચવું એ લોકશાહીની જનની ભારતના મહાન વારસાનું ઉદાહરણ છે.

ભારતના લોકશાહીની તાકાત જૂઓ કે દેશના અંતરિયાળ આદિવાસી વિસ્તારનાં ગરીબ ઘરમાં જન્મેલી દીકરી ભારતના સર્વોચ્ચ બંધારણીય હોદ્દા પર પહોંચી છે. રાષ્ટ્રપતિ પદે શપથ ગ્રહણ કર્યા બાદ કરેલા સંબોધનમાં દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રની આ ઉપલબ્ધિને આ રીતે વ્યક્ત કરી, "રાષ્ટ્રપતિના પદ પર પહોંચવું મારી વ્યક્તિગત સફળતા નથી, આ ભારતનાં દરેક ગરીબની સફળતા છે. મારી પસંદગી એ વાતની સાબિતી છે કે ભારતમાં ગરીબ વ્યક્તિ સપના જોઈ શકે છે અને તેને પૂરાં પણ કરી શકે છે. અને મારા માટે એ બહુ સંતોષની વાત છે કે જેઓ સદીઓથી વંચિત રહ્યા, જેઓ વિકાસના લાભથી દૂર રહ્યા, દલિત, પછાત અને

યોગદાનને સમર્પિત અનેક મ્યુઝીયમ દેશભરમાં બનાવવામાં આવી રહ્યા છે.

- સંસદીય લોકશાહીનાં રૂપમાં 75 વર્ષમાં ભારતે પ્રગતિના સંકલ્પને ભાગીદારી અને સર્વ સંમતિથી આગળ વધાર્યા છે.
- વિવિધતાથી ભરેલા આપણા દેશમાં આપણે અનેક ભાષાઓ, ધર્મ, સંપ્રદાય, ખાણી-પીણી, રહેણકરણી, રીતિ-રિવાજો અપનાવતા 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ના નિર્માણમાં સક્રિય છીએ.
- આઝાદીના 75મા વર્ષ પ્રસંગે આવેલો અમૃત કાળ ભારત માટે નવા સંકલ્પોનો સમયગાળો છે. આજે હું આ નવા યુગનાં સ્વાગતમાં આપણા દેશની નવી દ્રષ્ટિ સાથે તત્પર અને તૈયાર જોઇ રહી છું.
- આપણે ભારતીયોએ પોતાના પ્રયત્નોથી કોરોનાનાં વૈશ્વિક પડકારોનો સામનો કર્યો છે એટલું જ નહીં, વિશ્વ સમક્ષ નવા માપદંડ પણ પ્રસ્થાપિત કર્યા છે. થોડાં દિવસો પહેલાં ભારતે કોરોના વેક્સિનનો 200મો ડોઝ લગાવવાનો રેકોર્ડ સર્જ્યો છે.
- કોવિડ મહામારીથી સર્જાયેલા માહોલમાં આજે વિશ્વ ભારતને નવા વિશ્વાસથી જોઇ રહ્યું છે. વિશ્વની આર્થિક સ્થિરતા માટે, સપ્લાય ચેઇનની સુગમતા માટે અને વૈશ્વિક શાંતિ માટે વિશ્વને ભારત પર ખૂબ આશા છે.
- આગામી મહિનાઓમાં ભારત તેનાં વડપણ હેઠળ જી-20 ગ્રૂપની યજમાની કરવા જઈ રહ્યું છે. તેમાં વિશ્વનાં 20 મોટાં દેશ ભારતનાં વડપણમાં વૈશ્વિક વિષયો પર મંથન કરશે. મને વિશ્વાસ છે કે ભારતમાં થનારા આ મંથનમાંથી જે નિષ્કર્ષ અને નીતિઓ નિર્ધારિત થશે, તેમાંથી આગામી દાયકાઓની દિશા નક્કી થશે.
- લોકપ્રતિનિધિ તરીકે વિવિધ હોદ્દાઓ પર કાર્ય કરતા અને રાજ્યપાલ તરીકે પણ શૈક્ષણિક સંસ્થાઓ સાથે મારું સક્રિય જોડાણ રહ્યું છે. મેં દેશના યુવાનોના ઉત્સાહ અને આત્મબળને નજીકથી જોયું છે.
- આપણા બધાંના શ્રધ્ધેય અટલજી કહેતા હતા કે દેશનાં યુવાનો જ્યારે આગળ વધે છે ત્યારે તેઓ માત્ર પોતાનું જ ભાગ્ય નથી બદલતા પણ દેશનું પણ ભાગ્ય બનાવે છે. આજે આપણે તેને સાચું થતાં જોઇ રહ્યા છીએ.
- વોકલ ફોર લોકલથી માંડીને ડિજિટલ ઇન્ડિયા સુધીનાં દરેક ક્ષેત્રમાં આગળ વધી રહેલું આજનું ભારત વિશ્વ સાથે ખભે ખભો મિલાવીને ચોથી ઔદ્યોગિક ક્રાંતિ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.
- વિક્રમ સંખ્યામાં બની રહેલા સ્ટાર્ટઅપમાં, નવા-નવા ઇનોવેશનમાં, અંતરિયાળ વિસ્તારોમાં ડિજિટલ ટેકનોલોજીની સ્વીકાર્યતામાં ભારતના યુવાનોની ઘણી મોટી ભૂમિકા છે.
- વીતેલા વર્ષોમાં ભારતે જે રીતે મહિલા સશક્તિકરણ માટે નિર્ણય લીધાં છે, નીતિઓ બનાવી છે, તેમાં પણ દેશમાં નવી શક્તિનો સંચાર થયો છે. હું ઇચ્છું છું કે આપણી તમામ બહેનો અને દીકરીઓ વધુને વધુ મજબૂત બને તથા દેશનાં દરેક ક્ષેત્રમાં પોતાનું યોગદાન વધારતી રહે.
- હું મારા દેશનાં યુવાનોને કહેવા માંગું છું કે તમે તમારા ભવિષ્યનું નિર્માણ કરવાની સાથે સાથે ભવિષ્યનાં ભારતનો પણ પાયો નાખી રહ્યા છો. દેશનાં રાષ્ટ્રપતિ તરીકે હંમેશા તમને મારો પૂરો સહયોગ રહેશે.
- વિકાસ અને પ્રગતિશીલતાનો અર્થ સતત આગળ વધવાનો હોય છે, પણ સાથે સાથે પોતાના ભૂતકાળનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે.
- આજે જ્યારે વિશ્વ 'સસ્ટેનેબલ પ્લેનેટ'ની વાત કરે છે ત્યારે તેમાં ભારતની પ્રાચીન પરંપરાઓ, આપણા ભૂતકાળની સાતત્યપૂર્ણ જીવનશૈલીની ભૂમિકા વધી જાય છે.
- મારો જન્મ તો એ આદિવાસી પરંપરામાં થયો છે, જેણે હજારો વર્ષોથી પ્રકૃતિ સાથે તાલમેલ બનાવીને જીવનને આગળ વધાર્યું છે. મેં જંગલનાં મહત્વને મારા જીવનમાં અનુભવ્યું છે. અમે પ્રકૃતિ પાસેથી જરૂરી સંસાધનો લઈએ છીએ અને એટલી જ શ્રધ્ધાથી પ્રકૃતિની સેવા પણ કરીએ છીએ. આ જ સંવેદનશીલતા આજે વૈશ્વિક અનિવાર્યતા બની ગઈ છે. મને એ વાતની ખુશી છે કે ભારત પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં વિશ્વનું માર્ગદર્શન કરી રહ્યું છે.

આદિવાસી મારામાં પોતાનું પ્રતિબિંબ જોઈ રહ્યા છે. મારી નિયુક્તિમાં દેશનાં ગરીબનાં આશીર્વાદ જોડાયેલા છે, દેશની કરોડો મહિલાઓ અને દીકરીઓનાં સપના અને સામર્થ્યની ઝલક છે. મારી નિયુક્તિમાં જૂની પરંપરાથી અલગ નવા રસ્તાઓ પર ચાલનારા ભારતના આજના યુવાનોનું સાહસ પણ સામેલ છે. આવા પ્રગતિશીલ ભારતનું નેતૃત્વ કરતા આજે હું ગૌરવની લાગણી અનુભવી રહી છે." દ્રૌપદી મુર્મુ દેશનાં પ્રથમ રાષ્ટ્રપતિ બન્યાં છે, જેમનો જન્મ સ્વતંત્ર ભારતમાં થયો છે.

રાષ્ટ્રપતિ તરીકે દ્રૌપદી મુર્મુની નિયુક્તિએ દેશની પ્રત્યેક વ્યક્તિમાં આશાનો સંચાર કર્યો છે. દેશમાં કોઇ પણ સામાન્ય વ્યક્તિ ઊંચા હોદ્દા સુધી પહોંચી શકે છે. ભારતે આઝાદીના 75મા વર્ષમાં ઇતિહાસ રચ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, "ભારતે ઇતિહાસ રચ્યો છે. દેશના 1.3

# ભારતના રાષ્ટ્રપતિ



## ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

ભારતીય સ્વતંત્રતા આંદોલનના મુખ્ય નેતા. બે મુદત સુધી રાષ્ટ્રપતિ, બંધારણ સભાના અધ્યક્ષ. 1962માં ભારત રત્ન અર્પણ કરવામાં આવ્યો.



## ડૉ. સર્વપલ્લી રાધા કૃષ્ણન

ફિલોસોફર અને લેખક આંધ્ર યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટીના કુલપતિ રહ્યા. તેમનો જન્મદિવસ 5 સપ્ટેમ્બર શિક્ષક દિવસ તરીકે મનાવાય છે.



## ડૉ. ઝાકીર હૂસૈન

સ્વતંત્રતા સેનાની અને પ્રથમ મુસ્લિમ રાષ્ટ્રપતિ. ભારત રત્નથી સન્માનિત. જામિયા મિલિયા ઇસ્લામિયા યુનિ.ના સ્થાપક સભ્યોમાંના એક હતા.



## વરાહગીરી વેંકટગિરી

ચોથા રાષ્ટ્રપતિ. અગાઉ કાર્યકારી રાષ્ટ્રપતિ હતા. 1975માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા.



## ફખરુદ્દીન અલી અહમદ

ભારતના પાંચમા રાષ્ટ્રપતિ. જેમનું મૃત્યુ રાષ્ટ્રપતિના હોદ્દા પર થયું હોય તેવા બીજા રાષ્ટ્રપતિ.



## નીલમ સંજીવ રેડ્ડી

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી પણ રહ્યા. નીલમ સંજીવ રેડ્ડી કવિ, અનુભવી રાજનેતા અને કુશળ વહીવટકાર હતા.



## જ્ઞાની ઝૈલ સિંહ

ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ જેઓ શીખ ધર્મના હતા. રાષ્ટ્રપતિ બનતા પહેલાં જ્ઞાની ઝૈલ સિંહ પંજાબના મુખ્યમંત્રી અને કેન્દ્રમાં મંત્રી હતા.



## આર વેંકટરમણ

તેઓ વકીલ, સમાજસેવક અને મહાન રાજનેતા હતા. તેમણે પોતાના રાષ્ટ્રપતિ કાળમાં સૌથી વધુ વડાપ્રધાનને હોદ્દાનાં શપથ લેવડાવ્યા હતા.



## ડૉ. શંકરદયાળ શર્મા

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી અને કેન્દ્રીય સંદેશાવ્યવહાર મંત્રી રહ્યા હતા. આ ઉપરાંત તેઓ આંધ્રપ્રદેશ, પંજાબ અને મહારાષ્ટ્રના રાજ્યપાલ પણ હતા.

# ભારતના રાષ્ટ્રપતિ



### કે આર નારાયણન

ભારતના પ્રથમ દલિત રાષ્ટ્રપતિ અને પ્રથમ મલયાલી વ્યક્તિ જેમને દેશનો સર્વોચ્ચ હોદ્દો પ્રાપ્ત થયો.



### ડો. એ પી જે અબ્દુલ કલામ

'ભારતના મિસાઈલ મેન' તરીકે જાણીતા હતા. રાષ્ટ્રપતિ બનનાર તેઓ પહેલાં વૈજ્ઞાનિક હતા. 1997માં ભારત રત્નથી સન્માનિત.



### પ્રતિભા દેવીસિંહ પાટીલ

પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ. રાજસ્થાનનાં રાજ્યપાલ રહ્યાં. સુખોઈ વિમાન ઉડાડનાર તેઓ પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ હતાં.





### પ્રણવ મુખર્જી

રાષ્ટ્રપતિની ચૂંટણી લડ્યાં તે પહેલાં કેન્દ્ર સરકારમાં નાણા મંત્રી હતા. 2017માં તેમને ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા.



### રામનાથ કોવિંદ

વકીલ, સમાજસેવક અને દલિત રાજનેતા હતા. રાષ્ટ્રપતિ બનતાં પહેલાં તેઓ બિહારના રાજ્યપાલ અને રાજ્યસભાના સાંસદ પણ હતા.

અબજ ભારતીયો આઝાદીનો અમૃત મહોત્સવ મનાવી રહ્યા છે ત્યારે ભારતના આદિવાસી સમુદાયની પુત્રીને આપણાં રાષ્ટ્રપતિ ચૂંટવામાં આવ્યા છે, જેમનો જન્મ પૂર્વ ભારતના અંતરિયાળ વિસ્તારમાં થયો હતો. દ્રૌપદી મુર્મુનું જીવન, તેમનો પ્રારંભિક સંઘર્ષ, તેમની સમૃધ્ધ સેવા અને તેમની અનુકરણીય સફળતા પ્રત્યેક ભારતીયને પ્રેરણા આપે છે. તેઓ દેશનાં નાગરિકો, ખાસ કરીને ગરીબો, વંચિતો અને નબળા વર્ગો માટે આશાનાં કિરણ તરીકે ઊભર્યા છે." આજે ભારતમાં એવા સામાજિક-ક્રાંતિકારી પરિવર્તન થઈ રહ્યાં છે જેની 75 વર્ષમાં ચર્ચા પણ નહતી થતી.

**પ્રથમ વાર આદિવાસી સમાજમાંથી આવતી દેશની બેટી ભારતના સૌથી મોટા બંધારણીય હોદ્દા પર પહોંચ્યા છે. દેશે શ્રીમતી દ્રૌપદી મુર્મુજીને રાષ્ટ્રપતિ બનાવ્યા છે. આ 130 કરોડથી વધુ ભારતવાસીઓ માટે બહુ ગૌરવની ક્ષણ છે.**

**-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

# મજબૂત આદિવાસી, રાષ્ટ્રનું સશક્તિકરણ



**ભારતમાં અનુસૂચિત જનજાતિઓની સંખ્યા 705 છે અને તેની વસતિ આશરે 10.45 કરોડ છે. ટકાવારીમાં વાત કરીએ તો કુલ વસતિનો 8.6 ટકા હિસ્સો છે.**

**87,584** કરોડ રૂપિયા બજેટમાં ફાળવાયા અનુસૂચિત જનજાતિના લોકોનાં કલ્યાણ અને આદિવાસી વિસ્તારના વિકાસ માટે 2022-23માં

**આ મોટાં બજેટ અંતર્ગત થશે આ મહત્વનાં કામ**

- **1.28** કરોડ ઘરોમાં નળનું પાણી
- **1.45** કરોડ ઘરોમાં શૌચાલય
- **85** લાખ આયુષ્યમાન ભારત કાર્ડ
- **38** લાખ પાકા મકાન

**આદિવાસી બાબતોના મંત્રાલયનું બજેટ 2014-15માં રૂ. 3850 કરોડ હતું, તેને 2022-23માં વધારીને 8407 કરોડ રૂપિયા કરવામાં આવ્યું છે.**

- અટલબિહારી વાજપેયીના નેતૃત્વમાં એનડીએ સરકાર બન્યા બાદ આદિવાસી સમાજના ઉત્થાન અને સમૃદ્ધિ માટે 1999માં અલગ મંત્રાલય અને રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ પંચની રચના કરી.
- આદિવાસી સમાજનાં ઉત્થાનની શરૂઆત અટલબિહારી વાજપેયીએ કરી હતી, તેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળની સરકારે છેલ્લાં આઠ વર્ષમાં 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'નાં અભિગમ સાથે આગળ ધપાવી છે.
- ઉદ્યોગ સાહસિકતાનાં વિકાસનાં હેતુથી નવી યોજનામાં 327 કરોડ રૂપિયાના બજેટથી 3,110 વન-ધન વિકાસ કેન્દ્રો અને 53,000 વન ધન સ્વ સહાય જૂથોની સ્થાપના.

પણ વીતેલાં કેટલાંક વર્ષોમાં ભારત સરકારની સર્વસમાવેશી વિચારધારા અને મહિલા સશક્તિકરણ, આદિવાસી કલ્યાણ, પછાત-સવર્ણ, અનુસૂચિત જાતિ, વંચિતોનાં વિકાસ માટે પગલાં લેવામાં આવ્યા છે. આઝાદીના અમૃત મહોત્સવ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મંત્ર 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના સંકલ્પનું એનાથી મોટું ઉદાહરણ બીજું કોઇ ન હોઈ શકે કે આદિવાસી સમુદાયમાંથી પ્રથમ વાર કોઈ રાષ્ટ્રપતિ બન્યું છે.

### મહિલા સશક્તિકરણ જ નહીં, મહિલાના નેતૃત્વમાં વિકાસ

સામાન્ય રીતે મહિલા સશક્તિકરણની વાત થતી હોય છે, પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમાં નવા પરિમાણ ઉમેરતાં 'મહિલા



> વીતેલાં આઠ વર્ષનાં શાસનમાં આદિવાસી વિકાસની લગભગ તમામ યોજનાઓમાં અગાઉની સરખામણીમાં નોંધપાત્ર વધારો થયો છે.

## આદિવાસી વર્ગના કલ્યાણ માટે લીધેલાં પગલાં

**50**

**નવા એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કુલનું શિલારોપણ કર્યું પીએમ મોદીએ 27 જિલ્લામાં**

**740**

**સુધી પહોંચાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે 2026 સુધી એકલવ્ય મોડલ સ્કુલનું**


**10**

**આદિવાસી સંશોધન સંસ્થાને મંજૂરી આપવામાં આવી 2014 બાદ દેશભરમાં**

**ટોપ ક્લાસ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દર વર્ષે 1,000 વિદ્યાર્થીઓને આઈઆઈટી, આઈઆઈએમ, એઈમ્સ જેવી ટોચની સંસ્થાઓમાં એડમિશન માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.**

- આદિવાસીની વસતી ખાસ કરીને ખાણ ધરાવતા શહેરોમાં છે, પણ તેમને ક્યારેય ખાણમાંથી થતી આવકમાં હિસ્સો મળ્યો નથી. ડિસ્ટ્રીક્ટ મિનરલ ફન્ડની સ્થાપનાથી આ વિસંગતિને દૂર કરતા સુનિશ્ચિત કર્યું કે આવકનો 30 ટકા હિસ્સો સ્થાનિક વિકાસ પાછળ ખર્ચવામાં આવે.
- તેનાં દ્વારા અત્યાર સુધી 57000 કરોડથી વધુ રકમ એકત્ર થઈ છે, જેનો ઉપયોગ આદિવાસી વિસ્તારોના વિકાસ માટે થઈ રહ્યો છે.
- આદિવાસી ચીજવસ્તુઓનાં વિતરણ માટે બનેલા ટ્રાઈફેડ સંચાલિત ટ્રાઈબ્સ ઈન્ડિયા આઉટલેટ્સની સંખ્યા 29થી વધીને 116 થઈ ગઈ છે.
- દેશભરમાં 200 કરોડનાં ખર્ચે આદિવાસી સ્વતંત્રતા સંગ્રહાલયોની સ્થાપના ગુજરાત, ઝારખંડ, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, કેરળ, મધ્યપ્રદેશ, તેલંગાણા, મણિપુર, મિઝોરમ અને ગોવામાં થશે, જેને મંજૂરી આપવામાં આવી છે.
- નર્મદા જિલ્લાના ગરુડેશ્વરમાં રાષ્ટ્રીય આદિવાસી સંગ્રહાલય સ્થાપવામાં આવી રહ્યું છે. નિર્માણાધીન સંગ્રહાલય સ્ટેચ્યુ ઓફ યુનિટીથી માત્ર છ કિલોમીટર દૂર છે.
- આઝાદીના આંદોલનમાં અવિસ્મરણીય યોગદાન અને બલિદાન આપનાર આદિવાસી સમાજના વિકાસનાં મુખ્ય પ્રવાહમાં જોડવાના, સામાજિક આર્થિક કલ્યાણ અને રાજકીય પ્રતિનિધિત્વના પ્રયત્ન કરવામાં આવ્યા.

- નાણાકીય વર્ષ 2021-22માં 35.2 લાખ આદિવાસી સમુદાયના વિદ્યાર્થીઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (ડીબીટી) દ્વારા 2500 કરોડ રૂપિયાની પ્રી અને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપી. યોજનામાં 331 યુનિવર્સિટીને સામેલ કરવામાં આવી છે.
- ભગવાન બિરસા મુંડાની જન્મતિથી 15 નવેમ્બરનાં રોજ જનજાતિ ગૌરવ દિવસ જાહેર કરવામાં આવ્યો.
- ભગવાન બિરસા મુંડા આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલય અને બગીચો ઝારખંડમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રને સમર્પિત કર્યો.



શક્તિનાં નેતૃત્વમાં વિકાસ'નો નવો ખ્યાલ દેશ સમક્ષ રજૂ કર્યો છે. આ નીતિ અને વિચારને ચરિતાર્થ કરવાને પરિણામે દેશના સર્વોચ્ચ બંધારણીય હોદ્દા પર એવી આદિવાસી મહિલા આરૂઢ થઈ છે જેમણે પોતાની સંઘર્ષ યાત્રાને જ રાષ્ટ્ર-સમાજનો ધ્યેય બનાવી દીધો છે. જીવનમાં આવેલા તમામ પડકારો છતાં તેમણે સમાજ સેવાનો માર્ગ ન છોડ્યો. કેન્દ્ર સરકારનાં અભિગમ અને નીતિને પરિણામે જ છેલ્લાં કેટલાંક વર્ષોમાં મહિલા ઉત્થાન નહીં પણ મહિલાના નેતૃત્વમાં વિકાસની દ્રષ્ટી રાષ્ટ્રની નીતિ બની ગઈ છે. તેમાં કેન્દ્ર સરકારના સંવેદનશીલ અભિગમે સમાજમાં લોકોમાં જાગૃતિ લાવવાનું પણ કામ કર્યું છે અને હવે દીકરીઓ અભિમાન બની રહી છે. લોકો હવે દીકરીઓને આત્મનિર્ભરતાની ઉડાન ભરતા જોવા માગે છે. એટલાં માટે

# નારી શક્તિનું સશક્તિકરણ






## આયુષ્યમાન ભારત જન આરોગ્ય કાર્ડ યોજનામાં પાંચ લાખ રૂપિયા સુધીનું હેલ્થ કવરેજ, જેમાં 49 ટકા લાભાર્થી મહિલા છે

- સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અને શહેરીમાં 11.5 કરોડથી વધુ ઘરોમાં શૌચાલય નિર્માણ સહિત સામુદાયિક શૌચાલયનું નિર્માણ કરીને મહિલાઓને ગૌરવપૂર્ણ જીવન સુનિશ્ચિત કર્યું.
- પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અને શહેરીમાં 3.14 કરોડથી વધુ પાકા ઘરોમાં 3.10 કરોડથી વધુ ઘરોની માલિકી મહિલા સભ્ય અથવા સંયુક્ત નામ પર આપવામાં આવી છે.
- ધુમાડામુક્ત રસોડાં માટે ઉજ્જવલા યોજના 1.0 અને 2.0 મળીને 1 જુલાઈ, 2022 સુધી 9.34 કરોડ એલપીજી કનેક્શન આપવામાં આવ્યા. એલપીજી કવરેજ 2016માં 62 ટકા હતું, જે 2022માં 104.1 ટકા થઈ ગયું છે.
- મુસ્લિમ મહિલાઓને તીન તલાકની અન્યાયપૂર્ણ પ્રથાથી કાયમ માટે સ્વતંત્રતા મળી. 2019થી લાગુ આ કાયદા બાદ તીન તલાકનાં કેસોમાં 80 ટકા સુધીનો ઘટાડો થયો છે.
- 29 શ્રમ કાયદાનું સરળીકરણ કરીને 4 શ્રમ સંહિતા બનાવવામાં આવી, જેમાં મહિલાઓ માટે સલામતીની અનેક જોગવાઈ કરવામાં આવી છે.
- સરકારે 2017માં મેટરનિટી બેનિફિટ એક્ટ, 1961માં સુધારો કરીને મેટરનિટી લીવને 12 સપ્તાહથી વધારીને 26 સપ્તાહ કરી દીધી છે. હવે ત્રણ મહિનાથી નાની ઉંમરના બાળકને દત્તક લેનાર માતાને પણ 12 સપ્તાહની મેટરનિટી લીવ મળે છે.
- સૈનિક સ્કુલોમાં વિદ્યાર્થીઓનો પ્રવેશ શરૂ, 10 ટકા સીટો અનામત, એનડીએમાં પણ છોકરીઓનો પ્રવેશ શરૂ.

જ સેના હોય કે સ્ટાર્ટઅપ હોય, ઓલિમ્પિક હોય કે રિસર્ચ, શિક્ષણ-વિજ્ઞાન હોય કે રાજકારણ, ઉદ્યોગ સાહસિકતા હોય કે રમતગમત, દરેક ક્ષેત્રમાં મહિલા શક્તિ આકાશને આંબી રહી છે. દીકરીઓ દરેક ક્ષેત્રમાં સફળતા મેળવી રહી છે.

એક સમય હતો જ્યારે દેશમાં મહિલા સશક્તિકરણને સીમિત દાયરામાં જોવા આવતું હતું., ગામ અને ગરીબ પરિવારો તેનાંથી દૂર હતા. પણ વીતેલાં કેટલાંક વર્ષોમાં આ ભેદને દૂર કરવા માટે પણ કેન્દ્ર સરકારે કામ કર્યું છે. આજે મહિલા સશક્તિકરણનો ચહેરો એ 9 કરોડથી વધુ ગરીબ મહિલાઓ પણ છે જેમને પ્રથમ વાર ગેસ જોડાણ મળ્યું છે અને ધુમાડાવાળા રસોડામાંથી મુક્તિ મળી છે. આજે મહિલા સશક્તિકરણનો ચહેરો એ કરોડો માતા-બહેનો પણ છે જેમને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તેમનાં ઘરમાં શૌચાલય મળ્યું છે, જેને ઉત્તરપ્રદેશમાં 'ઈજ્જત ઘર' કહેવામાં આવે છે. આ મહિલાઓને પ્રથમ વાર પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાકું મકાન મળ્યું છે એટલું જ નહીં પણ તેનો માલિકી હક મળ્યો

## ટ્રાઇબ્સ ઇન્ડિયા



- આદિ મહોત્સવ એક લઘુ ભારત છે, જ્યાં આદિવાસી કારીગરો, વણકર, કુંભાર, કઠપુતળી બનાવનાર અને ભરતકામ કરનારાઓની ઉત્કૃષ્ટ શિલ્પ પરંપરા એક જ સ્થળે રજૂ કરવામાં આવે છે.
- આદિવાસી ચીજોનાં ઉત્પાદન અને માર્કેટિંગ માટે સંસ્થાકીય કાર્યક્રમ અંતર્ગત ટ્રાઇફેડ તેનાં પોર્ટલ www.tribesindia.com દ્વારા આદિવાસી ચીજોનાં વેચાણને ઇ-કોમર્સ દ્વારા પ્રોત્સાહન આપે છે. આ પોર્ટલ સાથે 1.25 લાખ કારીગરો જોડાયેલા છે, જેની એક લાખ પ્રોડક્ટ્સ યાદીમાં છે.
- આદિવાસી વસતિની મોટી સંખ્યા ધરાવતા પૂર્વોત્તર વિસ્તારોમાં છેલ્લાં આઠ વર્ષમાં 'એક્ટ ઇસ્ટ' નીતિ અંતર્ગત વિકાસ પર ભાર મૂકવામાં આવ્યો. તમામ મંત્રાલયોની યોજનાઓમાં 10 ટકા બજેટ પૂર્વોત્તર માટે ફરજિયાત કરવામાં આવ્યું. ભારતની 'અષ્ટલક્ષ્મી' સમાન પૂર્વોત્તર રાજ્યોને રાષ્ટ્રીય પ્રગતિમાં સામેલ કરવામાં આવ્યાં.
- દેશભરમાં અનામત અને સામાન્ય સીટો પર 2014માં 53 અનુસૂચિત જનજાતિના સાંસદ લોકસભા ચૂંટણીમાં ચૂંટાયા હતા, જે 2019માં વધીને 56 થયા હતા.

## દિવ્યાંગોનું સશક્તિકરણ



- 2011ની વસતિ ગણતરી પ્રમાણે દેશમાં 2.68 કરોડ દિવ્યાંગજન છે.
- સર્વસુલભ સુગમ્યતા માટે રાષ્ટ્રવ્યાપી સુગમ્ય ભારત અભિયાનની શરૂઆત 3 ડિસેમ્બર, 2015નાં રોજ કરવામાં આવી.
- દિવ્યાંગજનો માટે કૌશલ્ય વિકાસ, પુનર્વસન અને સશક્તિકરણ માટે રાષ્ટ્રીય સંસ્થાઓના વિસ્તરણ કેન્દ્ર તરીકે 21 એકીકૃત કેન્દ્ર સ્થાપવામાં આવ્યા છે.
- દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, 2016ના અમલીકરણ માટેની યોજનામાં અડચણમુક્ત વાતાવરણ, સુગમ્ય ભારત અભિયાન માટે ભંડોળ જારી કરવામાં આવે છે.
- આસામના કામરૂપ જિલ્લામાં દિવ્યાંગતા અભ્યાસ અને પુનર્વસન વિજ્ઞાન યુનિવર્સિટીની સ્થાપના માટે વિસ્તૃત પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું.

છે. આ જ રીતે, કરોડો મહિલાઓને ગર્ભાવસ્થા અને પ્રસૂતિ સમયે મદદ મળે છે, કરોડો મહિલાઓને પોતાના જનધન બેન્ક ખાતા મળ્યા છે અને જ્યારે સરકારની સબસિડી સીધી મહિલાઓના બેન્ક ખાતામાં જાય છે ત્યારે આ મહિલાઓ મહિલા સશક્તિકરણ અને બદલાતા ભારતનો ચહેરો બને છે.

ભારતની નારી શક્તિનો આત્મવિશ્વાસ વધી રહ્યો છે અને હવે તે ખુદ પોતાના ભવિષ્યનું નિર્ધારણ કરીને દેશનાં ભવિષ્યને દિશા આપી રહી છે. આત્મનિર્ભર ભારત અભિયાન મહિલાઓની ક્ષમતાને દેશનાં વિકાસ સાથે જોડવામાં આવી છે. તેનાં પરિણામે, આજે મુદ્રા યોજનાની 70 ટકા લાભાર્થી મહિલા છે, જેમણે મુદ્રા હેઠળ લોન લઈને પોતાનો બિઝનેસ શરૂ કર્યો છે અને બીજાંને પણ રોજગાર આપી રહી છે. આ જ રીતે, મહિલાઓમાં સ્વ સહાય જૂથો દ્વારા ઉદ્યોગ સાહસિકતા વધારવા માટે દીન દયાલ અંત્યોદય યોજના ચલાવવામાં આવી રહી છે. દેશની મહિલાઓનો ઉત્સાહ અને સામર્થ્ય એવાં છે કે વીતેલાં 6-7 વર્ષમાં સ્વસહાય જૂથોની સંખ્યા ત્રણ

## ટ્રાન્સજેન્ડરનું સશક્તિકરણ



- 2011ની વસતિ ગણતરીમાં 4,87,803 વ્યક્તિઓને 'અન્ય'ની કેટેગરીમાં દર્શાવવામાં આવ્યા છે, જેમાં ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે.
- ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનાં અધિકારોની સલામતી અને તેમના કલ્યાણ માટે ઉભયલિંગી (અધિકાર અને સંરક્ષણ) વ્યક્તિ અધિનિયમ 2019ની જોગવાઈને 10 જાન્યુઆરી, 2020થી લાગુ કરવામાં આવી. ફેબ્રુઆરી, 2022માં મંત્રાલયે 'સ્માઈલ' નામની યોજના તૈયાર કરી જેમાં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓનાં કલ્યાણ અને પુનર્વસનની પેટા યોજના સામેલ હતી.
- પીએમ-દક્ષ યોજના અંતર્ગત તેમને કૌશલ્ય વિકાસ તાલીમ આપવાની યોજના ઘડવામાં આવી. ઓગસ્ટ, 2020માં રાષ્ટ્રીય ઊભયલિંગી વ્યક્તિ પરિષદની રચના ઉપરાંત નવેમ્બર, 2020માં ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે રાષ્ટ્રીય પોર્ટલની શરૂઆત કરવામાં આવી.
- ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે 'ગરિમા ગૃહ' નામથી ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, બિહાર, છત્તીસગઢ, તામિલનાડુ અને ઓડિશામાં 12 પાયલટ આશ્રય ગૃહોની શરૂઆત કરવામાં આવી છે.

## લઘુમતીઓનું સશક્તિકરણ



- આઝાદી બાદ પ્રથમ વાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં નબળા વર્ગો માટે પ્રધાનમંત્રી જનવિકાસ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. તેમાં વક્ફ બોર્ડની જમીન પર સ્કુલ, કોલેજ, હોસ્પિટલ, કમ્યુનિટી સેન્ટર અને અન્ય માળખાકીય સુવિધાઓના વિકાસ માટે 100 ટકા રકમ સરકાર આપી રહી છે.
- દેશમાં 7,94,875 રજીસ્ટર્ડ વક્ફ સંપત્તિ છે, જેનું મેઇન્ટેનન્સ કરનાર તમામ રાજ્ય વક્ફ બોર્ડનું ડિજિટલીકરણ પૂરું કરવામાં આવ્યું.
- આઠ વર્ષમાં તમામ છ અધિસૂચિત લઘુમતી સમુદાયના 5.20 કરોડ વિદ્યાર્થીઓને પ્રિ અને પોસ્ટ મેટ્રિક સહિત તમામ પ્રકારની શિષ્યવૃત્તિ આપવામાં આવી, જેમાં 50 ટકા વિદ્યાર્થીની છે.

ગણી વધી ગઈ છે. આ જ પ્રગતિ ભારતના સ્ટાર્ટઅપ ઇકો-સિસ્ટમમાં પણ જોવા મળી રહી છે. વર્ષ 2016થી દેશમાં 56 વિવિધ સેક્ટર્સમાં 60,000થી વધુ નવા સ્ટાર્ટઅપ બન્યાં છે. તેમાંથી 45 ટકામાં ઓછામાં ઓછી એક મહિલા ડિરેક્ટર છે.

મહિલા સલામતી અંગે 2014 બાદ રાષ્ટ્રીય સ્તરે અનેક સાર્થક પ્રયત્નો કરવામાં આવ્યા છે. આજે દેશમાં મહિલાઓ વિરુધ્ધ ગુનાઓ સામે અનેક મોટાં કાયદા છે. બળાત્કાર જેવા જઘન્ય કેસોમાં ફાંસીની પણ જોગવાઈ કરવામાં આવી છે. કાયદાનું કડક પાલન કરાવવા માટે પણ વ્યવસ્થાને સુધારવામાં આવી રહી છે. પોલિસ સ્ટેશનમાં મહિલા સહાયતા ડેસ્કની સંખ્યા વધારવાની હોય કે, ચોવીસ કલાક ખુલ્લી રહેતી હેલ્પલાઇન હોય, સાઈબર ક્રાઇમનો સામનો કરવા પોર્ટલ હોય, આવા અનેક પગલાં મહિલાઓની સલામતીનું કવચ બની રહ્યાં છે. એક સમય હતો જ્યારે દેશે નિર્ભયા કાંડ જેવી ઘટનામાં અસલામતીનો માહોલ જોયો હતો, પણ હવે વર્તમાન કેન્દ્ર સરકાર મહિલાઓ સામેનાં ગુનાઓમાં 'ઝીરો ટોલરન્સ'ની નીતિ પર કામ કરી રહી છે. ભારતની મહિલાઓ આજે સ્વતંત્ર છે, આર્થિક રીતે મજબૂત છે, દ્રઢ સંકલ્પથી સજ્જ છે, સલામતીની લાગણી છે અને માત્ર સપના નથી જોતી, તેને સાકાર પણ કરી રહી છે, તો તેનું મોટું કારણ વડાપ્રધાન મોદીનાં વડપણ હેઠળની મક્કમ સરકારનો પ્રયત્ન છે.

### પ્રત્યેક દેશવાસીનું કલ્યાણ નવા ભારતનો અભિગમ

કોઈ પણ રાષ્ટ્રનાં નવનિર્માણમાં પ્રત્યેક નાગરિકની ભૂમિકા મહત્વની હોય છે. આ વિચાર સાથે 2014થી સમાજનાં તમામ વર્ગોને દેશનાં સંસાધનોમાં સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે લાંબા ગાળાની અનેક યોજનાઓ લાવવામાં આવી. વંચિત અને પછાત સમુદાયો માટે વિશેષ યોજનાઓ સાથે સાથે જીવનમાં સુગમતા લાવનાર કેન્દ્ર સરકારની તમામ યોજનાઓમાં તેમને ભાગીદાર બનાવવામાં આવ્યા છે. એટલાં માટે જ હવે અંતરિયાળ વિસ્તારમાં રહેતા આદિવાસીઓ, અનુસૂચિત જાતિ કે લઘુમતી સમુદાય સાથે સંકળાયેલાં

# તમામ વર્ગનો ખ્યાલ

## સામાન્ય વર્ગ

સામાન્ય વર્ગને આર્થિક આધાર પર 10 ટકા અનામત આપવાનો નિર્ણય લેવાની સાથે તેને લાગુ પણ કરવામાં આવ્યો. તેમાં આઠ લાખ રૂપિયાથી ઓછી વાર્ષિક આવક ધરાવતા પરિવારના વિદ્યાર્થીને લાભ થશે.

## ઓબીસી

રાષ્ટ્રીય પછાત વર્ગ પંચને બંધારણીય દરજ્જો આપવા માટે 2018માં 102મું બંધારણીય સુધારા વિધેયક પસાર કરવામાં આવ્યું હતું. નવા કાયદામાં સ્વીકારવામાં આવ્યું છે કે પછાત વર્ગોને અનામત ઉપરાંત વિકાસની પણ જરૂર છે.

## વરિષ્ઠ નાગરિક

2011ની વસતિ પ્રમાણે દેશમાં 60 વર્ષથી વધુ ઉંમરના વરિષ્ઠ નાગરિકોની વસતિ 10.38 કરોડ છે, જે 2026 સુધી 17.32 કરોડે પહોંચવાનું અનુમાન છે. વરિષ્ઠ નાગરિકો માટે અટલ વયો અભ્યુદય યોજના (AVYAY) નામની અમ્બ્રેલા યોજના 1 એપ્રિલ, 2020થી લાગુ કરવામાં આવી છે, જેમાં વૃધ્ધોની નાણાકીય સલામતી, ભોજન, આરોગ્ય દેખરેખ અને સન્માનનીય જીવન પર કેન્દ્રીય યોજનાઓને સામેલ કરવામાં આવી છે.

**આપણા સ્વતંત્રતા સેનાનીઓએ આઝાદ હિન્દુસ્તાનના નાગરિકો પાસે જે અપેક્ષા રાખી હતી, તેને પૂરી કરવા માટે આપણે આ અમૃત કાળમાં ઝડપથી કામ કરવાનું છે. આ 25 વર્ષમાં અમૃતકાળની સિધ્ધિનો રસ્તો બે પાટા પર આગળ વધશે- સબકા પ્રયાસ અને સબકા કર્તવ્ય. ભારતના ઉજ્જવળ ભવિષ્યની નવી વિકાસ યાત્રા આપણે બધાંના પ્રયત્નોથી કરવાની છે, કર્તવ્યનાં માર્ગે ચાલીને કરવાની છે.**

**-દ્રૌપદી મુર્મુ, રાષ્ટ્રપતિ**

તમામ વર્ગો સાથે હવે કોઇ ભેદભાવ નથી થતો કારણ કે દેશનાં સંસાધનો પર કોઇ ખાસ વર્ગનો નહીં, બધાંને સમાન અધિકાર આપવામાં આવ્યો છે. ખાસ કરીને, આદિવાસી સમુદાયની વાત કરીએ તો, ભારત સરકાર તમામ સમાજની સાથે સાથે આ સમાજનાં ઉત્થાન પ્રત્યે હંમેશા કૃતનિશ્ચયી રહી છે અને વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં પ્રથમ વાર આ વર્ગમાંથી રાષ્ટ્રપતિની પસંદગી આ તેનું સીધું દ્રષ્ટાંત છે.

ભારતીય લોકશાહી માટે આ ઐતિહાસિક પ્રસંગ છે. આ સમાજને ટોચનું પ્રતિનિધિત્વ આપવામાં દેશને સાત દાયકા રાહ જોવી પડી. આજે ભારતીય લોકશાહી આ પ્રશ્નચિહ્નથી મુક્ત થઈ ગઈ છે કારણ કે દેશની કુલ વસતિમાં આદિવાસી સમાજની સંખ્યા લગભગ 9 ટકા છે. સ્વતંત્રતા આંદોલનમાં પણ આદિવાસી સમાજનું યોગદાન અવિસ્મરણીય છે પણ સ્વતંત્ર ભારતમાં લાંબા સમય સુધી તેમને વિકાસનાં મુખ્ય પ્રવાહથી જોડવા અને તેમનાં સામાજિક-આર્થિક ઉત્થાન અને રાજકીય પ્રતિનિધિત્વ માટે પૂરતાં પ્રયત્નો ન કરવામાં આવ્યા.

ભૂતપુર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીના વડપણમાં સરકાર બની ત્યારે આ સમાજની આકાંક્ષાને સમજવાના ગંભીર પ્રયાસ થયા. આદિવાસી સમાજના ઉત્થાન અને સમૃધ્ધિ માટે 1999માં અલગ મંત્રાલય બનાવવાની સાથે જ 89મા બંધારણીય સુધારા દ્વારા રાષ્ટ્રીય અનુસૂચિત જનજાતિ નિગમની સ્થાપના કરીને તેમનાં હિતોને સુનિશ્ચિત કરવાની પહેલ કરવામાં આવી. આદિવાસી સમાજના ઉત્થાન અને સમૃધ્ધિ માટે છેલ્લાં આઠ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અનેક કાર્ય કર્યા છે. કોઇ પણ સમાજનાં વિકાસ માટે શિક્ષણ મહત્વપૂર્ણ માધ્યમ છે, એટલાં માટે કેન્દ્ર સરકારે એકલવ્ય મોડલ સ્કુલ પર ફોકસ કર્યું છે. આદિવાસી સમાજના સામાજિક-આર્થિક કલ્યાણની સાથે સાથે તેમનાં સાંસ્કૃતિક વારસાને સન્માનપૂર્વક દેશ સમક્ષ લાવવાનું કામ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વમાં સતત ચાલુ છે. આદિવાસી કળા, સાહિત્ય, પરંપરાગત જ્ઞાન અને કૌશલ્ય જેવા વિષયોને અભ્યાસમાં સામેલ કરવામાં આવ્યા છે. આઝાદીના અમૃત મહોત્સવનાં ઉપલક્ષ્યમાં આદિવાસી નાયકો-નાયિકાઓની વીરગાથાઓને સામે લાવવાના હેતુથી દેશભરમાં અનેક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે.

ચોક્કસપણે 25 જુલાઈ, 2022 આઝાદીના અમૃત મહોત્સવ વર્ષની એવી તારીખ બની ગઈ છે જે દિવસે દેશે અલગ ઉત્સાહ જોયો. દેશનાં દરેક નાગરિકે રાષ્ટ્રપતિ પદ પર આરુઢ દ્રૌપદી મુર્મુનાં રૂપમાં પોતાનો ચહેરો જોયો.

## વિદાય સમારોહ

# પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને કામ કરવું જોઇએઃ રામનાથ કોવિંદ



ભૂતપુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની મુદત 24 જુલાઈનાં રોજ પૂરી થઈ. 23 જુલાઈની સાંજે લોકસભા અને રાજ્યસભાના સાંસદોએ સંસદ ભવનના સેન્ટ્રલ હોલમાં આયોજિત એક સમારોહમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને વિદાય આપવામાં આવી, જ્યાં તેમણે તમામ રાજકીય પક્ષોને પક્ષીય રાજકારણથી ઉપર ઉઠીને દેશવાસીઓ માટે કામ કરવાનું આહવાન કર્યું. 24 જુલાઈનાં રોજ તેમણે રાષ્ટ્રનાં નામે વિદાય સંદેશ પણ આપ્યો, જેમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે 21મી સદીને ભારતની સદી બનાવવામાં દેશ સંપૂર્ણ રીતે સક્ષમ અને સમર્થ બની રહ્યો છે...

વિદાય સમારોહમાં ભાગ લેતા રામનાથ કોવિંદે જણાવ્યું કે, પક્ષોએ પક્ષીય રાજકારણથી ઉપર ઉઠવું જોઈએ અને 'રાષ્ટ્ર સર્વોપરિ'ની ભાવનાથી એ વિચાર કરવો જોઈએ કે સામાન્ય દેશવાસીઓનાં વિકાસ અને કલ્યાણ માટે શું કરવું જરૂરી છે. પોતાના સંબોધનમાં રાષ્ટ્રપતિએ કહ્યું, 'જ્યારે આપણે સમગ્ર રાષ્ટ્રને એક વિશાળ સંયુક્ત પરિવારનાં રૂપમાં જોઇએ છીએ ત્યારે આપણે એ સમજીએ છીએ કે ક્યારેક મતભેદ પણ પેદા થઈ શકે છે. આ પ્રકારનાં મતભેદોને વાતચીત દ્વારા શાંતિપૂર્ણ અને સૌહાદપૂર્ણ રીતે ઉકેલી શકાય છે."

24 જુલાઈનાં રોજ રાષ્ટ્રનાં નામે કરેલા સંબોધનમાં તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે દેશ 21મી સદીનાં ભારતને બનાવવામાં સંપૂર્ણ સક્ષમ અને સમર્થ બની રહ્યો છે. તેમણે કહ્યું, "ભારતનું ભવિષ્ય તેનાં દરેક નાગરિકમાં સલામત છે, જે પોતાનાં દેશને વધુ સારો બનાવવાના પ્રયાસમાં લાગ્યો છે." પોતાના બાળપણને યાદ કરતા કોવિંદે જણાવ્યું કે માટીના ઘરમાં રહેનાર યુવાન દેશનાં સર્વોચ્ચ બંધારણીય હોદા અંગે ક્યારેય વિચારી શકતો ન હતો. સંબોધનનાં અંતમાં તેમણે દરેક વ્યક્તિને આવનારી પેઢીઓ માટે પર્યાવરણ, જમીન, વાયુ અને જળ સંરક્ષણ કરવાની અપીલ કરી.

નારી શક્તિનાં નેતૃત્વની મૂર્તિ બનેલાં રાષ્ટ્રપતિ અંગે આ પ્રકારનો ઉત્સાહ દેશના સંસદીય ઇતિહાસમાં બહુ ઓછો જોવા મળ્યો હશે. સાધારણ પૃષ્ઠભૂમિ, ભારતની સભ્યતા, બંધારણીય મૂલ્યો અને લોકશાહીમાં કાયમી વિશ્વાસની અભિવ્યક્તિ બનેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવા ભારત માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં સંકલ્પોનું દ્રષ્ટાંત બન્યા છે, જેમણે હંમેશા પોતાનાં કર્તવ્યને સર્વોપરિ રાખ્યું છે. દેશનાં પ્રથમ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ બનવાનું ગૌરવ હાંસલ કરનાર દ્રૌપદી મુર્મુનાં જીવનનું દરેક પાસુ એવી કહાનીની જેમ છે જે આવનારી પેઢીઓને પ્રેરિત અને અસર કરતી રહેશે. ●

# "વડાપ્રધાન તરીકે તમારી સાથે કામ કરવું ખરેખર મારા માટે સૌભાગ્ય હતું"

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



**દેશના ભૂતપુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે રાષ્ટ્રપતિ ભવનમાંથી વિદાય લીધી. તેમની જગ્યાએ દ્રૌપદી મુર્મુએ રાષ્ટ્રપતિપદનાં શપથ લીધાં. આ દરમિયાન, રામનાથ કોવિંદે પોતાના સત્તાવાર ટ્વિટર હેન્ડલ પર પીએમ મોદીએ તેમને લખેલો પત્ર રજૂ કર્યો. તેમાં વડાપ્રધાન મોદીએ દેશના સર્વોચ્ચ બંધારણીય પદ પર રહેલા ભૂતપુર્વ રાષ્ટ્રપતિના કાર્યકાળની પ્રશંસા કરી હતી. તેમણે એમ પણ લખ્યું કે, મારી માતા સાથે તમારી મુલાકાત અને વાતચીત ખાસ હતી. સાથે સાથે, એ અંગે ખુશી વ્યક્ત કરી કે તેમને કોવિંદ સાથે કામ કરવાની તક મળી.....**

### પીએમ મોદીએ રાષ્ટ્રપતિ માટે આમ કહ્યું

ભૂતપુર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને 24 જુલાઈનાં રોજ લખેલા બે પાનાના પત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, તેમણે ભારતના રાષ્ટ્રપતિ તરીકે પોતાના કાર્યકાળ દરમિયાન સિધ્ધાંતો, ઈમાનદારી, કામકાજ, સંવેદનશીલતા અને સેવાના ઉચ્ચ માપદંડો પ્રસ્થાપિત કર્યા. પીએમ મોદી વધુમાં લખે છે, "આપના સમગ્ર જીવન અને કારકિર્દીમાં તમે દ્રઢ સંકલ્પ અને ગરિમા જાળવી રાખી, આપણા બંધારણના સિધ્ધાંતો પ્રત્યે ઊંડી પ્રતિબધ્ધતા, સર્વોચ્ચ સન્માન અને જવાબદારી દર્શાવી. સમગ્ર દેશ તરફથી હું આપને રાષ્ટ્રપતિ તરીકે શાનદાર કાર્યકાળ બદલ અભિનંદન પાઠવું છું."

### નાના ગામથી રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચવા બદલ પ્રશંસા

વડાપ્રધાન મોદીએ ઉત્તરપ્રદેશના નાના ગામથી રાષ્ટ્રપતિ ભવન સુધીની તેમની વ્યક્તિગત યાત્રાની પણ પ્રશંસા કરી.

**રાષ્ટ્રપતિ તરીકે રામનાથ કોવિંદની મુદત 24 જુલાઇનાં રોજ પૂરી થઈ અને 25 જુલાઇનાં રોજ દ્રૌપદી મુર્મુએ ભારતના 15મા રાષ્ટ્રપતિ તરીકે શપથ લીધી.**

**23 જુલાઇનાં રોજ રામનાથ કોવિંદના સન્માનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડીનરનું પણ આયોજન કર્યું**

તેમણે લખ્યું, "આપણે સ્વતંત્રતાની 75મી વર્ષગાંઠની નજીક પહોંચી રહ્યા છીએ. તમારી વ્યક્તિગત યાત્રા, દેશના નાનકડા ગામથી રાષ્ટ્રપતિ ભવન સુધી, આપણા દેશનાં વિકાસ માટે એક દ્રષ્ટાંત છે અને આપણા સમાજ માટે પ્રેરણા છે."

### તમારી સાથે કામ કરવું ખરેખર સૌભાગ્ય હતું મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે છેલ્લાં પાંચ વર્ષમાં તેમણે હંમેશા સમય આપીને ખુલ્લા મનથી માર્ગદર્શન આપ્યું છે. તેમણે કહ્યું, "હું આગળ પણ આપની સલાહ લેતો રહીશ. રાષ્ટ્રપતિજી, વડાપ્રધાન તરીકે આપની સાથે કામ કરવું મારું સૌભાગ્ય હતું."

### હંમેશા સૌથી નબળા વર્ગના નાગરિકોનાં કલ્યાણ માટે લડતા રહ્યા

પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, રાષ્ટ્રપતિ તરીકે રામનાથ કોવિંદે ભારતના બંધારણના આદર્શો અને લોકશાહીનાં મર્મને સાચા નિર્ણય, ઉત્કૃષ્ટ ગરિમા અને અસાધારણ શાલીનતા દ્વારા યથાવત રાખ્યાં અને હંમેશા પ્રજાસત્તાકના સર્વોત્તમ હિતો માટે કામ કર્યું. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, દેશના પ્રથમ નાગરિક તરીકે રામનાથ કોવિંદ હંમેશા સૌથી નબળાં વર્ગનાં નાગરિકોનાં કલ્યાણ માટે લડતા રહ્યા અને મક્કતાપૂર્વક અને ગર્વથી પોતાની માટીના લોકો સાથે જોડાયેલા રહ્યા.

### આપે ભારતનું સર્વોશ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કર્યું

મહામારી અંગે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું, સમગ્ર વિશ્વ મહામારીનાં અભૂતપુર્વ તણાવ, અશાંતિ અને સંઘર્ષમાં ફસાયેલું હતું ત્યારે તમે દેશમાં શાંતિ, એકતા અને આશ્વાસનના સ્ત્રોત હતા અને વિદેશોમાં ભારતના મૂલ્યો અને હિતોના પ્રેરક અધિવક્તા હતા. વડાપ્રધાને ઉલ્લેખ કર્યો કે તમારા પ્રમુખપદ દરમિયાન તમે અનેક કાર્યો, હસ્તક્ષેપો અને ભાષણોમાં આપણા દેશ અને દુનિયાના તમામ ખૂણાઓમાં ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રતિનિધિત્વ કર્યું. રાષ્ટ્રપતિ પદ પર બિરાજમાન થયા તે પહેલાં કોવિંદની કામગીરીનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, મેં આપને આપના રાજકીય જીવન દરમિયાન લોકો વચ્ચે આકરી મહેનત કરતા જોયાં છે. આપે હંમેશા સામાજિક કલ્યાણ અને શિક્ષણ સંબંધિત મુદ્દાઓને ઉઠાવ્યા છે. બિહારમાં રાજ્યપાલ તરીકેનો તમારો કાર્યકાળ ઉત્કૃષ્ટ રહ્યો.

> પીએમ મોદીના આ પત્રએ મારા મનને ઊંડાઇથી સ્પર્શી લીધું. હું આ માર્મિક અને હ્રદયને સ્પર્શનાર શબ્દોને એ પ્રેમ અને સન્માન તરીકે સ્વીકારું છું, જે સાથી નાગરિકોએ મને આપ્યો છે. હું આપ સૌનો હ્રદયથી આભારી છું.
>
> - રામનાથ કોવિંદ
> ભૂતપુર્વ રાષ્ટ્રપતિ

### તમે પરિવારનું મકાન દાન કર્યું એ સારું લાગ્યું

કાનપુરમાં કોવિંદના ગામનાં તાજેતરનાં પ્રવાસને યાદ કરતા વડાપ્રધાને જણાવ્યું કે, "હું થોડાં સપ્તાહ પહેલાં પરૌંખની યાત્રાને ક્યારેય નહીં ભૂલી શકું. મને ખાસ કરીને એ જોઇને સારું લાગ્યું કે તમે બીજાઓને મદદ કરવા માટે પરિવારનાં ઘરને કઈ રીતે દાનમાં આપી દીધું." પીએમે રામનાથ કોવિંદને શુભકામના આપતા લખ્યું, "આપની મારી માતા સાથેની મુલાકાત અને તેમની સાથે વાતચીત કરવી મારા માટે અત્યંત ખાસ છે. આ આપના મૂલ્યોને દર્શાવે છે અને પ્રગટ કરે છે કે તમે મૂળથી કેટલાં વધુ જોડાયેલા છો." સાથે સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિંદને દીર્ઘાયુ અને સ્વસ્થ જીવનની શુભકામના પણ આપી. ●

# જેમણે ઝાંસીની રાણીની વીરતાને કવિતા રૂપે રજૂ કરી

**ભારતના ઈતિહાસમાં ક્ષત્રિય પોતાની તલવાર માટે પ્રસિધ્ધ હતા. પણ એક ક્ષત્રાણી એવી હતી જેણે પોતાની કલમને તલવાર બનાવી લીધી. એ પણ એવા સમયમાં જ્યારે જાહેર જીવનમાં મહિલાઓની ભાગીદારી અંગે ચર્ચા અને ઝૂંબેશ બંનેને તાર્કિક અંત સુધી લઈ જવા માટે અનેક સ્તરો પર સંઘર્ષ ચાલચો હતો. આઝાદીના ચાર દાયકા પહેલાં જન્મ લેનાર સુભદ્રાકુમારી ચૌહાણે પોતાનાં દેશ માટે કલમ ઉઠાવી અને ઘરની બહાર નીકળીને આંદોલનોમાં જોડાવાનો સાહસિક નિર્ણય લીધો. તેઓ મહાત્મા ગાંધી પ્રેરિત અસહકારની ચળવળમાં ભાગ લેનાર પ્રથમ મહિલા બન્યાં, તો દેશભરમાં તેમને ઓળખ મળી પ્રસિધ્ધ કવિતામાં જેમાં તેમણે મણિકર્ણિકાની વીરતાને બિરદાવવા 'ઝાંસીવાલી રાની' કહી હતી.....**

**चमक उठी सन् सत्तावन में, वह तलवार पुरानी थी,**
**बुंदेले हरबोलों के मुंह, हमने सुनी कहानी थी,**
**खूब लड़ी मरदानी वह तो, झांसी वाली रानी थी।**

આ કવિતા તમે શાળામાં ભણ્યા હશો. કદાચ કોઈ વ્યક્તિ આ કવિતા ભૂલ્યું નહી હોય. પણ શું તમને ખબર છે આ કવિતા કોણે લખી હતી? સુભદ્રાકુમારી ચૌહાણે જેલવાસ દરમિયાન આ કવિતા લખી હતી.



સુભદ્રાકુમારી ચૌહાણનો જન્મ નાગપંચમીના દિવસે 16 ઓગસ્ટ, 1904નાં રોજ પ્રયાગરાજ પાસેનાં નિહાલપુર ગામમાં થયો હતો. તેઓ બાળપણથી જ કવિતા લખતાં હતાં. તેમની રચનાઓ રાષ્ટ્રીય ભાવનાથી ઓતપ્રોત હતી. તેમના પિતા શિક્ષણપ્રેમી હતા અને તેમનાં દેખરેખ હેઠળ પ્રારંભિક શિક્ષણ લીધું. તેમણે ક્રાસ્થવેટ ગર્લ્સ સ્કુલમાંથી અભ્યાસ કર્યો હતો. 1913માં નવ વર્ષની ઉંમરમાં પ્રયાગથી પ્રસિધ્ધ થતા મેગેઝીન 'મર્યાદા'માં તેમની પ્રથમ કવિતા પ્રકાશિત થઈ હતી. આ કવિતા 'સુભદ્રાકુંવરી"નાં નામે પ્રસિધ્ધ થઈ હતી. આ કવિતા લીમડાનાં ઝાડ પર લખવામાં આવી હતી. સુભદ્રા ચંચળ અને મેઘાવી પ્રતિભા ધરાવતી હતી. મહાદેવી વર્મા તેમની જ શાળામાં ભણતા હતાં અને તેમની બાળપણની સખી હતી. નવમા ધોરણ પછી તેમને અભ્યાસ છોડી દેવાની ફરજ પડી. અભ્યાસ પૂરો કર્યા પછી ઠાકુર લક્ષ્મણસિંહ સાથે તેમનાં લગ્ન થયાં. લગ્ન બાદ તેઓ જબલપુર આવી ગયાં. લક્ષ્મણસિંહ નાટ્યકાર હતા અને તેમણે પત્નીની પ્રતિભાને આગળ વધારવામાં હંમેશા મદદ કરી. બંનેએ મળીને કોંગ્રેસ માટે કામ કર્યું. મહાત્મા ગાંધીની અસહકારની ચળવળમાં ભાગ લેનાર તેઓ પ્રથમ મહિલા હતાં અને અનેક વાર જેલમાં પણ ગયા. તેમને 18 માર્ચ, 1923નાં રોજ જબલપુરમાં ઝંડા સત્યાગ્રહમાં ભાગ લેવા માટે પણ ઓળખવામાં આવે છે.

કહેવાય છે કે આ સત્યાગ્રહના સમાચારે લંડનમાં ઉહાપોહ મચાવી દીધો હતો. 1941ના વ્યક્તિગત સત્યાગ્રહ અને 1942ના ભારત છોડો આંદોલનમાં ભાગ લેવાને કારણે તેઓ પાંચ અલગ અલગ કેસમાં આશરે એક વર્ષ જેલમાં રહ્યા. પણ જેલમાં વીતાવેલા સમયને તેમણે એળે ન જવા દીધો. તેઓ જેલમાં રહીને પણ લખતા રહ્યાં. જેલમાં જ તેમને પોતાની કહાનીના પાત્રો મળ્યા. જબલપુર જેલવાસ દરમિયાન તેમણે અનેક વાર્તાઓ લખી. તેઓ મધ્યપ્રદેશ વિધાનસભાનાં ધારાસભ્ય પણ રહ્યા. જીવનકાળ દરમિયાન તેમણે 88 કવિતાઓ અને 46 વાર્તાઓ લખી. 15 ફેબ્રુઆરી, 1948નાં રોજ બપોરે નાગપુરથી જબલપુર પાછા આવતી વખતે માર્ગ અકસ્માતમાં માત્ર 44 વર્ષની નાની વયે તેમનું નિધન થઈ ગયું. તેમનાં મૃત્યુ પર માખનલાલ ચતુર્વેદીએ લખ્યું હતું, "સુભદ્રાજીનાં અવસાનથી એવું લાગે છે જાણે પ્રકૃતિનાં પૃષ્ઠ પર નર્મદાની ધારા વગર કિનારાના પુણ્ય તીર્થોનાં તમામ ઘાટ પોતાનો અર્થ અને ઉપયોગ ગુમાવી બેસા છે. સુભદ્રાજીનું જવું એવું લાગે છે જાણે ઝાંસીવાલી રાનીની ગાયિકા, ઝાંસીની રાણીને કહેવા ગઇ હોય કે લો, ફિંરગીઓને ભગાવી દીધા અને માતૃભૂમિ આઝાદ થઈ ગઈ." ●




ફિટ ઈન્ડિયાના ત્રણ વર્ષ

# ...ફિટ થયું રમતગમતનું વ્યવસ્થા તંત્ર

**આપણા પૂર્વજોએ વારંવાર કહ્યું હતું - व्यायामात् लभते स्वास्थ्यं दीर्घायुष्यं बलं सुखं। आरोग्यं परमं भाग्यं स्वास्थ्यं सर्वार्थसाधनम्॥ એટલે કે વ્યાયામથી જ આરોગ્ય, લાંબું આયુષ્ય, શક્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે. નિરોગી હોવું એ સદભાગ્યની વાત છે અને સારું આરોગ્ય હોય તો બાકીનું તમામ કામ સરળ બની જાય છે. આ સિધ્ધિ મેળવવા વિશ્વના સૌથી યુવાન દેશ ભારતે વીતેલાં આઠ વર્ષમાં રમતગમત, યોગ, તંદુરસ્તીને સંસ્કૃતિ બનાવીને રમતગમતની આધુનિક વ્યાખ્યા પરિભાષિત કરી છે એટલું જ નહીં પણ ફિટ ઈન્ડિયા, ખેલો ઈન્ડિયા, ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ) સહિત અનેક પહેલ કરી છે, જેનાથી લોકો તંદુરસ્તી પ્રત્યે જાગૃત બન્યા છે અને ખેલાડીઓ નવાં નવાં ઈતિહાસ રચી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખુદ દરેક મોટી રમત સ્પર્ધા પહેલાં ખેલાડીઓ સાથે સંવાદ કરે છે અને એવું કહીને તેમને વિશ્વાસ અપાવે છે કે, “તમે માત્ર તમારાં સર્વશ્રેષ્ઠ દેખાવ પર ધ્યાન આપો, બાકી ચિંતા દેશ કરશે...”**

# ફિટ ઈન્ડિયાઃ બોડી ફિટ તો માઈન્ડ હિટ

ભગવાન બુધ્ધ કહેતા હતા, "તમારા શરીરને સ્વસ્થ રાખવું એ પણ એક કર્તવ્ય છે." તમારું શરીર સ્વસ્થ નહી હોય તો તમે તમારા મનને સારું અને સ્વચ્છ નહીં રાખી શકો. મતલબ, સ્વસ્થ શરીરમાં જ નિર્મલ મનનો વાસ હોય છે. આવા મનમાં જ સારા વિચારો પેદા થાય છે. આ જ વિઝન સાથે રાષ્ટ્રીય રમતગમત દિવસ. 29 ઓગસ્ટ, 2019નાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિટ ઈન્ડિયા અભિયાનની શરૂઆત કરી હતી. 'ફિટનેસ કા ડોઝ-આધા ઘંટા રોજ"નો મંત્ર જીવનશૈલીનો ભાગ બન્યો. માત્ર ત્રણ વર્ષમાં ઘર, ઓફિસ અને શાળા દ્વારા આ અભિયાન જન આંદોલન તરીકે આગળ વધી રહ્યું છે. ફિટનેસ એક શબ્દ નહીં પણ સ્વસ્થ અને સમૃધ્ધ જીવનની જરૂરી શરત છે.

સ્વામી વિવેકાનંદ પણ કહેતા હતા, જીવનમાં હેતુ હોય, સંપૂર્ણ લગન સાથે તેનાં માટે કામ કરવામાં આવે તો સારું આરોગ્ય, સુખ-સમૃધ્ધિ તેનાં બાયપ્રોડક્ટનાં રૂપમાં તમારાં જીવનમાં આવી જાય છે. જે ફીટ છે, તે આકાશને આંબે છે. એમ પણ કહી શકાય કે બોડી ફિટ હોય તો માઈન્ડ ફિટ હોય. ફિટ ઈન્ડિયા અભિયાન અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું માનવું છે કે ફિટનેસથી એક ભાવના જાગે છે કે આપણે પોતાના ઘડવૈયા છીએ. ફિટનેસથી આત્મવિશ્વાસ આવે છે. વ્યક્તિનો આ આત્મવિશ્વાસ તેને જીવનના અલગ અલગ ક્ષેત્રોમાં સફળતા અપાવે છે. સ્વસ્થ અને ફીટ ભારત જ એ નવું ભારત છે, જેની કલ્પના સાથે શારીરિક ફિટનેસને જીવનનો ભાગ બનાવવા માટે ફિટ ઈન્ડિયા અભિયાનની શરૂઆત થઈ અને માત્ર ત્રણ વર્ષમાં તે જનઆંદોલન બની ચૂક્યું છે. તેનો અંદાજ સ્કુલની ઓફિસ જ નહીં, પણ ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન 2.0માં નવ કરોડથી વધુ લોકોની ભાગીદારીથી લગાવી શકાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ફિટ ઈન્ડિયાના 'ફિટનેસ કી ડોઝ, આધા ઘંટા રોજ' મંત્ર અંગે કહ્યું છે, "આમાં તમામનું આરોગ્ય, તમામનું સુખ છુપાયેલું છે. પછી એ યોગ હોય, કે બેડમિન્ટન હોય, ટેનિસ હોય કે ફુટબોલ હોય, કરાટે હોય કે કબડ્ડી હોય, જે પણ ગમે, ઓછામાં ઓછા 30 મિનિટ રમો."

ભારત સરકારે નાગરિકોની ફિટનેસને ચુસ્ત રાખવા માટે ફિટ ઈન્ડિયા મોબાઈલ એપ પણ લોંચ કરી છે, જે મોબાઈલ દ્વારા ફિટનેસનાં સ્તરને તપાસવાની સુવિધા આપે છે. આ એપમાં ફિટનેસ સ્કોર, એનિમેટેડ વીડિયો, એક્શન ટ્રેકર્સ અને વ્યક્તિગત વિશિષ્ટ જરૂરિયાતોને પૂરી કરનાર 'માય પ્લાન' જેવી અનોખી વિશેષતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, ફિટનેસ, યોગ અને કસરતમાં શૂન્ય રોકાણ છે પણ અમર્યાદિત વળતર છે. સ્વસ્થ વ્યક્તિ, સ્વસ્થ પરિવાર અને સ્વસ્થ સમાજ એ જ નવા ભારતને શ્રેષ્ઠ ભારત બનાવવાનો રસ્તો છે. એવો સંકલ્પ લઈએ કે આપણે ખુદ પણ ફિટ રહીશું, પોતાના પરિવાર, મિત્રો, પડોશીઓ અને જેમને પણ ઓળખીએ છીએ એ બધાંને ફિટ રહેવા માટે પ્રોત્સાહિત કરીશું. હું ફિટ તો ઈન્ડિયા ફિટ.

## ફિટ ઈન્ડિયા 'પ્લોગ રન'થી આરોગ્યની સાથે સ્વચ્છતા પણ

પ્રથમ પ્લોગ રન 2 ઓક્ટોબર, 2019નાં રોજ યોજવામાં આવી હતી. પ્લોગ રન એવી દોડ કે જોગિંગને કહેવાય છે, જેમાં ધીરે ધીરે દોડતા રસ્તામાં મળનારા કચરાને ઉઠાવવાનો હોય છે.


2019


2020

2020માં ફિટ ઈન્ડિયા અંતર્ગત સાયક્લોથોન, ફિટ ઈન્ડિયા સ્કુલ વીકની સાથે ઓગસ્ટથી ઓક્ટોબર દરમિયાન 'ફિટ ઈન્ડિયા ફ્રીડમ રન'નું આયોજન થયું. ત્રણ લાખથી વધુ આયોજનોમાં પાંચ કરોડ લોકોએ ભાગ લીધો.

2021માં ફિટ ઈન્ડિયા મોબાઈલ એપ લોંચ કરવાની સાથે એક ક્વિઝ પણ રાખવામાં આવી હતી. તેમાં 36,000થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વખતે સૌથી વધુ 9 કરોડ લોકોએ ફિટ ઈન્ડિયા ફ્રિડમ રન 2.0માં ભાગ લીધો હતો.


2021

## શાળાના બાળકોમાં ફિટનેસ

- દેશભરનાં 36 રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોના 56 બોર્ડ સાથે સંકળાયેલી 10.16 લાખ સ્કુલ ફિટ ઈન્ડિયામાં નોંધાયેલી છે. ફિટ ઈન્ડિયા અભિયાનમાં ઉંમરના હિસાબે અલગ અલગ ફિટનેસ પ્રોટોકોલ બનાવવામાં આવ્યા છે.
- ફિટ ઈન્ડિયા અંતર્ગત 4.52 લાખ શાળાઓને ફ્લેગ સાથે વેરિફાઈડ કરવામાં આવી છે. ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત દેશભરમાં 13,000થી વધુ શાળાઓને ફાઈવ સ્ટાર આપવામાં આવ્યા છે, જ્યારે 43,320 શાળાઓને થ્રી સ્ટાર રેટિંગ આપવામાં આવ્યું છે.



# કોમનવેલ્થ ગેમ્સમાં ભારત



1934 માં બીજી કોમનવેલ્થ ગેમ્સ એટલે કે બ્રિટિશ અમ્પાયર ગેમ્સ લંડનમાં યોજાઇ, જેમાં ભારતે પ્રથમ વાર ભાગ લીધો, પણ બ્રિટિશ ઝંડા હેઠળ રમ્યું કારણ કે તે વખતે ભારતમાં અંગ્રેજોનું શાસન હતું.



ભારતે માત્ર બે સ્પર્ધા કુશ્તી અને એથ્લેટિક્સમાં ભાગ લીધો હતો, જેમાં ભારતના રાશિદ અનવરે 74 કિલો વર્ગની કુશ્તીમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો.



**18** મી વાર ભારતે કોમનવેલ્થ ગેમ્સમાં ભાગ લીધો.

## આ વખતની ભારતીય ટીમ

| 15 | 110 | 103 |
|---|---|---|
| રમત | પુરુષ | મહિલા |

ભારતીય દળમાં ઓલિમ્પિક ચંદ્રક વિજેતા પીવી સિંધુ, મીરાબાઇ ચાનુ, બજરંગ પુનિયા, રવિકુમાર દહિયા, મનિકા બત્રા પણ સામેલ છે.

- **ટારગેટ ઓલિમ્પિક પોડિયમ સ્કીમ (ટોપ્સ):** સરકાર ભારતના ટોચના ખેલાડીઓને ઓલિમ્પિક અને પેરાલિમ્પિક સ્પર્ધાની તૈયારી માટે મદદ કરે છે. હાલમાં આ યોજના અંતર્ગત કોર સમૂહમાં 162 એથ્લેટ્સ, મહિલા અને પુરુષ હોકી ટીમોને સામેલ કરવામાં આવી છે. આ રીતે, વિકાસ સમૂહમાં 254 સર્વશ્રેષ્ઠ ખેલાડીઓની ઓળખ કરવામાં આવી છે. કોર સમૂહના ખેલાડીઓને દર મહિને 50,000 અને વિકાસ સમૂહના ખેલાડીઓને મહિને 25,000 આઉટ ઓફ પોકેટ ભથ્થું આપવામાં આવે છે.
- ટોપ્સમાં 2028 સુધીનાં લક્ષ્ય સાથે સરકાર હાલ એ જ રમતોનાં પ્રસ્તાવને આગળ વધારી રહી છે, જે ઓલિમ્પિક, એશિયન ગેમ્સ, કોમનવેલ્થ ગેમ્સ, પેરાલિમ્પિક, પેરા એશિયન ગેમનો હિસ્સો છે અથવા તો ઓલિમ્પિક 2028, પેરાલિમ્પિક 2028, કોમનવેલ્થ ગેમ 2026, એશિયન ગેમ 2026 અને પેરા એશિયન ગેમ 2026માં સામેલ થવાની સંભાવના છે.
- **ખેલો ઈન્ડિયા કાર્યક્રમ:** તેનો હેતુ રમતગમતમાં લોકોની ભાગીદારી અને ઉત્કૃષ્ટતા છે. એથ્લીટનાં તાલીમ માટે ખેલો ઈન્ડિયા એકેડેમીને પ્રતિ એથ્લિટ દર વર્ષે રૂ. 6.28 લાખની મદદ કરવામાં આવે છે. 2016-17માં ખેલો ઈન્ડિયા યોજના બાદ દેશભરમાં વિવિધ રમતથી જોડાયેલા 289 સ્પોર્ટસ ઇન્ફ્રા. પ્રોજેક્ટને સરકારે મંજૂરી આપી છે.

### હવે હવામાં પણ રમવા માટે ભારત તૈયાર

દેશમાં પ્રથમ વાર એરિયલ સ્પોર્ટ્સ અને તેનાં ઉપકરણો સાથે ઇન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રોત્સાહન આપવા માટે જૂન, 2022માં કેન્દ્ર સરકારે નેશનલ એરિયલ સ્પોર્ટસ પોલિસી, 2022 લોંચ કરી છે. તેમાં એરોબેટિક્સ, એરોમોડેલિંગ એન્ડ મોડલ રોકેટ્રી, એમેચ્યોર બિલ્ટ એન્ડ એક્સપરિમેન્ટલ એરક્રાફ્ટ, બલુનિંગ, ડ્રોન, ગ્લાઈડિંગ એન્ડ પાવર ગ્લાઈડિંગ, હેન્ડ ગ્લાઈડિંગ એન્ડ પાવર્ડ ગ્લાઈડિંગ, પેરાશૂટ, પેરા ગ્લાઈડિંગ અને પેરામોટરિંગ, પાવર્ડ એરક્રાફ્ટ અને રોટક્રાફ્ટ નામની 11 શ્રેણીઓને સામેલ કરવામાં આવી છે. નિતીમાં એરિયલ સ્પોર્ટ્સ એસોસિએશન રચવાની પણ દરખાસ્ત કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ એરિયલ સ્પોર્ટ્સ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાનો, આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રણાલિઓને અપનાવવાનો, વૈશ્વિક રમતગમત આયોજનોમાં ભાગીદારી અને અસરકારક વહીવટ પ્રણાલિને વિક્સિત કરવાનો સમાવેશ થાય છે.

શૂટિંગ અને તીરંદાજી આ વખતે રમતનો હિસ્સો નથી.

ભારતે છેલ્લી 17 આવૃત્તિમાં 503 ચંદ્રક મેળવ્યા છે, જેમાં સૌથી વધુ કોમનવેલ્થ ગેમ્સ 2010 દિલ્હીમાં 38 સુવર્ણ, 27 રજન અને 36 કાંસ્ય ચંદ્રક સાથે સૌથી વધુ 101 મેડલ જીત્યા.

1934થી માંડીને અત્યાર સુધી સૌથી વધુ મેડલ શૂટિંગમાં મળ્યા પણ આ વખતે કોમનવેલ્થ ગેમ્સમાં શૂટિંગ નથી

આંકડા કહે છે કે પિસ્ટલ શૂટર જસપાલ રાણાએ અત્યાર સુધી કોમનવેલ્થ ગેમ્સમાં ભારત તરફથી સૌથી વધુ 15 ચંદ્રક મેળવ્યા છે, જેમાં 9 ગોલ્ડ, ચાર સિલ્વર અને બે બ્રોન્ઝ ચંદ્રક સામેલ છે.

આ વખતે 14 વર્ષની અનહત ,16 વર્ષની સંજના સુશીલ જોષી, શેફાલી અને બેબી સહાનાએ ભાગ લીધો છે. આ 17-18 વર્ષનાં બાળકો આપણા દેશનું નામ રોશન કરવા જઈ રહ્યા છે.

**ફિટ ઇન્ડિયા અને ખેલો ઇન્ડિયા અભિયાન અત્યંત સફળ થઈ રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિથી ફિટ ઇન્ડિયા અભિયાનનો આરંભ થયો હતો. તેનો હેતુ દેશના યુવાનોને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ બનાવવાનો છે.**

-અનુરાગ ઠાકુર, કેન્દ્રીય રમતગમત મંત્રી



## ખેલાડીઓને પીએમ મોદીનો મંત્ર

# ટેન્શન વગર રમજો




વિશ્વનાં મહાન હોકી ખેલાડીઓમાં સામેલ મેજર ધ્યાનચંદનો જન્મદિવસ 29 ઓગસ્ટનાં રોજ છે, જેમનાં નામે હવે ખેલ રત્ન પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે. મેજર ધ્યાનચંદ જેવા ખેલાડીઓએ જે માર્ગ બતાવ્યો તેનાં પર દેશ અને ખેલાડી જીતના નિર્ધાર સાથે આગળ વધી રહ્યા છે. ભારતમાં સ્પોર્ટ્સ માટે સારું વાતાવરણ બનાવવા માટે છેલ્લાં સાત-આઠ વર્ષથી જે પ્રયાસ થઈ રહ્યા છે તેનો લાભ જોવા મળી રહ્યો છે. ઓલિમ્પિક, પેરલિમ્પિક, ડેફલિમ્પિક, વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ખેલાડીઓ ઉત્તમ દેખાવ કરી રહ્યા છે. આપણા ખેલાડીઓ, આપણી આશા અને આકાંક્ષાઓને નવી પાંખો લગાવી રહ્યા છે. તેમણે જીતેલા મેડલ, તેમની મહેનતનું પરિણામ તો છે જ, તે નવા ભારતનાં નવા જોશ અને નવા આત્મવિશ્વાસનો પણ માપદંડ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 20 જુલાઈએ આંતરરરાષ્ટ્રીય ચેસ દિવસ પર કોમનવેલ્થ ગેમ્સ 2022માં ભાગ લેનારી ભારતીય ટીમ સાથે વાતચીત કરીને તેમનાં અનુભવ પૂછ્યાં એટલું જ નહીં પણ કહ્યું, "કઈ રીતે રમવું છે તેનાં એક્સપર્ટ તમે છો. હું તો બસ એટલું જ કહીશ કે લગનથી રમજો, મજબૂત રીતે રમજો, પૂરી તાકાતથી રમજો અને કોઈ ટેન્શન વગર રમજો." જેઓ પ્રથમ વાર આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટમાં ઉતરી રહ્યા છો તેમને કહ્યું, "મેદાન બદલાયું છે, તમારો મિજાજ નહીં. તમારી જીદ નહીં. લક્ષ્ય એ જ છે કે તિરંગાને લહેરાતો જોવો છે, રાષ્ટ્રગાનની ધૂનને વાગતી સાંભળવી છે. એટલે દબાણમાં નથી રહેવાનું, સારું અને દમદાર રમીને અસર છોડવાની છે." વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'કોઈ નહીં હૈ ટક્કર મેં , ક્યોં પડે હો ચક્કર મેં' કહેવતને ટાંકીને જણાવ્યું કે, જીતવાનો નિર્ધાર હોય તો કોઈ પણ લક્ષ્ય અશક્ય નથી. દરેક પડકાર તમારા જુસ્સા સામે હારી શકે છે, તમારું સમર્પણ જીતવા માટે પ્રેરિત કરે છે. કોઈ પણ પડકાર સામે હારવાનું નથી, સતત ગતિમાન રહેજો, તમારા લક્ષ્ય માટે સમર્પિત રહેવાનું નામ જ ખેલાડી હોય છે. સાથે સાથે, વડાપ્રધાને વચન પણ આપ્યું, જ્યારે તમે પાછા ફરશો ત્યારે આપણે ચોક્કસ મળીશું અને તમારા વિજયનો ઉત્સવ મનાવીશું.

# રમતમાં કોઇ હારતું નથી
# ભારતે લોન બોલમાં ઈતિહાસ રચ્યો



**ગોલ્ડન ગૌરવ**

- મીરાબાઈ ચાનુ- ગોલ્ડ મેડલ (વેઇટલિફ્ટંગ 49 કિલો)
- જેરેમી લાલરિનુંગા-ગોલ્ડ મેડલ ગોલ્ડ મેડલ (વેઇટલિફ્ટંગ 49 કિલો)
- અચિંતા શેઉલી-ગોલ્ડ મેડલ (વેઇટલિફ્ટંગ 73 કિલો)
- મહિલા ટીમ- ગોલ્ડ મેડલ (લોન બોલ્સ)
- પુરુષ ટીમ-ગોલ્ડ મેડલ (ટેબલ ટેનિસ)

આઝાદીનાં 75 વર્ષ પૂરા થઈ રહ્યા છે ત્યારે દરેક વર્ગની સાથે ભારતીય ખેલાડી ભારતીય તિરંગો ઊંચો કરીને જુસ્સા સાથે ઝડપથી આગળ વધી રહ્યો છે. રમતગમતના સંદર્ભમાં ઓગસ્ટ 2022નો મહિનો ખાસ છે. 28 જુલાઈથી 10 ઓગસ્ટ સુધી એક સાથે બે મોટી રમતગમત સ્પર્ધા ચેસ ઓલિમ્પિયાડ અને કોમનવેલ્થ ગેમ્સ, 2022 યોજાઈ. 95 વર્ષના ઈતિહાસમાં ચેસ ઓલિમ્પિયાડનું આયોજન પ્રથમ વાર ભારતમાં થઈ રહ્યું છે. ઇંગલેન્ડના બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સ, 2022માં ભારતના ખેલાડીઓએ અનેક વિક્રમ સર્જયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રમતગમત સ્પર્ધાઓં ભાગ લેનારાં ખેલાડીઓને બધું ભૂલીને સર્વશ્રેષ્ઠ દેખાવ કરવા આહવાન કરતાં જણાવ્યું, “રમતમાં કોઇ હારતું નથી. તેમાં વિજેતા હોય છે અને ભાવિ વિજેતા હોય છે.”

કોમનવેલ્થ ગેમ્સમાં લોન બોલ્સમાં મહિલા ટીમે ગોલ્ડ મેડલ જીતીને નવો ઈતિહાસ રચ્યો છે. અત્યાર સુધીનાં ઈતિહાસમાં ભારતને આ રમતમાં ક્યારેય મેડલ મળ્યો નહતો. આ રમત અંગે બહુ લોકો જાણતા પણ નથી. આ રમતમાં લવલી ચૌબે, રૂપા રાની ટિર્કી, પિંકી અને નયનમોની સાકિયા નામની ચાર મહિલાઓની ટીમે દક્ષિણ આફ્રિકાની ટીમને 17-10થી માત આપીને ગોલ્ડ મેડલ જીત્યો. 2 ઓગસ્ટ સુધી ભારતીય ખેલાડીઓએ પાંચ ગોલ્ડ અને પાંચ સિલ્વર સહિત 13 મેડલ જીતીને 72 દેશોમાં મેડલ ટેલીમાં 6ઠ્ઠા નંબરે સ્થાન મેળવ્યું છે. ભારતના ખાતામાં પ્રથમ ગોલ્ડ મેડલ વેઇટલિફ્ટીંગમાં મીરાબાઈ ચાનુએ અપાવ્યો. કુલ 13માંથી ત્રણ ગોલ્ડ સહિત 8 મેડલ વેઇટલિફ્ટિંગમાં જ મળ્યા. ભારતના 19 વર્ષીય વેઇટલિફ્ટર જેરેમી લાલરિનુંગાએ 67 કિલો વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યાં હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને અભિનંદન આપતા સંદેશમાં કહ્યું, “આપણી યુવાશક્તિ ઈતિહાસ રચી રહી છે. જેરેમીને અભિનંદન, જેમણે પોતાના પ્રથમ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો અને શાનદાર રેકોર્ડ કર્યો. આટલી નાની ઉંમરમાં તેમણે દેશને ગૌરવ અપાવ્યું.” ●

## 44મી ચેસ ઓલિમ્પિયાડમાં પ્રથમ વાર

- આ ઓલિમ્પિયાડ પ્રથમ વાર ચેસની ઉત્પત્તિ થઈ હતી તે ભારતમાં યોજાયો.
- ત્રણ દાયકામાં પ્રથમ વાર એશિયામાં આયોજન થયું.
- પ્રથમ વાર સૌથી વધુ 187 દેશની ટીમો ભાગ લઈ રહી છે.
- ભારતે પોતાની સૌથી મોટી ટીમ ઉતારી, જેમાં 6 ટીમોનાં 30 ખેલાડી.
- આ વખતે મહિલા વર્ગમાં સૌથી વધુ અરજીઓ મળી હતી.
- ચેસ ઓલિમ્પિયાડમાં પ્રથમ વાર મશાલ રિલે શરૂ થઈ.

**ભારતમાં રમતગમત માટે આનાથી સારો સમય ક્યારેય ન હતો. ભારતે ઓલિમ્પિક, પેરાલિમ્પિક, બધિર ઓલિમ્પિકમાં પોતાનો સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો. આપણે એ રમતમાં પણ ગૌરવ હાંસલ કર્યું, જ્યાં આપણે પહેલાં ક્યારેય ન હતા જતા. ભારતનાં મજબૂત બની રહેલા સ્પોર્ટ્સ કલ્ચરનો શ્રેય યુવાનોની ઊર્જા અને તેમને મળી રહેલા અનુકુળ વાતાવરણને જાય છે.** -નરેન્દ્ર મોદી, વડાપ્રધાન





# ભારતના યુવાનો બની રહ્યા છે વિશ્વના વિકાસનું એન્જિન

**આજે સમગ્ર દુનિયા ભારતનાં યુવાનોને આશાભરી નજરે જોઈ રહી છે કારણ કે યુવાનો દેશનાં વિકાસનું એન્જિન છે અને ભારત વિશ્વનાં વિકાસનું એન્જિન છે. આવા 69 યુવાનોને સુવર્ણચંદ્રક અને પ્રમાણપત્રક પ્રદાન કરવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી 29 જુલાઈનાં રોજ ચેન્નાઈની પ્રતિષ્ઠિત અન્ના યુનિવર્સિટીના 42મા દીક્ષાંત સમારોહમાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત, તેમણે સ્નાતક થનારા તમામ લોકોને અભિનંદન આપ્યા અને ભૂતુપુર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ કલામની જેમ દેશ માટે કામ કરવા અને સપનું જોવા માટે તેમનાં પગલે ચાલવા પ્રેરણા આપી...**

અન્ના યુનિવર્સિટીના 42મા દીક્ષાંત સમારોહમાં સ્નાતક થયેલાં તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "તમે તમારા મગજમાં પહેલેથી જ પોતાનાં માટે એક ભવિષ્ય બનાવી લીધું હશે. તેથી, આજનો દિવસ સફળતાનો જ નહીં, આકાંક્ષાઓનો પણ છે." વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા વડાપ્રધાને કહ્યું, "મુશ્કેલીનાં સમયમાં જ આપણને આપણી તાકાતની ખબર પડે છે. કોવિડનાં સમયે આપણને આ તાકાત અને ઈચ્છાશક્તિથી પરિચિત કરાવ્યો." ભારતની તાકાત એ બાબત પરથી જણાઈ આવે છે કે કોવિડનાં સમયમાં ગયા વર્ષે જ ભારત વિશ્વનું સૌથી મોટું મોબાઈલ ઉત્પાદક બન્યું અને માત્ર છ વર્ષમાં જ માન્યતા પ્રાપ્ત સ્ટાર્ટઅપની સંખ્યામાં 15,000 ટકાનો વધારો થયો છે. આટલું જ નહીં, ગયા વર્ષે ભારતમાં 83 અબજ ડોલરથી વધુનું વિદેશી રોકાણ આવ્યું અને મહામારી બાદ આપણા સ્ટાર્ટઅપને પણ રેકોર્ડ ફન્ડિંગ મળ્યું. આંતરરાષ્ટ્રીય વેપારનાં પરિમાણોમાં ભારત અત્યાર સુધીની સૌથી સારી સ્થિતિમાં છે અને ઈનોવેશન હવે આપણા જીવનનું અભિન્ન અંગ બનતું જાય છે. દીક્ષાંત સમારોહમાં પીએમ મોદીએ ભારત રત્ન અને ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડો. એપીજે અબ્દુલ કલામને યાદ કર્યા અને વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યું કે, ડો. એપીજે અબ્દુલ કલામ હૃદયથી આ યુનિવર્સિટી સાથે જોડાયેલા હતા. તેમણે આપેલા સિધ્ધાંત અને શિક્ષણ આપ સૌ યુવાનોનું માર્ગદર્શન કરતાં રહેશે. વડાપ્રધાને યુવાનો અને રાષ્ટ્રની પ્રગતિ વચ્ચેની કડી અંગે ચર્ચા કરી અને કહ્યું, "તમારો વિકાસ ભારતનો વિકાસ છે. તમારી શીખ ભારતની શીખ છે."●

### વડાપ્રધાન મોદીએ જણાવ્યું, ટેકનોલોજીના આ યુગમાં ભારતનાં પક્ષમાં ત્રણ મહત્વપૂર્ણ પાસા-

1. **ટેકનોલોજીનું પરીક્ષણ-** ટેકનોલોજીને અપનાવવાની સમજ વધી રહી છે.
2. **જોખમ લેનારા પર ભરોસો-** ઉદ્યોગ સાહસિકોને હવે સન્માનની નજરે જોવામાં આવે છે.
3. **સુધારાઃ** લોકોની પ્રતિભાને યોગ્ય તક આપનાર મજબૂત અને ઉત્તરદાયી સરકાર

### સીએન અન્નાદુરાઈનાં નામ પરથી યુનિવર્સિટીનું નામ પડ્યું

અન્ના યુનિવર્સિટીની સ્થાપના 4 સપ્ટેમ્બર, 1978નાં રોજ થઈ હતી. તામિલનાડુના ભૂતપુર્વ મુખ્યમંત્રી સી એન અન્નાદુરાઈનાં નામ પરથી તેનું નામ રાખવામાં આવ્યું છે. તેમાં 13 માન્યતા પ્રાપ્ત કોલેજ, તામિલનાડુમાં 494 સંલગ્ન કોલેજ, તિરુનેલવેલી, મદુરાઈ અને કોઈમ્બતુરમાં ત્રણ કોમ્પલેક્સનો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અન્ના યુનિવર્સિટીના 42મા દીક્ષાંત સમારોહમાં 69 સુવર્ણચંદ્રક વિજેતાઓને ચંદ્રક અને પ્રમાણપત્ર એનાયત કર્યા. અન્ના યુનિવર્સિટીના 42મા દીક્ષાંત સમારોહનાં સમાપન પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓ સાથે મુલાકાત પણ કરી.

# સહકારથી સમૃધ્ધિ

## સાબર ડેરીમાં 1,000 કરોડ રૂપિયાથી વધુનાં અનેક પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ

**કેન્દ્ર સરકારનું મુખ્ય ફોકસ ગ્રામીણ અર્થતંત્રને પ્રોત્સાહન આપવાની સાથે સાથે કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓને વધુ લાભદાયક બનાવવાનું છે. આ દિશામાં વધુ એક પગલું ભરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 28 જુલાઈનાં રોજ સાબર ડેરીની મુલાકાત દરમિયાન 1,000 કરોડ રૂપિયાથી વધુનાં અનેક પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો. આ પ્રોજેક્ટથી સ્થાનિક ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને મજબૂત બનાવવામાં આવશે અને તેમની આવકમાં વધારો થશે. તેનાંથી આ વિસ્તારનાં ગ્રામીણ અર્થતંત્રને મજબૂતી મળશે.**



સાબરકાંઠા જિલ્લામાં આવેલી સાબર ડેરી આજે દેશની અગ્રણી ડેરી તરીકે જાણીતી છે. વર્ષ 1964માં ભુરાભાઇ પટેલ, ગોપાળભાઇ પટેલ અને અંબુભાઇ પટેલ અને ડો.વર્ગીઝ કુરિયનનાં પ્રયત્નોથી માત્ર 19 દૂધ ઉત્પાદક સોસાયટીથી શરૂ થયેલી સાબર ડેરી સાથે આશરે 1800 સોસાયટીના લાખો દૂધ ઉત્પાદક ખેડૂતો જોડાયેલા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે ડેરી સેક્ટરની મજબૂતી માટે લીધેલાં પગલાં અને સાબર ડેરી તથા અમૂલનાં મેનેજમેન્ટથી સાબરકાંઠા જિલ્લાના લાખો ખેડૂતોએ પ્રગતિ કરી છે અને આત્મનિર્ભર બન્યા છે. સાબરકાંઠામાં ગઢોદા ચોકી પાસે સાબર ડેરીમાં રૂ. 1,000 કરોડથી વધુનાં પ્રોજેક્ટ્સનું ઉદઘાટન અને શિલાન્યાસ કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "આજે સાબર ડેરીનું વિસ્તરણ થયું છે. સેંકડો કરોડ રૂપિયાનાં નવા પ્રોજેક્ટ સ્થપાઇ રહ્યા છે. આધુનિક ટેકનોલોજીથી સજ્જ મિલ્ક પાઉડર પ્લાન્ટ અને એ-સેપ્ટિક પેકિંગ સેક્શનમાં વધુ એક લાઇન જોડાવાથી સાબર ડેરીની ક્ષમતામાં વધારો થશે." આ પ્રોજેક્ટ્સથી સ્થાનિક ખેડૂતો અને દૂધ ઉત્પાદકોને મજબૂત બનાવવામાં આવશે અને તેમની આવકમાં વધારો થશે. તેનાથી ગ્રામીણ અર્થતંત્રને પણ મજબૂતી મળશે. ખેડૂત અને પશુપાલકો માટે તકોનાં નવા દ્વાર ખોલતી સાબર ડેરી આજે ગુજરાત ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, હરિયાણા, પંજાબ સહિત દેશનાં અનેક રાજ્યોમાં આધુનિક ડેરી પ્લાન્ટ સ્થાપિત કરી ચૂકી છે અને સતત નવી પ્રોડક્ટ્સ બનાવવા નવા પ્લાન્ટ સ્થાપે છે. લાખો લોકોનાં જીવનમાં સમૃધ્ધિ અને ખુશી લાવતી સાબર ડેરી આજે દેશની ઝડપી વિકાસ યાત્રામાં મહત્વની ભાગીદાર બની છે તે ગૌરવની વાત છે. સાબર ડેરી અને અમૂલના ગ્રામીણ વિકાસ કેન્દ્રમાં હંમેશા મહિલાઓનું સશક્તિકરણ રહ્યું છે. ગામડે ગામડે આધુનિક ડેરી ટેકનોલોજીને પહોંચાડીને મહિલાઓને વિકાસ યાત્રા સાથે જોડવાનાં કાર્યમાં ડેરી હંમેશા આગળ રહી છે અને ભવિષ્યમાં આ જ લક્ષ્યોને લઇને આગળ વધી રહી છે. સાબર ડેરી ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF)નો હિસ્સો છે, જે અમૂલ બ્રાન્ડ અંતર્ગત દૂધ અને દૂધ ઉત્પાદનોની સમગ્ર શ્રૃંખલા બનાવે છે અને તેનું વિતરણ કરે છે.

### પ્લાન્ટમાં દૂધમાંથી મિલ્ક પાઉડર બનાવવામાં આવશે

- વડાપ્રધાને સાબર ડેરીમાં દરરોજ લગભગ 120 મેટ્રિક ટન ક્ષમતા ધરાવતા પાઉડર પ્લાન્ટનું ઉદઘાટન કરવામાં આવ્યું. પ્રોજેક્ટનો કુલ ખર્ચ રૂ. 305 કરોડથી વધુ છે.
- પ્લાન્ટનો લેઆઉટ વૈશ્વિક અન્ન સુરક્ષા માપદંડોને પૂરો કરે છે. લગભગ શૂન્ય ઉત્સર્જન ધરાવતા આ પ્લાન્ટમાં ઊર્જાનો ઓછો વપરાશ થાય છે. આ પ્લાન્ટ લેટેસ્ટ અને સંપૂર્ણપણે ઓટોમેટિક બલ્ક પેકિંગ લાઇનથી સુસજ્જ છે.

### કરોડો ગ્રાહકો સુધી ચીઝ પહોંચશે

- વડાપ્રધાને અત્યાધુનિક ટેકનોલોજી પર આધારિત સાબર ચીઝ એન્ડ વ્હે ડ્રાઇંગ પ્લાન્ટ પ્રોજેક્ટનું શિલારોપણ પણ કર્યું. પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ આશરે રૂ. 600 કરોડ છે.
- આ પ્લાન્ટમાં ચેડર ચીઝ, મોઝરેલા અને પ્રોસેસ્ડ ચીઝનું ઉત્પાદન કરવામાં આવશે. પનીરનાં ઉત્પાદનમાંથી નીકળનાર મઠાને પણ 40 એમટીપીડીની ક્ષમતા ધરાવતા પ્લાન્ટમાં સુકવવામાં આવશે.

## દૂધ ઉત્પાદકોને વધુ વળતર મળી શકશે

વડાપ્રધાને સાબર ડેરીમાં એસેપ્ટિક મિલ્ક પેકેજિંગ પ્લાન્ટનું પણ ઉદઘાટન કર્યું. આ પ્લાન્ટ દૈનિક ત્રણ લાખ લીટરની ક્ષમતા ધરાવે છે. આ પ્રોજેક્ટને લગભગ 125 કરોડ રૂપિયાનાં ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે. પ્લાન્ટમાં ઊર્જાનો ઘણો ઓછો વપરાશ થાય છે અને પર્યાવરણ અનુકુળ ટેકનોલોજીની સાથે સાથે લેટેસ્ટ ઓટોમેટિક પ્રણાલિ કામ કરી રહી છે. આ પ્રોજેક્ટથી દૂધ ઉત્પાદકોને વધુ સારું વળતર મેળવવવામાં મદદ મળશે.

**આપણા સહકારઆંદોલનનો એક મજબૂત પાયો તૈયાર થઈ ચૂક્યો છે અને તેનાં પર એક મજબૂત ઇમારત બનાવવાનું કામ આપણે અને આપણી આવનારી પેઢીઓએ કરવાનું છે. સહકારિતના વિચારને આધુનિક સમયને અનુરૂપ બનાવીને ટેકનોલોજી અને પ્રોફેશનલિઝમ સાથે જોડીને તેને 100 વર્ષ આગળ લઇ જવાનું કામ કરવાનું છે.**

**-અમિત શાહ, કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી**



## ગાંધીનગરમાં વડાપ્રધાને ગિફ્ટ સિટીની મુલાકાત લીધી

# ભારતનાં પ્રથમ ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જની શરૂઆત



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં દેશનાં પ્રથમ ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જનું ઉદઘાટન કર્યું. ઇન્ડિયા ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ એક એવું પ્લેટફોર્મ છે, જેનાં દ્વારા બુલિયન (સોના-ચાંદી)ની આયાત કરવામાં આવશે. તેનાંથી ભારત ગ્લોબલ બુલિયન માર્કેટથી જોડાઇ જશે અને આગામી સમયમાં ભારત પ્રાઇસ ટેકરમાંથી પ્રાઇસ મેકર બની જશે. સાથે સાથે ભારત જ નક્કી કરશે કે સોનાનો ભાવ શું હોવો જોઇએ....**

ભારત હવે અમેરિકા, બ્રિટન અને સિંગાપોર જેવા વિશ્વનાં એવા દેશોની હરોળમાં આવી રહ્યો છે, જ્યાંથી ગ્લોબલ ફાઇનાન્સનો દિશાનિર્દેશ કરવામાં આવે છે. ભારતને હવે આર્થિક મહાશક્તિ બનાવવા માટે અમર્યાદિત તક પણ મળી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 29 જુલાઇનાં રોજ ગાંધીનગરમાં ગિફ્ટ સિટીની મુલાકાત લીધી, જ્યાં તેમણે વિવિધ પ્રોજેક્ટ્સનો શુભારંભ અને શિલાન્યાસ કર્યો. આ પ્રસંગે વડાપ્રધાને ભારતમાં ઇન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસ સેન્ટર (IFSC)નાં વડામથકનો શિલાન્યાસ કર્યો અને NSE IFSC-SGX કનેક્ટનો શુભારંભ કર્યો. ગિફ્ટ સિટીની પરિકલ્પનામાં દેશની આકાંક્ષા જોડાયેલી છે. આટલું જ નહીં, ગિફ્ટ સિટીમાં ભારતનાં ભવિષ્યનું વિઝન જોડાયેલું છે. ગિફ્ટ સિટી (ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટી) માત્ર ભારત માટે જ નહીં પણ વિશ્વ માટે નાણાકીય અને ટેકનોલોજી સેવાઓ માટે એકીકૃત કેન્દ્ર તરીકે પરિકલ્પિત કરવામાં આવ્યું છે.

### બુલિયન એક્સચેન્જથી સોનાની આયાત સરળ બનશે

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગિફ્ટ સિટીમાં ભારતનાં પ્રથમ આંતરરાષ્ટ્રીય બુલિયન એક્સચેન્જ-IIBXનો શુભારંભ કર્યો. આયાત થનારા સોનાનાં ગેટવે તરીકે કામ કરશે. IIBXમાં સટોડિયાઓ ભાવ ઉપર-નીચે નહીં કરી શકે. ભારત સોનાનો વપરાશ કરનાર વિશ્વનો બીજો મોટો દેશ છે. હાલમાં લંડન બુલિયન માર્કેટ એસોસિએશન દ્વારા નિર્ધારિત કિંમત પ્રમાણે બુલિયન બજારમાં સોનાનું વેચાણ થાય છે. આ એક્સચેન્જને શાંઘાઇ ગોલ્ડ એક્સચેન્જ અને બોર્સા ઇસ્તંબુલની જેમ સ્થાપવામાં આવી રહ્યું છે, જે ભારતને બુલિયનનાં ક્ષેત્રમાં હબ તરીકે મજબૂત સ્થિતિ પ્રદાન કરશે. ઇન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ માટેની પોલિસી IIM અમદાવાદમાં (IIM-A) તૈયાર કરવામાં આવી છે.આ પોલિસીને લગતા તમામ સૂચનોની જવાબદારી સરકારે ઇન્ડિયન ગોલ્ડ પોલિસી સેન્ટર (IGPC)ને સોંપી છે. ●

## કેબિનેટના નિર્ણયો

# વંચિત ગામોને 4જી સેવા, બીએસએનએલને 1.64 લાખ કરોડ રૂપિયાની ભેટ

**તમામ માટે ડિજિટલ સમાવેશન અને કનેક્ટિવિટી સરકારના 'અંત્યોદય' વિઝનનો અભિન્ન હિસ્સો છે. આ વિઝન અંતર્ગત વડાપ્રધાન નરેન્દ્ર મોદીનાં વડપણમાં કેબિનેટે 24,680 અંતરિયાળ ગામોમાં 4જી મોબાઇલ સેવા પૂરી પાડવા માટે પ્રોજેક્ટને અને બીએસએનએલનાં રિવાઈવલ માટે રૂ. 1.64 લાખ કરોડનાં પેકેજને મંજૂરી આપી છે. આ ઉપરાંત, બીએસએનએલ અને બીબીએનએલનો વિલય, ફીફા અન્ડર-17 મહિલા વિશ્વકપ 2022ની યજમાની માટે ગેરન્ટી પર હસ્તાક્ષર કરવા સહિતનાં અનેક નિર્ણયોને મંજૂરી આપી હતી..**

- **નિર્ણયઃ કેન્દ્રીય મંત્રીમંડળે વંચિત ગામોમાં 4જી મોબાઇલ સેવાઓ માટે કુલ 26,316 કરોડ રૂપિયાનાં ખર્ચનાં પ્રોજેક્ટને મંજૂરી આપી છે.**
- **અસરઃ** આ પ્રોજેક્ટ અંતર્ગત પહાડી અને અંતરિયાળ 24,680 ગામોને આવરી લેવામાં આવશે. આ ઉપરાંત, માત્ર 2જી/3જી કનેક્ટિવિટી ધરાવતા 6,279 ગામોને અપગ્રેડ કરીને ત્યાં 4જી કનેક્ટિવિટી પૂરી પાડવામાં આવશે. આ પ્રોજેક્ટને બીએસએનએલ દ્વારા આત્મનિર્ભર ભારતના 4જી ટેકનોલોજી સ્ટેકનો ઉપયોગ કરીને અમલી બનાવવામાં આવશે. તેનો ખર્ચ યુનિવર્સલ ઓબ્લિગેશન ફન્ડ દ્વારા કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટ ગ્રામીણ વિસ્તારોમાં મોબાઇલ કનેક્ટિવિટી પૂરી પાડવાના સરકારના વિઝનને સાકાર કરવાની દિશામાં મહત્વનું પગલું છે. આ પ્રોજેક્ટથી મોબાઇલ બ્રોડબેન્ડના માધ્યમથી વિવિધ ઇ-ગવર્નન્સ સેવાઓ, બેન્કિંગ સેવાઓ, ટેલિ-મેડિસિન, ટેલિ-એજ્યુકેશન વગેરેની ઉપલબ્ધતાને પ્રોત્સાહન મળશે અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર સર્જન થશે.
- **નિર્ણયઃ જાહેર ક્ષેત્રની દૂરસંદેશાવ્યવહાર કંપની બીએસએનએલના રિવાઈવલ માટે 1.64 લાખ કરોડ રૂપિયાના પેકેજને મંજૂરી આપી છે. આ ઉપરાંત, બીએસએનએલ અને બીબીએનએલનો પણ વિલય કરવામાં આવશે.**
- **અસરઃ** આ નિર્ણયથી બીએસએનએલને તેની વર્તમાન

**નિર્ણયઃ ભારતમાં આંતરરાષ્ટ્રીય ફુટબોલ મહાસંઘ (ફીફા) અંડર-17 મહિલા વિશ્વકપ 2022ની યજમાની માટે ગેરન્ટી પર હસ્તાક્ષર કરવાની મંજૂરી આપી**

- અસરઃ ભારતમાં 11 ઓક્ટોબરથી 30 ઓક્ટોબર 2022 દરમિયાન અંડર-17 મહિલા વિશ્વકપ 2022 યોજવામાં આવશે. ફીફા અન્ડર-17 મહિલા વિશ્વ કપ પ્રતિષ્ઠીત સ્પર્ધા છે અને તે ભારતમાં પ્રથમ વાર આયોજિત કરવામાં આવશે. તેનાથી યુવાનોને મોટી સંખ્યામાં ભાગ લેવા માટે પ્રોત્સાહન મળશે અને સાથે સાથે, ભારતમાં ફુટબોલની રમતને વિક્સાવવામાં મદદ મળશે.
- અખિલ ભારતીય ફુટબોલ મહાસંઘને રમતનાં મેદાનનાં મેઇન્ટેનન્સ, સ્ટેડિયમાં વીજળી, ઊર્જા અને કેબલ પાથરવા, સ્ટેડિયમ અને તાલીમ કેન્દ્રોની બ્રાન્ડિંગ વગેરે માટે 'સ્કીમ ફોર નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સ' હેઠળ 10 કરોડ રૂપિયાની અંદાજપત્રીય ફાળવણી કરવામાં આવશે. આ આયોજનથી છોકરીઓને ફુટબોલ રમવા માટે અને રમતગમતમાં નેતૃત્વમાં પ્રતિનિધિત્વ વધારવા માટે પ્રેરણા મળશે.





સેવાઓની ગુણવતા સુધારવામાં, 4જી સેવા શરૂ કરવામાં અને નાણાકીય રીતે સક્ષમ બનાવશે. લેટેસ્ટ પેકેજનો હેતુ સેવાઓ અને તેની ગુણવત્તાને વધારવાનો અને બીએસએનએલની બેલેન્સશીટને સુધારવાનો છે. આ ઉપરાંત, બીએસએનએલના ઓપ્ટિકલ ફાઇબર નેટવર્કને વધારવા પર પણ ધ્યાન કેન્દ્રીય કરવામાં આવ્યું છે.

- બીએસએનએલને મુશ્કેલીમાંથી બહાર લાવવા માટે આ અગાઉ સરકારે 2019માં પણ આર્થિક પેકેજ આપ્યું હતું. આ ઉપરાંત, બીએસએનએલમાં બીબીએનએલનાં વિલય બાદ બીએસએનએલની ઓપ્ટિકલ ફાઇબર ક્ષમતામાં મોટો વધારો થશે. અત્યાર સુધી જિલ્લાથી બ્લોક સુધીનું નેટવર્ક બીએસએનએલ મેનેજ કરતી હતી અને બ્લોકથી પંચાયત સુધીનું નેટવર્ક બીબીએનએલ મેનેજ કરતી હતી.

- **નિર્ણયઃ એનડીસીને મંજૂરી, તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો 'પંચામૃત'નો મંત્ર સામેલ કરવામાં આવ્યો છે.**

- **અસરઃ** ગ્લાસગો સંમેલનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા જાહેર 'પંચામૃત' રણનીતિને એડવાન્સ્ડ ક્લાઈમેટ ગોલ્સમાં સમાવિષ્ટ કરીને રાષ્ટ્રીય સ્તર પર નિર્ધારિત પ્રદાન (NDC)ને મંજૂરી આપવામાં આવી. આ પ્રકારનાં પ્રયત્નો ભારતની ઉત્સર્જન વૃધ્ધિને ઘટાડવામાં ઘણી મદદરૂપ સાબિત થશે. તેનાંથી દેશનાં હિતોનું રક્ષણ થશે અને સંયુક્ત રાષ્ટ્ર જળવાયુ પરિવર્તન ફ્રેમવર્ક સંમેલનનાં સિધ્ધાંતો અને જોગવાઈઓનાં આધારે ભવિષ્યની વિકાસ જરૂરિયાતોનું રક્ષણ કરશે. ભારતને 2070 સુધી નેટ ઝીરો કરવાનાં લક્ષ્યને હાંસલ કરવાની દિશામાં આ પગલું છે. ભારત હવે જીડીપીની પ્રદૂષણ તીવ્રતાને 2030 સુધી 45 ટકા ઘટાડવા માટે પ્રતિબધ્ધ છે.

- **નિર્ણયઃ ખેડૂતોનાં હિતમાં વધુ એક પગલું ભરતા સરકારે 2022-23ની ખાંડ સીઝનમાં મિલો દ્વારા શેરડીનાં ચૂકવવાપાત્ર વાજબી અને વળતરદાયી કિમતને મંજૂરી આપી છે.**

- **અસરઃ** આ નિર્ણયથી પાંચ કરોડ શેરડી ખેડૂતો અને તેમનાં આશ્રિતોની સાથે સાથે ખાંડ મિલો સંબંધિત પ્રવૃત્તિઓમાં જોડાયેલા પાંચ લાખ શ્રમિકોને લાભ થશે. શેરડી પકવતા ખેડૂતો માટે અત્યાર સુધીનાં મહત્તમ 305 રૂપિયા પ્રતિ ક્વિન્ટલની લાભદાયક કિંમત મંજૂર કરવામાં આવી છે. ભારત સરકાર ખેડૂતોની આર્થિક સ્થિતિમાં સુધારા માટે પ્રતિબધ્ધ છે અને ખેડૂતોની આવક વધારવા માટે સરકારે છેલ્લાં આઠ વર્ષમાં પાકની વાજબી અને વળતરદાયી કિંમતમાં 34 ટકાનો વધારો કર્યો છે. નવ વર્ષ પહેલાં 2013-14ની ખાંડ સીઝનમાં એફઆરપી માત્ર 210 રૂપિયા પ્રતિ ક્વિન્ટલ હતી.

- **નિર્ણયઃ મંત્રીમંડળે જાહેર ક્ષેત્રની કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ)ને બ્રાઝિલનાં ઓઇલ બ્લોકમાં 1600 મિલિયન ડોલર (લગભગ રૂ. 12,000 કરોડ)નાં વધારાનાં રોકાણને મંજૂરી આપી છે.**

- **અસરઃ** આર્થિક બાબતોની મંત્રીમંડળ સમિતિએ બીએમ-એસઈએએલ-11નાં વિકાસ માટે બીપીસીએલની આનુષાંગિક કંપની ભારત પેટ્રો રિસોર્સિસ લિમિટેડ (બીપીઆરએલ) દ્વારા આ વધારાના રોકાણને મંજૂરી આપી છે. આ નિર્ણયથી ભારતની ઊર્જા સલામતીમાં મજબૂતી અને ક્રુડ ઓઇલ સપ્લાયમાં વૈવિધ્યને પ્રોત્સાહન મળશે. આ ઉપરાંત, બ્રાઝીલમાં ભારતની સ્થિતિ મજબૂત બનશે, જેનાંથી પડોશી લેટિન અમેરિકન દેશોમાં વેપારનો માર્ગ ખૂલશે. ●



# જેમની સંકલ્પ શક્તિએ લડવા માટે પ્રેરણા આપી

**દેશની યુવા પેઢીને દેશભક્તિની ભાવનાથી ઓતપ્રોત કરવા અને બાળકો, કિશોરો અને યુવાનોને આગામી વર્ષો સુધી દેશનાં વિકાસ, સુરક્ષા અને ભવિષ્ય સાથે જોડાવાનાં સંસ્કાર આપવા એ આપણા સૌની ફરજ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આઝાદીના અમૃત મહોત્સવના માધ્યમથી આ ફરજને આગળ વધારવાનું કામ કર્યું છે. અમૃત મહોત્સવ અત્યંત મહત્વપૂર્ણ કાર્યક્રમ છે અને તેની સાથે સંકળાયેલા કાર્યક્રમ 15 ઓગસ્ટ, 2023 સુધી ચાલવાના છે. ચાલો આપણે આઝાદીનાં અમૃત મહોત્સવ પર લેવામાં આવેલા સંકલ્પોથી દરેક ક્ષેત્રમાં દેશને સર્વોચ્ચ સ્થાન પર પહોંચાડવાના કર્તવ્ય પથમાં જોડાઈ જઈએ જેથી આપણો સંકલ્પ સિધ્ધ થાય...**

આઝાદીનો અમૃત મહોત્સવ દેશનાં દરેક નાગરિક માટે ગૌરવનો વિષય છે. આઝાદીનાં 75 વર્ષમાં ભારતે લોકશાહીનાં મૂળિયાંને મજબૂત કર્યા છે એટલું જ નહીં પણ વિકાસનાં દરેક પાસાની રીતે આપણે આજે વિશ્વમાં ઘણાં આગળ છીએ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં અલગ રીતે અમૃત મહોત્સવ મનાવવાનો સંકલ્પ લીધો અને આઝાદીની શતાબ્દિ સુધી 25 વર્ષનાં સમયગાળાને અમૃત કાળ તરીકે મનાવવાનું આહવાન કર્યું છે. અમૃત કાળમાં દેશમાં દરેક ક્ષેત્રમાં આઝાદીની શતાબ્દિ સમયે આપણે ક્યાં હોઈશું તે 25 વર્ષ સંકલ્પ સિધ્ધિનો સમય છે. 22 ઓગસ્ટનાં રોજ 1921માં મહાત્મા ગાંધીએ વિદેશી કપડાંની હોળી કરીને સ્વદેશીનો નારો બુલંદ કર્યો હતો અને અંગ્રેજો વિરુધ્ધ અલગ રીતે વિરોધની શરૂઆત કરી હતી. આ અંકમાં આઝાદીના અમૃત મહોત્સવ શ્રૃંખલામાં વાંચો સ્વતંત્રતા સેનાનીઓ **મેડમ ભીકાજી કામા, સુંદર શાસ્ત્રી સત્યમૂર્તિ, કેલપ્પાજી કેલપ્પન અને ઝવેરચંદ કાલીદાસ મેઘાણીની કહાની.....**

# ભીકાજી કામાઃ વિદેશમાં પ્રથમ વાર ભારતીય ઝંડો ફરકાવનાર મહિલા



**જન્મઃ 24 સપ્ટેમ્બર, 1861,**
**મૃત્યુઃ 13 ઓગસ્ટ,1936**

ભારતની આઝાદીના ચાર દાયકા પહેલાં વર્ષ 1907માં વિદેશમાં પ્રથમ વાર ભારતનો ઝંડો લહેરાવનાર એક મહિલા હતી, જેમનું નામ મેડમ ભીકાજી રૂસ્તમ કામા હતું. તેમણે જર્મનીના સ્ટુટગાર્ટમાં યોજાયેલી બીજી ઈન્ટરનેશનલ સોશિયલિસ્ટ કોંગ્રેસમાં આ ધ્વજ ફરકાવ્યો હતો. આ ઝંડો આજના ઝંડાથી અલગ અને સ્વતંત્રતા પહેલાં બનાવવામાં આવેલાં અનેક અનૌપચારિક ઝંડામાંથી એક હતો. મેડમ કામાનાં નામથી લોકપ્રિય ભીકાજી કામાનો જન્મ 24 સપ્ટેમ્બર, 1861નાં રોજ મુંબઈના પારસી પરિવારમાં થયો હતો. મુંબઈ પ્રેસિડન્સીમાં 1896માં દુકાળ અને પછી પ્લેગ ફેલાયો ત્યારે ભીકાજીએ લોકોની ખૂબ સેવા કરી અને તેમને પણ પ્લેગ થઈ ગયો. પ્લેગની સારવાર માટે તેઓ લંડન ગયા ત્યાં તેમની મુલાકાત રાષ્ટ્રવાદી શ્યામજી કૃષ્ણ વર્મા અને દાદાભાઈ નવરોજી સાથે થઈ.

તેમની પ્રેરણાથી મેડમ કામા ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં જોડાઈ ગયા. એ પછી મેડમ કામાએ 1905માં લંડનમાં ઈન્ડિયન હોમ રૂલ સોસાયટીની સ્થાપનામાં મદદ કરી, બાદમાં તેઓ પેરિસ જતા રહ્યા અને પેરિસ ઈન્ડિયન સોસાયટીની સ્થાપનામાં મદદ કરી. વિદેશમાં રહીને ભારતીય આઝાદીના આંદોલનમાં સામેલ અનેક લોકો સાથે મળીને તેમણે ક્રાંતિકારી સાહિત્ય લખ્યું અને તેને પ્રકાશિત કરીને લોકો સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી. તેમનાં લેખ અને ભાષણથી ક્રાંતિકારીઓને પ્રેરણા મળી. ભારતીય સ્વતંત્રતા માટે સતત સક્રિય મેડમ કામાએ જર્મનીના સ્ટુટગાર્ટમાં યોજાયેલી બીજી સોશિયલિસ્ટ કોંગ્રેસમાં ભાગ લીધો હતો. 22 ઓગસ્ટ, 1907નાં રોજ યોજાયેલા આ સંમેલનમાં તેમણે માનવાધિકાર અને સમાનતાના સવાલ ઉઠાવ્યા અને બ્રિટિશ શાસનમાંથી ભારતને આઝાદી અપાવવાની અપીલ પણ કરી હતી. કામાએ ત્યાં બ્રિટિશ ઝંડો જોયો તો તેની હટાવીને ભારતનો નવો ઝંડો ફરકાવી દીધો, જેને તેમણે ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ કહ્યો હતો. બાદમાં આ ઝંડાને ભારત લાવવામાં આવ્યો અને પૂણેના મરાઠા અને કેસરી પુસ્તકાલયમાં રાખવામાં આવ્યો. મેડમ કામાએ ડિઝાઈન કરેલા આ ઝંડાનાં આધારે જ ભારતીય સ્વાભિમાનનાં પ્રતીક સમાન વર્તમાન ધ્વજને બનાવવામાં આવ્યો. સ્વતંત્રતા માટે મેડમ કામાનો સંઘર્ષ અને ત્યાગનાં વારસાનું ભારતે સન્માનપૂર્વક જતન કર્યું છે.

> કામાએ જર્મનીમાં સંમેલનમાં બ્રિટિશ ઝંડો જોયો તો તેને હટાવીને ભારતનો ઝંડો સભામાં ફરકાવી દીધો, જેમને તેમણે ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ કહ્યો.

26 જાન્યુઆરી, 1962નાં રોજ ટપાલ વિભાગે તેમની સ્મૃતિમાં ટપાલ ટિકિટ જારી કરી હતી. મેડમ કામા ધીરજ, પ્રતિબધ્ધતા અને રાષ્ટ્ર પ્રેમનું ઉદાહરણ છે. મુંબઈ સ્થિત રાજભવનમાં જલ ભૂષણ ભવન અને ક્રાંતિકારીઓની ગેલેરીનું ઉદઘાટન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેડમ કામાનાં યોગદાનને યાદ કરતા જણાવ્યું હતું કે, "મેડમ ભીકાજી કામાએ પોતાના સાધન સંપન્ન જીવનનો ત્યાગ કરીને આઝાદીની મશાલ પ્રજ્વલિત કરી હતી. આપણા વર્તમાન ત્રિરંગાની પ્રેરણાનો સ્ત્રોત મેડમ કામા અને શ્યામજી કૃષ્ણ વર્મા જેવા સેનાની હતા. સામાજિક, પારિવારિક, વૈચારિક ભૂમિકા કોઈ પણ હોય, આંદોલન દેશ-વિદેશમાં ગમે ત્યાં હોય, લક્ષ્ય એક જ હતો. ભારતની સંપૂર્ણ આઝાદી." 13 ઓગસ્ટ, 1936નાં રોજ 74 વર્ષની ઉંમરે મેડમ કામાએ પારસી જનરલ હોસ્પિટલમાં જીવનનો અંતિમ શ્વાસ લીધો.

# સુંદર શાસ્ત્રી સત્યમૂર્તિઃ મદ્રાસ પાસે જળાશયનું નિર્માણ કરાવ્યું



જન્મઃ 18 ઓગસ્ટ, 1887,
મૃત્યુઃ 28 માર્ચ, 1943

બંગાળનાં ભાગલા હોય કે રોલેટ એક્ટ, જલિયાંવાલા બાગ હત્યાકાંડ હોય કે સાઇમન કમિશનનો વિરોધ, સત્યમૂર્તિ હંમેશા સૌથી આગળ રહ્યા

સવિનય કાનૂન ભંગ અને ભારત છોડો આંદોલનમાં ભાગ લેનાર ભારતના પ્રસિધ્ધ ક્રાંતિકારી નેતા એસ સત્યમૂર્તિ મહાન વકતા, શિક્ષણવિદ અને કલા પારખુની સાથે સાથે ત્યાગ અને સાહસની મૂર્તિ પણ હતા. તેમણે શિક્ષણ અને સમાજ કલ્યાણનાં ક્ષેત્રમાં આજીવન યોગદાન આપ્યું. વ્યવસાયે વકીલ સુંદર શાસ્ત્રી સત્યમૂર્તિ બહુ નાની ઉંમરમાં જ રાષ્ટ્રીય આંદોલનથી પ્રભાવિત થયા હતા. દેશને આઝાદ કરાવવાની ઇચ્છા તેમને ક્રાંતિનાં માર્ગ પર લઈ ગઈ હતી. ઉત્કૃષ્ટ અને પ્રભાવશાળી વક્તા એસ સત્યમૂર્તિ તામિલનાડુના પુદુકોટ્ટઇ રજવાડાના તિરુમયમના નિવાસી હતા. તેમનો જન્મ 19 ઓગસ્ટ, 1887નાં રોજ થયો હતો. પરંપરાગત વાતાવરણમાં તેમનો ઉછેર થયો અને મદ્રાસમાં અભ્યાસ પૂરો કર્યા પછી તેમણે થોડો સમય વકીલાત કરી. બાદમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં સામેલ થઈ ગયા. તેમણે સામ્રાજ્યવાદી શાસનનાં વિરોધમાં સક્રિય રીતે ભાગ લીધો. બંગાળનું વિભાજન હોય કે રોલેટ એક્ટ, જલિયાંવાલા બાગ હત્યાકાંડ હોય કે સાઇમન કમિશનનો વિરોધ. સત્યમૂર્તિ હંમેશા આગળ રહ્યા. તેઓ વાયકોમ સત્યાગ્રહ, મીઠાના સત્યાગ્રહ અને ગુરવાયર મંદિરના આંદોલનમાં પણ સામેલ રહ્યા. તેમણે સ્વદેશી આંદોલનમાં પણ ભાગ લીધો. 1919માં કોંગ્રેસે તેમને બ્રિટનમાં રોલેટ એક્ટ અને મોન્ટેગુ ચેમ્સફોર્ડ સુધારાનો વિરોધ કરવા માટે પોતાના પ્રતિનિધિ તરીકે પસંદ કર્યા. તેઓ પ્રારંભમાં ગાંધીવાદી હતા અને પછી કોંગ્રેસ સોશ્યલિસ્ટ બની ગયા. સત્યમૂર્તિ, સીઆર દાસ અને મોતીલાલ નહેરુ જેવા વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ સાથે સ્વરાજ પાર્ટીમાં સામેલ થયા. સત્યમૂર્તિ, સીઆર દાસ અને મોતીલાલ નહેરુ જેવા વરિષ્ઠ કોંગ્રેસી નેતાઓ સાથે સ્વરાજ પાર્ટીમાં સામેલ થયા. 1930માં મદ્રાસમાં એક મંદિરમાં ત્રિરંગો ફરકાવવાનો પ્રયત્ન કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી. 1937માં મદ્રાસ વિધાનસભામાં કોંગ્રેસની જીતમાં સત્યમૂર્તિએ મહત્વની ભૂમિકા ભજવી હતી. 1939માં તેઓ મદ્રાસમાં મેયર બન્યા ત્યારે શહેરમાં પાણીની સમસ્યા હતી, જેને દૂર કરવા માટે તેમણે જળાશયનું નિર્માણ કરવાનું વિચાર્યું. દૂરદ્રષ્ટા રાજનીતિજ્ઞ સત્યમૂર્તિએ જળ પુરવઠો વધારવા માટે શહેરથી 50 કિલોમીટર દૂર પૂંડીમાં જળાશયનું નિર્માણ કર્યું. મહત્વની વાત એ છે કે આજે પણ ચેન્નાઇ માટે આ એક માત્ર જળાશય છે. આટલું જ નહીં, તેઓ વિવિધ સમાજસેવી સંગઠનોના સ્વયંસેવકોની મદદથી મદ્રાસ શહેર માટે સૌંદર્યીકરણ યોજના લાગુ કરનાર પ્રથમ વ્યક્તિ હતા. 1942માં ભારત છોડો આંદોલન શરૂ થયા બાદ અંગ્રેજોએ તેમની ધરપકડ કરી લીધી અને તેમની હેરાનગતિ કરી. તેમનાં પર કેસ ચલાવવમાં આવ્યો અને જેલવાસની સજા સંભળાવીને તેમને અમરાવતી જેલમાં મોકલી દીધા. જેલમાં મજૂર કરાવી હોવાતી તેમનાં આરોગ્ય પર ગંભીર અસર પડી. આ દરમિયાન, તેમને કરોડરજ્જુની સમસ્યા પણ થઈ. 28 માર્ચ, 1943નાં રોજ મદ્રાસની જનરલ હોસ્પિટલમાં તેમનું અવસાન થઈ ગયું. સત્યમૂર્તિને એક અન્ય સ્વતંત્રતા સેનાની કે કામરાજના ગુરૂ તરીકે પણ યાદ કરવામાં આવે છે, જેઓ બાદમાં તામિલનાડુના મુખ્યમંત્રી બન્યા. સત્યમૂર્તિ લોક કલામાં પણ નિપુણ હતા. તેઓ કર્ણાટક લોક કલામાં પારંગત હતા. તેમણે મદ્રાસમાં સંગીત અકાદમીની સ્થાપનામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. સત્યમૂર્તિ લોકનેતા હતા, જે હંમેશા સામાન્ય માણસોનાં હિત માટે કામ કરતા રહ્યા.



# કે કેલપ્પનઃ કેરળના ગાંધી તરીકે જાણીતા સ્વતંત્રતા સેનાની

જન્મઃ 24 ઓગસ્ટ, 1889 મૃત્યુઃ 7 ઓક્ટોબર, 1971

કેરળના અગ્રણી સ્વતંત્રતા સેનાનીઓમાંના એક કે કેલપ્પને સમાજ સુધારક, શિક્ષણવિદ્ અને પત્રકાર તરીકે પણ અમીટ છાપ છોડી. 24 ઓગસ્ટ, 1889નાં રોજ કાલીકટ પાસે નાના ગામમાં જન્મેલા કેલપ્પને બે લડાઈ લડી-એક સામાજિક સુધારાઓ માટે અને બીજી અંગ્રેજો સામે. કેલપ્પનને તેમના સ્વભાવ અને અહિંસાના ગુણોને કારણે કેરળના ગાંધી તરીકે ઓળખવામાં આવે છે. કેરળનાં લોકોને કેલપ્પનનાં માધ્યમથી ગાંધીવાદી આદર્શોનો પરિચય થયો. કેલપ્પને મહાત્મા ગાંધીનાં નેતૃત્વ હેઠળ અસહકારની ચળવળનો ભાગ બનવાનો નિર્ણય લીધો. એ પછી તેમને રોકનારું કોઇ ન હતું. કેલપ્પને પય્યાનૂર અને કાલીકટ મીઠાના સત્યાગ્રહોનું નેતૃત્વ કર્યું અને મહાત્મા ગાંધી દ્વારા શરૂ કરવામાં આવેલા વ્યક્તિગત સત્યાગ્રહ આંદોલનમાં કેરળનાં પ્રથમ સત્યાગ્રહી તરીકે પસંદ કરવામાં આવ્યા. 1932માં વાયકોમ સત્યાગ્રહ અને ગુરવાયર સત્યાગ્રહને કારણે કેલપ્પન કેરળના સ્વતંત્રતા સંગ્રામમાં જાણીતા બન્યા. 1942માં ભારત છોડો આંદોલનમાં ભાગ લેવા બદલ

# ઝવેરચંદ કાલિદાસ મેઘાણીઃ જેમને ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર' કહ્યા હતા



જન્મઃ 28 ઓગસ્ટ, 1896

મૃત્યુઃ 9 માર્ચ, 1947

**મેઘાણીએ 1930માં શૌર્ય ગીતોનો સંગ્રહ 'સિંધુડો' પ્રસિધ્ધ કર્યો જેમાં મીઠા અને ધોલેરા સત્યાગ્રહોની પ્રશંસા કરવામાં આવી હતી. બ્રિટિશ સરકારે તે પુસ્તક પર પ્રતિબંધ મૂકી દીધો.**

ચોટીલામાં જન્મ લેવાને કારણે ખુદને 'પહાડનું બાળક' કહેનાર ઝવેરચંદ મેઘાણી કવિ, શાયર, લેખક, લોક સાહિત્યના સંશોધક અને સંપાદક હતા. 28 ઓગસ્ટ, 1896નાં રોજ જન્મેલા ઝવેરચંદ મેઘાણીને ગાંધીજીએ 'રાષ્ટ્રીય શાયર'ની ઉપમા આપી હતી. નાનપણથી જ તેમને સાહિત્યમાં રસ હતો. તેમણે પોતાની પ્રથમ કવિતા માત્ર 12 વર્ષની ઉંમરમાં લખી હતી. તેમણે સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યમાં ડિગ્રી મેળવી હતી. બ્રિટિશ સરકારના અત્યાચાર અંગે લોકોને જાગૃત કરવા તેઓ લોકગીત ગાતા હતા. દેશના લોકગીતની પંરપરાને જીવિત રાખવાનું કામ પણ તેમણે કર્યું. તેમણે 1930માં શૌર્ય ગીતોનો સંગ્રહ 'સિંધુડો' પ્રસિધ્ધ કર્યો જેમાં મીઠા અને ધોલેરા સત્યાગ્રહોની પ્રશંસા કરવામાં આવી હતી. બ્રિટિશ સરકારે તે પુસ્તક પર પ્રતિબંધ મૂકી દીધો અને તમામ નકલો જપ્ત કરી લીધી. પણ સરકાર લોકોનાં અવાજને દબાવી ન શકી અને ખાનગીમાં પુસ્તકની નકલો વિતરીત થતી રહી. અંગ્રેજોએ તેમનાં પર રાજદ્રોહનો આરોપ લગાવીને અદાલતમાં હાજર રહેવાનું સમન મોકલ્યું અને તેમને બે વર્ષન સજા ફરમાવીને સાબરમતી જેલમાં પૂરી દીધા. પણ ગાંધી-ઈરવિન સમજૂતિ બાદ 1931માં તેમને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા. બીજી ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધીને તેમણે 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું, જેને વાંચીને ગાંધીજીએ કહ્યું કે, "એમ લાગે છે કે મેઘાણી મારી આત્મામાં પ્રવેશી ગયા છે અને આ કવિતાનાં માધ્યમથી મારા મસ્તિષ્કને સંપૂર્ણ રીતે વશમાં કરી લીધું છે." અને તેમણે મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું ઉપનામ આપ્યું.

સરદાર વલ્લભભાઈ પટેલે પણ મેઘાણીની પ્રશંસા કરતા કહ્યું હતું, મેઘાણીનો સ્વર સાહસથી ઓતપ્રોત હતો. મેઘાણીએ 100થી વધુ પુસ્તકો લખ્યા છે. તેમનું પ્રથમ પુસ્તક કુરબાનીની કથાઓ હતું, જે રવિન્દ્રનાથ ટાગોરની 'કોથા ઓ કાહિની'નો અનુવાદ હતો. આ પુસ્તક પ્રથમ વાર 1922માં પ્રકાશિત થયું હતું. તેઓ જન્મભૂમિ જૂથના ફુલછાબ અખબારના સંપાદક પણ રહ્યા. જો કે ગુજરાતી સાહિત્યમાં તેમનું અભૂતપુર્વ કાર્ય હતું લોક સાહિત્યનું સંશોધન, સંપાદન અને પ્રકાશન. ૯ માર્ચ ૧૯૪૭નાં રોજ ૫૦ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાથી બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું. ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ તેમના માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

તેમને જેલમાં પૂરવામાં આવ્યા. ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પોતાની ભૂમિકા ઉપરાંત તેમણે સમાજનાં કચડાયેલા લોકોનાં ઉત્થાન માટે પણ પ્રયત્ન કર્યા. તેમણે અસ્પૃશ્યતા નાબૂદી માટે ખૂબ મહેનત કરી અને હરિજનોનાં ઉત્થાન માટે પણ કામ કર્યું. તેમણે કેરળમાં હરિજન હોસ્ટેલ અને સ્કુલની પણ સ્થાપના કરી. તેઓ સ્વદેશી આંદોલનમાં સૌથી આગળ હતા અને તેમણે ખાદી અને ગ્રામોદ્યોગને પ્રોત્સાહન આપવાનું પણ કામ કર્યું. ભારતની સ્વતંત્રતા માટે પ્રતિબધ્ધ કેલપ્પનની મહત્વની સફળતાઓમાંની એક છે ગુરવાયુરનો લોકમત. અહીં થયેલા લોકમતને કારણે સવર્ણ જાતિનું પ્રભુત્વ ધરાવતા અનેક ખાનગી મંદિરોનાં દ્વાર અન્ય વર્ગનાં લોકો માટે ખોલવામાં આવ્યા.

નાયર સર્વિસ સોસાયટીના સંસ્થાપક અને અધ્યક્ષ તરીકે કેલપ્પનના સુધારાવાદી અભિગમની આજે પણ પ્રશંસા કરવામાં આવે છે. સ્વતંત્રતા બાદ તેમણે મલયાલમ ભાષી લોકોનાં ત્રણ રજવાડાનું એકીકરણ કરીને કેરળ રાજ્યની રચનામાં મહત્વની ભૂમિકા ભજવી. 1952માં તેઓ સંસદસભ્ય તરીકે ચૂંટાયા. પોતાના કાર્યકાળના અંતમાં તેમણે સક્રિય રાજકારણ છોડી દીધું અને સર્વોદય કાર્યકર્તા બની ગયા. તેઓ કેરળમાં ભૂદાન આંદોલનમાં સક્રિય રીતે જોડાઈ ગયા. તેઓ કેરળનાં લગભગ તમામ ગાંધીવાદી સંગઠનોના અધ્યક્ષ રહ્યા. ઈતિહાસ તેમને એવા નિઃસ્વાર્થ વ્યક્તિ તરીકે યાદ કરે છે જેમને ક્યારેય સત્તાનો મોહ ન હતો. તેઓ ગાંધીજીનાં આદર્શો પર ચાલ્યા અને સેવક તરીકે જીવ્યા. માતૃભૂમિ અખબારના શતાબ્દી વર્ષ સમારોહનાં ઉદઘાટન પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 'કેરળના ગાંધી' કે કેલપ્પનને યાદ કર્યા હતા. 7 ઓક્ટોબર, 1971નાં રોજ તેમનું અવસાન થયું હતું.●

## ઇઝ ઓફ જસ્ટીસ

# સરળતાથી ન્યાય તરફ આગળ વધતું ભારત




**કહેવાય છે કે 'ન્યાયમાં વિલંબ એ ન્યાયનો ઈનકાર' છે.. આ મંત્ર સાથે છેલ્લાં આઠ વર્ષમાં દેશના ન્યાય માળખાને મજબૂત કરવા માટે ઝડપી કામ કરવામાં આવ્યું છે. 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' અને 'ઇઝ ઓફ લિવિંગ' બાદ હવે અમૃત યાત્રામાં 'ઇઝ ઓફ જસ્ટીસ' પણ સરકારની પ્રાથમિકતામાં છે. સુગમતાથી ન્યાયના આ વિચાર સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 30 જૂલાઇનાં રોજ નવી દિલ્હીનાં વિજ્ઞાન ભવનમાં પ્રથમ અખિલ ભારતીય જિલ્લા કાનૂની સેવા સત્તામંડળને સંબોધન કર્યું...**

ભારતમાં ન્યાય અંગે કહેવામાં આવ્યું છે, अंगेन गात्रं नयनेन वक्त्रं, न्यायेन राज्यं लवणेन भोज्यम्॥ એટલે કે જે રીતે વિવિધ અંગોથી શરીરની, આંખોથી ચહેરાની અને મીઠાથી ભોજનની સાર્થકતા પૂરી થાય છે એ રીતે દેશ માટે ન્યાય પણ મહત્વનો છે. દેશનાં નાનામાં નાના માણસને પણ એ વિશ્વાસ હોય છે કે જો કોઇ તેની વાત નહીં સાંભળે તો છેવટે અદાલતનાં દ્વાર તો ખુલ્લા જ છે. ન્યાય પરનો આ ભરોસો દરેક દેશવાસીને એ અહેસાસ કરાવે છે કે દેશની વ્યવસ્થા તેનાં અધિકારોનું રક્ષણ કરી રહી છે. આ વિચાર સાથે દેશમાં રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની સ્થાપના કરવામાં આવી હતી જેથી નબળાથી નબળા માણસને પણ ન્યાયનો અધિકાર મળે. પ્રથમ અખિલ ભારતીય જિલ્લા ન્યાય સેવા સત્તામંડળ સંમેલનનાં ઉદઘાટન સત્રને સંબોધન કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું, "આ સમય આપણી આઝાદીનો અમૃત કાળનો સમય છે. આ સમય એ સંકલ્પોનો સમય છે જે આગામી 25 વર્ષમાં દેશને નવી ઊંચાઇ પર લઈ જશે. દેશની આ અમૃત યાત્રામાં વેપાર કરવામાં સરળતા અને જીવનમાં સરળતાની જેમ ન્યાયમાં પણ સરળતા એટલી જ જરૂરી છે." વડાપ્રધાન મોદીએ કહેલા આ શબ્દોની ઝલક છેલ્લાં આઠ વર્ષમાં ન્યાયનું માળખું મજબૂત કરવા માટે ઝડપથી કરવામાં આવેલા કામમાં જોવા મળે છે. સાથે સાથે, ન્યાયિક માળખાને આધુનિક બનાવવા માટે દેશમાં 9000 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે અને કોર્ટ હોલની સંખ્યા પણ વધી છે. કાનૂની માળખાનાં નિર્માણથી ન્યાય પ્રદાન કરવાની પ્રક્રિયામાં પણ ઝડપ આવશે. વડાપ્રધાને આ પ્રસંગે 'મફત કાનૂની મદદનાં અધિકાર' પર એક સ્મૃતિ ટપાલ ટિકિટ પણ જારી કરી. ●

### રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ ન્યાયમાં મદદ કરે છે

- દેશમાં કુલ 676 જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ છે. આ સત્તામંડળોનું નેતૃત્વ જિલ્લા ન્યાયાધીશ કરે છે, જે તેનાં અધ્યક્ષ તરીકે કામ કરે છે.
- જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળનાં માધ્યમથી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા વિવિધ કાનૂની સહાયતા અને જાગૃતિ કાર્યક્રમ ચલાવવામાં આવે છે.
- જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આયોજિત લોક અદાલત, અદાલતો પરનું ભારણ ઘટાડવામાં પણ મદદરૂપ નીવડે છે.
- રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તામંડળે 30-31 જુલાઇ, 2022 દરમિયાન નવી દિલ્હીનાં વિજ્ઞાન ભવનમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળનું રાષ્ટ્રીય સ્તરનું પ્રથમ સંમેલન યોજ્યું.
- આ સંમેલનમાં ગરીબો અને સમાજમાં કોરાણે મૂકાઇ ગયેલા લોકોને અસરકારક કાનૂની મદદ પૂરી પાડવા માટે સંયુક્ત કાર્ય પ્રક્રિયાનાં અમલીકરણ પર ચર્ચા કરવામાં આવી.



**PMO India** @PMOIndia ·
ये समय हमारी आजादी के अमृतकाल का समय है।

ये समय उन संकल्पों का समय है जो अगले 25 वर्षों में देश को नई ऊंचाई पर ले जाएंगे।

देश की इस अमृतयात्रा में Ease of Doing Business और Ease of Living की तरह ही Ease of Justice भी उतना ही जरूरी है: PM @narendramodi



**Rajnath Singh** @rajn...
PoK भारत का हिस्सा है, हम यह मानते हैं। संसद में इस बारे में सर्वसम्मत प्रस्ताव भी पारित है।

यह कैसे हो सकता है कि शिव के स्वरूप बाबा अमरनाथ हमारे पास हों, पर शक्ति स्वरूपा शारदा जी का धाम LoC के उस पार रहे...



**Amit Shah** @AmitShah
राष्ट्रीय शिक्षा नीति को लेकर पूरे देश में जो उत्साह देखने को मिला है, उसमें ही नई शिक्षा नीति की सफलता का बीज है, जो आगे चलकर एक वटवृक्ष बनेगा।

मुझे विश्वास है कि नई शिक्षा नीति के माध्यम से हम भारत को शिक्षा की दृष्टि से विश्व में पुनः महाशक्ति बनते देख पायेंगे।
#2YearsOfNEP



**Nitin Gadkari** @nitin_gadkari ·
देश में इन्फ्रास्ट्रक्चर विकास के साथ साथ पर्यावरण के संवर्धन के लिए हम कटिबद्ध हैं। आदरणीय प्रधानमंत्री श्री @narendramodi जी के मार्गदर्शन में हम राष्ट्रीय राजमार्ग निर्माण प्रक्रिया में पेड़ काटने की जगह उसे ट्रान्सप्लांट करने पर जोर दे रहे हैं।
#PragatiKaHighway #PalkhiMarg



**Dharmendra Pradhan** @dpr...
नई राष्ट्रीय शिक्षा नीति शिक्षा व्यवस्था को पराधीनता की मानसिकता से निकालकर भारतीयता के मूल्यों की ओर ले जाने व भारत को एक ज्ञान आधारित अर्थव्यवस्था के रूप में स्थापित करने का रोडमैप है।

#NEP2020 के प्रभावी कार्यान्वियन के लिए आज पूरा देश शिक्षा समुदाय के प्रति आशावान है।



**Arjun Munda** @Mund...
प्रधानमंत्री जी के कार्यकाल के पिछले 8 वर्षों में जनजातीय परिप्रेक्ष्य में कई विकासात्मक कार्य हुए हैं।
जनजातीय समाज जो आदि संस्कृति और आत्म-स्वाभिमान के साथ जिया है, उसे बढ़ाने के बहुत सारे फैसले मोदी जी के नेतृत्व वाली केंद्र सरकार द्वारा लिए गए हैं।
हम सबके लिए सौभाग्य की बात है कि एक आदिवासी समाज की महिला भारत के राष्ट्रपति पद को सुशोभित करने जा रही है।
आजादी के लंबे कालखंड के बाद भारत और भारत का जनजातीय समाज नए अवसरों के साथ आगे बढ़ रहा है।

प्रधानमंत्री ने मन की बात कार्यक्रम में आजादी के आंदोलन में आहुति देने वाले योद्धाओं को नमन किया

## ऐतिहासिक रेलवे स्टेशनों का दौरा कर उनके महत्व को समझें: मोदी



औषधीय पौधों पर शोध में भी बहुत वृद्धि

वोकल फॉर लोकल की गूंज सुनाई दे रही

भारतीय खिलौने खरीदने का आह्वान

कन्नडार्थी अभियान

पारंपरिक चिकित्सा पद्धति

गोमो रेलवे स्टेशन का भी जिक्र किया

मन की बात : पीएम ने घरों पर तिरंगा फहराने की अपील की

## 2 से 15 अगस्त तक तिरंगे को बनाएं प्रोफाइल फोटो : मोदी



24 राज्यों के 75 स्टेशनों पर होंगे विभिन्न कार्यक्रम

आयुष उत्पादों के निर्यात में रिकॉर्ड तेजी

खिलौनों के आयात में आई 70% की कमी

## 44वें शतरंज ओलंपियाड का जोश के साथ रंगारंग उद्घाटन





## जन आंदोलन का रूप ले रहा अमृत महोत्सव : मोदी

■ नई दिल्ली (भाषा)।

प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को कहा कि आजादी की 75वीं वर्षगांठ के अवसर पर मनाया जा रहा 'अमृत महोत्सव' एक जन आंदोलन का रूप ले रहा है और सभी क्षेत्रों एवं समाज के हर वर्ग के लोग इससे जुड़े अलग-अलग कार्यक्रमों में हिस्सा ले रहे हैं।

आकाशवाणी के मासिक रेडियो कार्यक्रम 'मन की बात' के 91वें संस्करण में देशवासियों से संवाद करते हुए प्रधानमंत्री ने 'हर घर तिरंगा' अभियान का उल्लेख किया और लोगों से 13 से 15 अगस्त तक अपने घरों में तिरंगा फहराकर इस आंदोलन का हिस्सा बनने तथा दो अगस्त से 15 अगस्त के बीच अपने सोशल मीडिया खातों के प्रोफाइल फोटो में तिरंगा लगाने का भी आग्रह किया। उन्होंने कहा, इस आंदोलन का हिस्सा बनकर आप अपने घर पर तिरंगा जरूर फहराएं या उसे अपने घर पर लगाएं। तिरंगा हमें जोड़ता है, हमें देश के लिए कुछ करने के लिए प्रेरित करता है। प्रधानमंत्री ने अपने संबोधन की शुरुआत में आजादी के आंदोलन में आहुति देने वाले योद्धाओं को नमन किया और 'अमृत महोत्सव' अभियान के तहत देश भर में आयोजित किए जा रहे विभिन्न कार्यक्रमों का जिक्र किया। उन्होंने इस कड़ी में मेघालय में स्वतंत्रता सेनानी यू. टिरोत सिंह की पुण्यतिथि पर आयोजित विभिन्न कार्यक्रमों, कर्नाटक में अमृता भारती कन्नडार्थी नाम के अभियान और स्वतंत्रता आंदोलन के इतिहास से जुड़े रेलवे स्टेशनों पर आयोजित किए जा रहे कार्यक्रमों का उल्लेख किया। उन्होंने कहा कि ऐसे कार्यक्रमों की एक लंबी सूची है। उन्होंने देशवासियों से ऐसे कार्यक्रमों में शिरकत करने की अपील भी की।





■ 13 से 15 अगस्त तक अपने घरों में तिरंगा फहराकर 'हर घर तिरंगा' अभियान का हिस्सा बने लोग

उन्होंने कहा, आजादी के अमृत महोत्सव के तहत हो रहे इन सभी आयोजनों का सबसे बड़ा संदेश यही है कि हम सभी देशवासी अपने कर्तव्य का पूरी निष्ठा से पालन करें, तभी हम अनगिनत स्वतंत्रता सेनानियों का सपना पूरा कर पाएंगे, उनके सपनों का भारत बना पाएंगे।

अपने मासिक रेडियो कार्यक्रम 'मन की बात' में कोविड-19 महामारी का जिक्र करते हुए प्रधानमंत्री ने कहा कि इसके खिलाफ देशवासियों की लड़ाई अभी जारी है और पूरी दुनिया आज भी इससे जूझ रही है। मोदी ने कोरोना वायरस के खिलाफ लड़ाई में भारतीय पारम्परिक चिकित्सा पद्धतियों के योगदान का विस्तार से जिक्र किया और कहा कि आयुष ने वैश्विक स्तर पर इसमें अहम भूमिका निभाई है।

मोदी ने कहा कि विदेशी खिलौनों के आयात में 70 प्रतिशत तक की कमी आई है जबकि भारतीय खिलौनों का निर्यात 300 से 400 करोड़ रुपये से बढ़कर 2,600 करोड़ रुपए का हो गया है। भारतीय खिलौनों को परंपरा और प्रकृति के अनुरूप बताते हुए उन्होंने कहा कि देश के युवाओं, स्टार्ट-अप और उद्यमियों की बदौलत भारतीय खिलौना उद्योग ने जो सफलता हासिल की है, उसकी किसी ने कल्पना भी नहीं की होगी।

### स्वतंत्रता आंदोलन से जुड़े रेलवे स्टेशनों को दौरा करें : मोदी

नई दिल्ली (एसएनबी)। प्रधानमंत्री नरेंद्र मोदी ने रविवार को कहा कि देश में अनेक ऐसे रेलवे स्टेशन हैं, जो स्वतंत्रता आंदोलन के इतिहास से जुड़े हैं। उन्होंने लोगों से ऐसे नजदीकी रेलवे स्टेशन पर जाने और स्वतंत्रता आंदोलन में उनके महत्व को समझने का आग्रह किया।

उन्होंने अपने मासिक रेडियो कार्यक्रम मन की बात में कहा कि आजादी की 75वीं वर्षगांठ के अवसर पर मनाए जा रहे 'अमृत महोत्सव' के तहत रेलवे ने 18 जुलाई से 23 जुलाई के बीच 'आजादी की रेल गाड़ी और रेलवे स्टेशन' सप्ताह मनाया। इसमें 27 रेलगाड़ियों और देश के 24 राज्यों के 75 रेलवे स्टेशनों को शामिल किया गया था। प्रधानमंत्री ने कहा कि इस प्रयास का लक्ष्य है कि लोग आजादी की लड़ाई में भारतीय रेल की भूमिका को जानें।

## मजबूत सरकार का मतलब हर चीज को नियंत्रित करना नहीं : मोदी

राजनीतिक शिष्टाचार



## प्रधानमंत्री ने दूसरी बार की मधुमक्खी पालक सुभाष की तारीफ

नरेंद्र मोदी ने मन की बात कार्यक्रम में किया जिक्र, सुभाष बोले- मेरे लिए गर्व की बात



## राष्ट्रपति और पीएम ने दी जेरेमी को बधाई

नई दिल्ली, (भाषा): प्रधानमंत्री नरेंद्र मोदी और राष्ट्रपति द्रौपदी मुर्मू ने रविवार को बर्मिंघम राष्ट्रमंडल खेलों में स्वर्ण पदक जीतने के लिए भारोतोलक जेरेमी लालरिननुंगा को बधाई देते हुए कहा कि बेहद कम उम्र में उन्होंने देश को गौरवान्वित किया है। उन्नीस साल के जेरेमी ने खेलों के दो नए रिकॉर्ड के साथ बर्मिंघम राष्ट्रमंडल खेलों में भारत के लिए दूसरा स्वर्ण पदक जीता। मोदी ने ट्वीट किया, ''हमारी युवा शक्ति इतिहास रच रही है! जेरेमी को बधाई जिन्होंने अपने पहले ही राष्ट्रमंडल खेलों में स्वर्ण पदक जीता और राष्ट्रमंडल खेलों में शानदार रिकॉर्ड बनाया।''





राष्ट्रपति द्रौपदी मुर्मू ने बर्मिंघम में चल रहे राष्ट्रमंडल खेलों में स्वर्ण पदक जीतने के लिए रविवार को भारोतोलक जेरेमी लालरिननुंगा को बधाई दी और उन्हें इस तरह के और गौरवपूर्ण लम्हों के लिए शुभकामनाएं दी। मुर्मू ने ट्वीट किया, ''राष्ट्रमंडल खेलों में भारोत्तोलन का स्वर्ण पदक जीतने के लिए जेरेमी लालरिननुंगा को बधाई। स्पर्धा के दौरान चोट के बावजूद अपने आत्मविश्वास के कारण आप इतिहास रच पाए और करोड़ों लोगों को आपने प्रेरित किया।

RNI No. :
DELGUJ/2020/78810
August: 16-31, 2022

New India SAMACHAR
Fortnightly

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 13-17 advance Fortnightly (Publishing Date August 3, 2022, Pages - 56)

# ‘ભારત રત્ન’ ભૂતપુર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની
# બીજી પૂણ્યતિથી પર કૃતજ્ઞ રાષ્ટ્રનાં નમન..
## પૂણ્યતિથીઃ 31 ઓગસ્ટ



- **રાષ્ટ્રપતિ તરીકેઃ** રાષ્ટ્રપતિ પદ પર દેશ વિદેશમાં પોતાની વિદ્વતા અને અભ્યાસુ સ્વભાવ તથા ઈતિહાસ અને આંતરરાષ્ટ્રીય બાબતોમાં પોતાના જ્ઞાન દ્વારા રાષ્ટ્રનું સન્માન વધાર્યું.
- **મંત્રી તરીકેઃ** પ્રણવ મુખર્જીએ અનેક દાયકાના રાજકીય જીવન દરમિયાન મહત્વના આર્થિક અને વ્યૂહાત્મક મંત્રાલયોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. તેઓ અનેક દાયકાઓ સુધી ભારતીય રાજકારણના આકાશમાં ધ્રુવ તારાની જેમ કામ કરતા રહ્યા.
- **સાંસદ તરીકેઃ** પ્રણવ મુખર્જીના ભાષણો અને ચર્ચાએ દેશને નવી દિશા પ્રદાન કરી. તેઓ હંમેશા સજગ રહેતા હતા અને સાથે સાથે અત્યંત હાજર જવાબી પણ હતા.

તેઓ દેશ માટે પોતાની નિષ્કામ સેવા અને અમીટ યોગદાન માટે હંમેશા યાદ રહેશે....

“ભારત રત્ન પ્રણવ મુખર્જીએ દેશનાં વિકાસ પથ પર અમીટ છાપ છોડી. તેઓ એવા સર્વોત્કૃષ્ટ વિદ્વાન અને ઉમદા રાજનેતા હતા જેમનું સન્માન તમામ રાજકીય પક્ષો અને સમાજનાં તમામ વર્ગનાં લોકો કરતા હતા. ભારતના રાષ્ટ્રપતિ તરીકે પ્રણવ મુખર્જીએ રાષ્ટ્રપતિ ભવનને સામાન્ય નાગરિકો માટે વધુ સુલભ અને સહજ બનાવ્યું હતું. તેમણે રાષ્ટ્રપતિ ભવનને જ્ઞાન પ્રાપ્તિ, ઇનોવેશન, સંસ્કૃતિ, વિજ્ઞાન અને સાહિત્યનું ઉત્કૃષ્ટ કેન્દ્ર બનાવી દીધું હતું. મહત્વનાં નીતિવિષયક મુદ્દા પર તેમની જ્ઞાનપૂર્ણ સલાહને હું ક્યારેય નહીં ભૂલી શકું.”

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

Gujarati

Editor in Chief
Satyendra Prakash,
Principal Director General,
Press Information Bureau, New Delhi

Published & Printed by:
Manish Desai, Director General, on behalf of Central Bureau of Communication

Published from
Room No–278, Central Bureau of Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003

Printed at Aravali Printers & Publishers Pvt. Ltd., Okhla Industrial Area Phase-II, New Delhi-110020